Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 17 January, 2020 Vol. 16, No. 03 Pages 28 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# BCCIના કોન્ટ્રાક્ટ લિસ્ટમાંથી ધોનીની બાદબાકી

## ધોનીને બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીની કોઇ પણ કેટેગરીમાં સ્થાન મળ્યુ નથી

- માત્ર ૧૬ વન-ડે રમેલા રિષભ પંતને આશ્ચર્યજનક રીતે ગ્રેડ-એનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો
- કીપર બેટ્સમેન સંજૂ સેમસનને પણ કોન્ટ્રાક્ટ અપાયો નથી

મુંબઈ : બીસીસીઆઈ છ મહિનાથી દૂર રહેનાર મહેન્દ્રસિંહ ધોનીને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર કરી દીધો છે. ગુરુવારે જાહેર કરવામાં આવેલી કોન્ટ્રાક્ટની યાદીમાંથી ધોનીને બહાર રાખવામાં આવ્યો છે. નોંધનીય છે કે ઇંગ્લેન્ડ ખાતેની વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડ સામેની સેમિફાઈનલમાં હાર્યા બાદ ધોની ઈન્ટરનેશનલ ક્રિકેટથી સતત દૂર છે અને તે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. બીસીસીઆઈના આ નિર્ણયથી માનવામાં આવી રહ્યું છે કે ધોની માટે નેશનલ ટીમમાં પાછા ફરવા માટેનો રસ્તો હવે મુશ્કેલ બની ગયો છે. ધોનીને બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીની કોઈ પણ કેટેગરીમાં સ્થાન મળ્યું નથી. યાદીમાં નામ નહીં હોવાના કારણે બોર્ડે ધોનીને ઈશારો કરી દીધો છે તેમ માનવામાં આવી રહ્યું છે.



### કોને કેટલા પૈસા મળશે

ગ્રેડ- એ+ (૭ કરોડ): વિરાટ કોહલી, રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ

ગ્રેડ- એ (પાંચ કરોડ) : આર. અશ્વિન, રવીન્દ્ર જાડેજા, ભુવનેશ્વર, મોહમ્મદ શમી, ચેતેશ્વર પૂજારા, લોકેશ રાહુલ, અજિંક્ય રહાણે, શિખર ધવન, ઇશાન્ત શર્મા, કુલદીપ યાદવ, રિષભ પંત

ગ્રેડ- બી : (ત્રણ કરોડ) : રિદ્ધિમાન સાહા, ઉમેશ યાદવ, યૂઝવેન્દ્ર ચહલ, હાર્દિક પંડ્યા, મયંક અગ્રવાલ

ગ્રેડ-સી : (એક કરોડ) : કેદાર જાધવ, નવદીપ સૈની, દીપક ચહર, મનીષ પાંડે, હનુમા વિહારી, શાર્દુલ ઠાકુર, શ્રોયસ ઐયર, વોશિંગ્ટન સુંદર

### ઓક્ટોબર ૨૦૧૯થી સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીનો કરાર રહેશે

સુકાની વિરાટ કોહલી, રોહિત શર્મા, જસપ્રીત બુમરાહને ગ્રેડ-એ પ્લસમાં સ્થાન અપાયું છે. આ ગ્રેડમાં માત્ર ત્રણ ખેલાડીઓ છે. રવીન્દ્ર જાડેજા, ભ્રુવનેશ્વર, સમી, ચેતેશ્વર પૂજારા, લોકેશ રાહુલ, અજિંક્ય રહાણે, શિખર ધવન, ઇશાન્ત શર્મા, કુલદીપ યાદવ તથા વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતને ગ્રેડ-એમાં સામેલ કરાયા છે.

### યાદી તૈયાર કરાતા પહેલાં બીસીસીઆઈ દ્વારા મહેન્દ્રસિંહ ધોનીને જાણ કરવામાં આવી હતી

બીસીસીઆઇના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની યાદીમાંથી ધોનીની બાદબાકી નિવૃત્તિ હતી અને તેને નેશનલ પસંદગી સમિતિએ તૈયાર કરેલી યાદીને અંતિમ સ્વરૂપ અપાયું તે પહેલાં તેને જાણકારી આપી દેવામાં આવી હતી. જો ધોની ટી૨૦ ટીમમાં ફરીથી સામેલ થશે તો તેને કોન્ટ્રાક્ટ મળી શકે છે પરંતુ આ સંભાવના ઘણી ઓછી છે. બે વખતના વર્લ્ડ ચેમ્પિયન સુકાનીનું યાદીમાંથી બહાર થવું આશ્ચર્યજનક નથી કારણ કે, તે છેલ્લા છ મહિનાથી ક્રિકેટ રમ્યો નથી. બોર્ડના અધિકારીએ જણાવ્યું હતું કે બોર્ડના ટોચના અધિકારીઓમાંથી એકે ધોની સાથે વાત કરીને તેને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ બાબતે જણાવ્યું હતું. તેને સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું હતું કે તે ૨૦૧૯ના સપ્ટેમ્બર બાદ એક પણ મેચ રમ્યો નહીં હોવાના કારણે તેને યાદીમાં સ્થાન અપાશે નહીં.

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

એકવાર પધારો, દિલ ખશ ના થઈ જાય તો કહેજો
Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ,
લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જવેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com
www.ashokjewellers.ca

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખજો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હ્વાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# મંદીની વ્યાપાક બૂમરાણ વચ્ચે ઓન્ટેરિયો પ્રાંતમાં નોકરીઓમાં ૭૬ ટકાનો વધારો

- છેલ્લાં એક વર્ષમાં નવી ૩.૨૦ લાખ નોકરી પૈકી ૨.૩ લાખ નોકરી ફુલટાઈમની હતી

મોન્ટ્રીયલ : વર્ષ ૨૦૧૯ના અંતમાં મંદીના સંકેતો છતાં કેનેડામાં નોકરીઓમાં વધારો થયો છે. કેનેડામાં કુલ ૩,૨૦,૦૦૦ નવી નોકરીઓનું સર્જન થયું હતું. તેમાંથી બે લાખ ત્યાંસી હજાર નોકરીઓ પૂર્ણ સમયની હતી એમ સ્ટેટીકસ કેનેડાના આંકડા જણાવે છે. ડિસેમ્બર મહિનામાં કેનેડાનો બેકારી દર ત્રણ પોઈન્ટ ઘટી ૫.૬ ટકા થયો હતો અને અનપેક્ષિત રીતે પાંત્રીસ હજારથી વધુ નવી નોકરીઓનો ઉમેરો થયો હતો.

આ ઉમેરાયેલી નોકરીનો મોટોભાગ એટલે કે ૨૪ હજારનો વધારો એક રાજય ઓન્ટેરિયોમાં થયો હતો. આ વલણમાં અવારનવાર સુધારો થઈ રહયો છે. જો કે ઓન્ટેરિયોમાં કેનેડાની કુલ વસ્તીના ૩૮ ટકા વસ્તી હોવા છતાં ૭૬ ટકા નોકરીનો વધારો આ રાજયમાં જ થયો હતો. વર્ષ ૨૦૧૯માં બે લાખ ત્રેતાલીસ હજાર નોકરીઓ સર્જાઈ હતી. ગયા વર્ષે ૬૩ હજાર નોકરીઓના સર્જન સાથે કયુબેક બીજા સ્થાને હતું. જયારે બ્રિટીશ કોલંબિયામાં માત્ર ૭ હજાર નોકરીઓ હતી. જયારે અહીં કામદારોની સંખ્યા ૨.૭ મિલીયન છે. તેથી વિપરીત તેલના અર્થતંત્ર પર આધારીત આલ્બર્ટા, ન્યુ ફાઉન્ડ લેન્ડ અને લાબ્રાડોર રાજયમાં અનુક્રમે ૪૨૦૦ અને ૫૯૦૦ નોકરીઓનો ઘટાડો થયો હતો. આ વલણ સ્પષ્ટ દર્શાવે છે કે, દેશના પૂર્વના વિસ્તારો બેનીટોબા તરફ નોકરીનો વધારો થઈ રહયો છે. માત્ર ન્યુ ફાઉન્ડલેન્ડ એવો વિસ્તાર છે જયાં નોકરીનો વધારો થયો નથી.













# દેશમાં બેરોજગારીનો વિકરાળ પંજો, એક વર્ષમાં ૧૩ હજારની આત્મહત્યા

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

છેલ્લાં દોઢેક વર્ષથી કેન્દ્રની મોદી સરકાર સામે બેરોજગારી, મંદી, ખેડૂતોની આત્મહત્યા અને મોંઘવારી સહિતની સમસ્યાઓ મોં ફાડીને ઉભી થઈ રહી છે. જો કે, આમ છતાં સરકાર દ્વારા થતાં પ્રયાસોને ઝાઝી સફળતા મળતી નથી. હાલમાં જ નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના આંકડા જાહેર થયા છે. જે અનુસાર દેશમાં બેહાલ ખેડૂતો કરતા મજબૂર બેરોજગારોની આત્મહત્યાના કિસ્સા વધારે નોંધાયા છે. અર્થ વ્યવસ્થાની તંદુરસ્તી રોજગારથી શરૂ થાય છે અને રોજગાર પર ખતમ થાય છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોએ જાહેર કરેલા આંકડા મુજબ વર્ષ ૨૦૧૮માં દેશમાં બેરોજગારીથી તંગ આવીને ૧૨,૯૩૬ જણાએ આત્મહત્યા કરી છે. મતલબ કે, રોજના સરેરાશ ૩૫ જણાએ બેરોજગારીને કારણે આપઘાત કર્યા છે.

દેશમાં દર બે કલાકે લગભગ ત્રણ બેરોજગાર આત્મહત્યા કરવાનું આત્યાંતિક પગલું ભરે છે. ચોંકવનારી બાબત એ છે કે, બેરોજગારોની આત્મહત્યાનો આંકડો દેશના બેહાલ ખેડૂતોની આત્મહત્યાના આંકડાને પણ વટાવી ગયો છે. બેરોજગારીના કારણે દેશમાં અરાજકતા વધી રહી છે. બેરોજગારી અને ગરીબી વચ્ચે સીધો સંબંધ છે. મળવાપાત્ર મજૂરી કરતા ઓછા દરે કામ કરવા તૈયાર હોવા છતાં લોકોને રોજગાર મળતો નથી. વળી, અનેક લોકો ઓછા મહેનતાણે કામ કરી રહ્યાં છે. બેકારી અને આવી અર્ધબેકારી દેશની અર્થવ્યવસ્થાના વિકાસમાં બાધક બની રહી છે. દોષપૂર્ણ આર્થિક આયોજન, ઉદ્યોગોની ખરાબ હાલત અને યોગ્ય શિક્ષણના અભાવે બેરોજગારીનો દર વધી રહ્યો છે. આંકડા જણાવે છે કે ભારત દુનિયાના સૌથી વધારે બેરોજગારો ધરાવતા દેશમાં સ્થાન પામે છે.

સરકારી નોકરીઓ તો રહી જ નથી, પરંતુ ખાનગી ક્ષેત્રની નોકરીઓમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. બેરોજગારીને કારણે દેશની અર્થવ્યવસ્થાને પણ મોટો ફટકો પડયો છે. ૨૦૧૯માં જાહેર થયેલા સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના રિપોર્ટમાં નોંધ્યું હતુ કે, વર્ષ ૨૦૧૮માં લગભગ ૧.૦૯ કરોડ ભારતીયોએ પોતાની નોકરી ગુમાવી હતી. સાથે જ નબળા વર્ગો સાથે સંકળાયેલા લોકો નોકરીમાં થયેલા નુકસાનનો સૌથી વધારે ભોગ બન્યાં હતા. ડિસેમ્બર ૨૦૧૭માં નોકરી કરતા લોકોની સંખ્યા ૪.૭૯ કરોડ હતી. જે ડિસેમ્બર ૨૦૧૮માં ઘટીને ૩.૯૭ કરોડ થઈ ગઈ હતી. એ રીતે માત્ર એક જ વર્ષમાં ૧.૦૯ કરોડ લોકોએ નોકરી ગુમાવી હતી. સરકારના જ સ્ટેટેસ્ટિક્સ ડિપાર્ટમેન્ટના અનુસાર દેશમાં બેરોજગારી છેલ્લા ૪૫ વર્ષની ટોચે પહોંચી ગઈ છે. સ્ટેટેસ્ટિક્સ ડિપાર્ટમેન્ટના પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર ૧૫થી ૨૯ વર્ષની ઉંમરના ગ્રામીણ યુવાનોમાં બેરોજગારી દર ૨૦૧૧-૧૨માં પાંચ ટકા હતો જે ૨૦૧૭-૧૮માં વધીને ૧૭ ટકા થઈ ગયો હતો. આનો અર્થ એ કે ગામડાઓમાં પરિસ્થિતિ વધારે ખરાબ હતી.

આ જ વયજૂથના શહેરી યુવાનોની વાત કરીએ તો ૨૦૧૧-૧૨માં બેરોજગારી દર ૮ ટકા હતો જે ૨૦૧૭-૧૮માં વધીને ૧૨ ટકા થઈ ગયો હતો. મતલબ કે શહેરોમાં પણ પરિસ્થિતિ વણસી હતી. બીજી ચોંકાવારી બાબત એ હતી કે, લેબર ફોર્સ પાર્ટીસિપેશન રેટ ૨૦૧૧-૧૨ના લગભગ ૪૦ની સરખામણીમાં ૨૦૧૭-૧૮માં ૩૬ ટકા નોંધાયો હતો. એલએફપીઆર દ્વારા શ્રમબજારમાં લોકોની ભાગીદારી નક્કી થાય છે. આનો અર્થ એ કે લોકોએ હવે નોકરી શોધવાનું જ ઓછું કરી દીધું છે. કારણ કે, બજારમાં નોકરી જ નથી. સરકાર ભલે સ્વીકાર ન કરે, પરંતુ નોટબંધીને કારણે બેરોજગારીમાં ભારે વધારો થયો છે. સીએમઆઈઈના ગયા વર્ષના એક રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો હતો કે, નોટબંધી બાદ રોજગારીમાં કપાતનો જે ક્રમ શરૂ થયો હતો એ હજુ સુધી અટક્યો નથી. આ દરમિયાન શ્રમ ભાગીદારી દર ૪૮ ટકા ઘટીને ત્રણ વર્ષના સૌથી નીચલા સ્તરે ૪૨.૪ ટકાએ પહોંચી ગયો છે. આ પહેલાં પણ સેન્ટર ફોર ઈન્ડિયન ઈકોનોમીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, ૨૦૧૭ના શરૂઆતના ચાર મહિનામાં જ ૧૫ લાખ નોકરીઓ ખતમ થઈ ગઈ હતી. મતલબ કે, નોટબંધીનો સીધો માર લોકોના રોજગાર ઉપર પડયો હતો. બેરોજગારી ઉપર થયેલા જુદાં જુદાં સર્વેક્ષણોના આંકડા જુદાં જુદાં હોઈ શકે છે. પરંતુ આ તમામમાં જે એક બાબત સમાન છે એ તો એ છે કે, નોકરીઓમાં ભારે ઝડપથી થઈ રહેલાં ઘટાડાના કારણે પરિસ્થિતિ વણસી રહી છે. અગાઉ એક સર્વેક્ષણમાં બહાર આવ્યું હતું કે દેશના જુદાં જુદાં ક્ષેત્રોમાં નોકરી કરતાં ઘણાં ખરાં લોકોના પગાર મહિને દસ હજાર રૂપિયા કરતાં ઓછા છે.

આ રિપોર્ટમાં દાવો કરાયો હતો કે, રોજગારના ક્ષેત્રમાં વિભિન્ન કર્મચારીઓના વેતનમાં ભારે તફાવત છે અને આ તફાવતને દૂર કરવો જરૂરી છે. અન્ય એક સર્વેનું તારણ એવું હતુ કે, ભારતમાં ૧૨ કરોડ યુવાનો પાસે હાલ કોઈ રોજગાર નથી. એ પહેલાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠને પણ પોતાના એક રિપોર્ટમાં ભારતમાં વધી રહેલી બેરોજગારી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, એશિયા પેસિફિક ક્ષેત્રમાં નોકરીઓની સંખ્યા જરૂર વધી છે પરંતુ એમાંની ઘણી ખરી ગુણવત્તાના માનાંકો અનુસારની નથી. રોજગારીની તકો ઊભી કરવામાં સરકારની મોટી ભૂમિકા હોય છે. વિકાસ કાર્યો ઉપર ખર્ચ કરીને એવા રોજગારી ઊભી કરી શકાય છે જે સરકારી તિજોરીમાં ટેક્સના સ્વરૂપે નવી આવક લાવે અને બજારમાં ખર્ચ કરીને નવી રોજગારી પેદા કરી શકે. વિકાસશીલ દેશોમાં જો અર્થવ્યવસ્થા ઉપર વધારે નિયંત્રણ ન હોય તો આમ કરવું શક્ય છે. પરંતુ મોટેભાગે તો સરકાર સખત નિયંત્રણને જ પોતાનો ઉદ્દેશ માની લેતી હોય છે. પશ્ચિમી દેશોની ઉદાર અર્થવ્યવસ્થા નોકરી સર્જનના મામલે ઉદાહરણરૂપ છે. આ દેશોમાં નોકરી માત્ર સરકારી ઓફિસોમાં જ નહીં, પરંતુ નાગરિક સુવિધાઓમાં પણ મળતી હોય છે. વિદેશોમાં નોકરી આપતા આવા સંસ્થાનોમાં સ્પોર્ટ્સ સેન્ટર, થિયેટર, કોન્સર્ટ હોલ, રેસ્ટોરાં કે પછી પર્યટન ઉદ્યોગમાં પણ રોજગારીની તકો ઊભી થાય છે.

આપણા દેશમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, હોસ્પિટાલિટી, પ્રવાસન જેવા ક્ષેત્રો ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવ્યું નથી. આ તમામ ક્ષેત્રોમાં રોજગારની મોટી તકો રહેલી છે. પરંતુ એ સાકાર કરવા માટે નીતિગત ફેરફારોની જરૂર છે. ખાસ ધ્યાન મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર પર આપવાની જરૂર છે. ભારતમાં નોટબંધી બાદ અર્થવ્યવસ્થા ઉપર થયેલી નકારાત્મક અસરોના કારણે ખાસ કરીને ખાનગી ક્ષેત્રમાં નોકરીઓમાં મોટાપાયે છટણી થઈ છે. એ સાથે જ સરકારી નોકરીઓમાં પણ પહેલાની જેમ નિમણૂકો થતી નથી. બીજી બાજુ દેશમાં દર વર્ષે બિલાડીના ટોપની માફક ફૂટી નીકળતી શૈક્ષણિક સંસ્થાઓમાંથી અભ્યાસ કરીને બહાર નીકળતા યુવાનોની ફોજ વધી જ રહી છે. એ કારણે રોજગારીના ક્ષેત્રમાં બેહાલીનો માહોલ છે. વિશેષજ્ઞોના મતે ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને કમ્યુનિકેશનના તેમજ એ પ્રકારના ક્ષેત્રોમાં છેલ્લા બે વર્ષ દરમિયાન લાખો નોકરીઓ ઓછી થઈ છે. ખાનગી ક્ષેત્રમાં લાખો લોકો છટણીના શિકાર બન્યાં છે જેના કારણે બેરોજગારી દર ઝડપથી વધી રહ્યો છે.

અનુસંધાન પેજ નં. ૨૧



manoj1968@yahoo.ca

ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ
સસ્તી ટિકીટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન
Rank One
Travels & Tours
www.rankonetravels.com
LOWEST FARES GUARANTEED
SPECIAL SEAT SALE
એર ઈન્ડિયાની ફ્લાઈટમાં
સૌથી સસ્તા દરે મુસાફરી

FARES TO
MUMBAI, AHMEDABAD, VADODRA, KOLKATA, DELHI, BANGALURU, CHENNAI, HYDERABAD
AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES
CRUISES - INSURANCE
CALL US TODAY!
905.672.5300 I 1-866.929.5300
Email: rajesh@rankonetravels.com
49, Hillcrest Avenue, Unit - 203,
Brampton L6W 4V4
tico.ca
LIC: 50021002
CLIA CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.

ThermEnergy
Heating & Cooling
WWW.THERMENERGY.CA
Need New Furnace ?
With free 10 years protection ( Parts + Labor)
1 year free supply of filters.
Up to $850 rebate from government
Starts from only.
$2650 + Tax

CALL US FOR
FREE
CONSULATION
647-785-9255
IS YOUR HEATING SYSTEM READY FOR WINTER??
Get your furnace tune up for only $89.99
Unit#26, 151 Nashdene Rd, Scarborough, ON M1V4C4
416-335-9255 I 647-785-9255
info@thermenergy.ca Website : www.thermenergy.ca

# ઓન્ટેરિયોમાં રેડ એન્ડ વ્હાઈટ હેલ્થકાર્ડ પાછા ખેંચાયા

## સેવામાં ભ્રષ્ટાચાર થતો હોવાની સરકારની દલીલ : જૂના કાર્ડ ધારકોએ નવો કાર્ડ મેળવવા માટે એક માસમાં અરજી કરવી પડશે

ટોરન્ટો : લાખો ટોરન્ટોવાસીઓ ટૂંક સમયમાં તેમને માટે આશીર્વાદરૂપ બનેલા જુના રેડ એન્ડ વ્હાઈટ હેલ્થકાર્ડથી છૂટકારો મેળવશે. કેન્દ્ર સરકારની યોજના મુજબ પહેલી જુલાઈથી ૨૮ વર્ષથી વધુ લાંબા સમયના આ કાર્ડ પાછા ખેંચી લેવા માટે નિર્ણય કરાયો હતો. જો કે, તેનો અમલ તબક્કાવાર કરવામાં આવશે. આ કાર્ડમાં ભારે ભ્રષ્ટાચાર થતો હોવાથી તે કાર્ડ પાછા ખેંચવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જુનાકાર્ડમાં ધારકના ફોટોગ્રાફ અને સહી લેવામાં આવતી હતી, એમ આરોગ્ય પ્રધાન ક્રિસ્ટીલાઈન ઈલીયટે જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, પહેલી જુલાઈથી આ કાર્ડ કોઈપણ સર્વિસ કેન્દ્ર પર સ્વીકારવામાં નહીં આવે. તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, જરૂર પડયે જો કોઈ કટોકટીની સેવા માટે હોસ્પિટલ જશે તો હોસ્પિટલ જુના કાર્ડ સ્વીકારવાનો ઈન્કાર નહીં કરી શકે.

પરંતુ હોસ્પિટલે આપેલી સેવાના બીલની રકમ ઉપભોકતાએ આપવી પડશે. જો તેઓ ખાસ સેવા માટે ડોકટરની ઓફિસ અથવા હોસ્પિટલ સેવા મેળવશે તો દર્દીને નવું કાર્ડ મેળવ્યા પછી તે ખર્ચ ભરપાઈ કરાશે. જે લોકો પાસે હજુ પણ જુના હેલ્થકાર્ડ હશે. તેમણે નવા કાર્ડ મેળવવા માટે એક મહિનામાં અરજી કરવી પડશે અને તેમને એક મહિના બાદ નવા કાર્ડ આપવામાં આવશે.

સવર્સિ ઓન્ટેરિયોથી નવા ફોટોકાર્ડ મેળવી શકાશે. ફોટો હેલ્થ કાર્ડ માટે કોઈ કિંમત ચૂકવવાની રહેશે નહીં. રાજય સરકારોમાં ડોકટરો, ફાર્માસ્યુટીકલો અને હોસ્પિટલોને પણ આરોગ્ય ખાતા તરફથી સુચના અપાઈ રહી છે કે તેમણે રેડ એન્ડ વ્હાઈટ હેલ્થકાર્ડ બંધ કરવામાં આવ્યા છે. તે ધ્યાનમાં લઈ નવા કાર્ડ મુજબ સેવા આપવાની વ્યવસ્થા કરવી. ૧૯૯૪માં આ કાર્ડ શરૂ કરવામાં આવ્યા હતા તે વખતની એનડીપીની સરકારે જણાવ્યું હતું કે, આ કાર્ડમાં છેતરપીંડી અને દુરુપયોગ થતો હોવાથી જુના હેલ્થ કાર્ડને સ્થાને નવા હેલ્થ કાર્ડ બનાવવા પડશે.

રેડ એન્ડ વ્હાઈટ હેલ્થકાર્ડ શરૂ કરવામાં આવ્યા હતાં. ૧૯૯૫માં જયારે પહેલી વખત ફોટો આઈડી કાર્ડ શરૂ કરવામાં આવ્યા ત્યારે સરકારનું એવું અનુમાન હતું કે દર વર્ષે ૬૫ મિલીયન ડોલરના ખોટા દાવા કરવામાં આવ્યા હતા. તે વખતે ઓન્ટેરિયો હેલ્થ કાર્ડ પર બહુ ઓછી માહિતી આપવામાં આવતી હતી. કેટલાક રાજયના હેલ્થ કાર્ડ પર માત્ર ધારકનું નામ તેની સહી અને કાર્ડની પુરી થવાની મુદત જ છાપવામાં આવતી હતી. ઓડિટર જનરલના ૨૦૦૬ના અહેવાલમાં આ ગેરરીતી બહાર આવી હતી. ઓડિટર જનરલે જણાવ્યું હતું કે આશરે ત્રણ લાખ હેલ્થકાર્ડ આપવામાં આવ્યા છે.

# ઓન્ટેરિયોના કેદીઓને ટૂંક સમયમાં સેલફોન ઉપયોગની મંજુરી મળશે

- **હાલમાં કેદીઓને એક સ્થળે એકત્ર કરી લેન્ડલાઈન પર વાત કરવાની વ્યવસ્થા અમલમાં છે**

ઓન્ટેરિયો : ઓન્ટેરિયો પ્રાંતમાં એક એવી નવી ટેલિફોન સિસ્ટમ વિકસાવવા પર કામ ચાલી રહ્યું છે. જેમાં રાજયની જેલના કેદીઓ ટેલિફોન પર વાત કરી શકશે. હાલમાં કેદીઓને એક સ્થળે એકત્ર કરી લેન્ડલાઈન પર વાત કરવાની વ્યવસ્થા રાખવામાં આવી છે, પરંતુ કેદીઓ અને વકીલો ૨૦૨૦ના વર્ષમાં પણ આવી ખખડધજ અને પ્રતિબંધિત ટેલિફોન વ્યવસ્થાની ટીકા કરે છે.

વકીલ માઈકલ સ્પ્રેટ કહે છે કે, પરિવાર સાથે ટેલિફોન પર વાત કરવા માટે એક મિનીટ પ્રતિ ડોલરની ફી છે તે ભારે ઉંચી છે અને કયારેક પરિવારના સભ્યો વાત કરી શકતા નથી, એ એક વધારાની મુશ્કેલી છે. કેદીઓ પોતાની નોકરી જાળવી રાખવા, મકાન મેળવવા તથા કાઉન્સેલીંગ માટે ફોન કરતા હોય છે. આને કારણે પરીસ્થિતિ અયોગ્ય અને સજારૂપ બની જાય છે. ખાસ મહત્વની બાબત એ છે કે, આપણી શેરીઓ અને ગલીઓ વધુ અસલામત બની છે. કાયદાશાસ્ત્રના વિદ્યાથી ગેબી એકિવનો કહે છે કે , જે કેટલાક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે જેનાથી ઘણાં કેદીઓ પોતાના પરિવાર કે અન્ય લોકો સાથે સંપર્ક જાળવી શકતા નથી. તેથી કેદીઓને આપવામાં આવેલા હકોનો ભંગ થાય છે. ગેબી ટોરન્ટો પ્રિઝન્સ રાઈટસ પ્રોજેકટ સાથે સંકળાયેલા છે. મોંઘા ટેલિફોન દરોને કારણે કેદીઓ પરિવાર સાથે સંપર્ક સાધી શકતા નથી. તેથી તેમના માનસિકઆરોગ્યને નુકસાન પહોંચે છે. તેઓ ઘણી વખત કાનૂની સલાહકારોનો સંપર્ક પણ સાધી શકતા નથી.






# SkyRoute
## TRAVEL SERVICES INC.



AIR CANADA QATAR AIRWAYS القطرية Lufthansa

Emirates الاتحاد ETIHAD AIRWAYS

| | | |
|---|---|---|
| AHMEDABAD | → | $1159 |
| DELHI | ← | $999 |
| VADODARA | → | $1199 |
| MUMBAI | ← | $989 |

24 24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC IATA tico.ca Travel Industry Council of Ontario Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

**OFFICE IN AHMEDABAD**
SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

**SPECIAL FARES FROM**
Edmonton, Calgary, Ottawa, Montreal, Regina, Winnipeg, Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# ઈરાનની દુર્ઘટનામાં માર્યા ગયેલાઓને ન્યાય અપાવ્યા વિના જંપીશું નહિ : ટ્રુડો

- ટોરન્ટો અને વેનકુંવરની શોકસભામાં વાતાવરણ ગમગીન થઈ ગયું



ઓટાવા : કેનેડાના પીએમ જસ્ટીન ટ્રુડોએ જણાવ્યું હતું કે, ગયા સપ્તાહે ઈરાન યુક્રેનનું એક જેટ વિમાન તોડી પાડવામાં આવ્યું હતું. તેમાં ૫૭ કેનેડિયનના મોત થયા હતા. બનાવની વિગતો તેમના પરિવારના સભ્યો પાસેથી સાંભળીને ભારે દુઃખ થયું છે. રવિવારે એડમંટનમાં યોજાયેલી એક શોકસભામાં વડા પ્રધાન જસ્ટીન ટ્રુડોએ જણાવ્યું હતું કે, પોતાના નવા ભવિષ્યની શોધ માટે જઈ રહેલા કેનેડિયનો વિમાન અકસ્માતમાં મોતને ભેટ્યા છે. એ અત્યંત દુઃખની વાત છે અને હું એમના પરિવારના સભ્યો જેટલી જ ઊંડા દુઃખની લાગણી અનુભવી રહ્યો છું. આ વિમાન બુધવારે તેહરાનથી ઉડતાની સાથે જ ઈરાનના એક મિસાઈલે તેને ફૂંકી માર્યું હતું અને તેમાં પ્રવાસ કરી રહેલા તમામ ૧૭૬ પ્રવાસીના મોત થયા હતા. જેમાં કેનેડા જઈ રહેલા ૧૩૮ પ્રવાસીનો સમાવેશ થતો હતો. ઈરાને એ વાતને સમર્થન આપ્યું હતું કે, યુનાઈટેડ સ્ટેટ્સ સાથેની તંગદિલી વાળી પરિસ્થિતિમાં ભૂલથી આ વિમાન તોડી પાડવામાં આવ્યું હતું. આ બનાવના ઈરનિયન અને કેનેડિયન સમાજમાં ભારે ઉગ્ર પ્રત્યાઘાત પડ્યા હતાં. ટ્રુડોએ આ ઘટનાને કેનેડિયનોની કરુણાંતિકા ગણાવી હતી. ખરેખર આ દુઃખદ ઘટના બનાવી જોઈતી નહોતી. પણ જ્યાં સુધી તેને ન્યાય નહીં મળે અને જવાબ નહિ મળે ત્યાં સુધી અમે જંપીને બેસવાના નથી. તમે એકલા નથી. આખો દેશ તમારી પાછળ છે. જે કેટલાક લોકો આ અકસ્માતમાં માર્યા ગયા છે તેઓ યુનિવર્સિટી ઓફ આલ્બર્ટાના તેજસ્વી પ્રતિભા ધરાવનારા લોકો હતા. શોકસભા આખા કેનેડામાં રવિવારે યોજાઈ હતી. વેન્કુવર આર્ટ ગેલેરીમાં સંરક્ષણ પ્રધાન હારજીત સજ્જને હાજરી આપી હતી. આ સિવાય યુનિવર્સિટી ઓફ ટોરન્ટોનાં ઘણા લોકો પણ આ અકસ્માતમાં માર્યા ગયા હતા. તેમના માનમાં યોજાયેલી શોકસભામાં વાતાવરણ અત્યંત કરૂણ બની ગયું હતું અને જ્યારે વક્તાઓ અને રાજકારણીઓ શોકસભાને સંબોધી રહ્યા હતા ત્યારે તેમના સંબોધન દરમિયાન રોકકળ મચી હતી.

# હેરી એન્ડ મેગનના પ્રવાસ બાદ વેનકુંવરમાં રીયલ એસ્ટેટમાં તેજી

- સાનુકૂળ હવામાનને કારણે બ્રિટીશ કોલંબિયા પ્રાંતમાં નવાગુંતકોની સંખ્યા વધી

વિકટોરીયા : સાનુકૂળ હવામાન ધરાવતો બ્રિટીશ કોલંબિયા પ્રાંત તેના ઉચ્ચ જીવન ધોરણ અને ગુણવત્તાને કારણે લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. અહીંનુ સસ્તા મકાનનું હાઉસિંગ માર્કેટ લોકો માટે મોટું આકર્ષણ છે. વેન્કુંવરની કાલ્પનિક સપાટી કરતા અહીંના રીયલ એસ્ટેટ બજાર વધુ વાસ્તવિક સપાટી પર છે અને હવે અહીંનું આ બજાર તેજી તરફ આગળ વધી રહ્યું છે. કારણ કે અહીં નવા આગંતુકોનું દબાણ વધ્યું છે એમ ધી ડયુક અને ડચેઝ ઓફ સસેકસ તરફથી જણાવવામાં આવ્યું છે. પ્રિન્સ હેરી અને મેગન માર્કલે ઉત્તર સેનિચ જે વિકટોરીયાની ઉત્તરે આવેલુ છે ત્યાં ક્રિસમસની રજાના કેટલાક દિવસો તેઓ એક મકાનમાં રહયા હતા. ત્યારથી આ જગ્યા લોકોના ધસારાનું કેન્દ્ર બની છે. અને ત્યારબાદ કેટલાક લોકો પોતાનો વધારાનો સમય કેનેડામાં વિતાવવાની યોજનાઓ તૈયાર કરવા લાગ્યા છે. તેના પરીણામે વેન્કુંવર આઈલેન્ડ નવા નવા લોકોનું ઘર બનવા લાગ્યું છે. કેનેડાના એક શંત ખૂણામાં આવેલું આ શહેર કેનેડા તથા અમેરીકાના નિવૃત્ત લોકોમાં ઘણાં સમયથી લોકપ્રિય બન્યું છે અને જેટસેટર્સ માટે આ એક નવું મથક બની રહ્યું છે.

હાલના દિવસોમાં અમેરીકનો અને બ્રિટીશરો માટે વિકટોરીયા અને સાનીચ શહેરો ગુગલ પર મોટા પાયે સર્ચ થઈ રહયા છે. રીયલ એસ્ટેટ પોર્ટલ ઝુકાસા કહે છે કે, જાન્યુઆરીની છટ્ઠીથી બારમી સુધીના સમયમાં સેનિચ અને બ્રિટીશ કોલંબિયામાંમકાનની ખરીદી માટે શોધ કરનારાઓના પ્રમાણમાં ૨૮૫ ટકાનો વધારો થયો છે. આમ વિકટોરીયા ખાતે મિલ્કત ખરીદ કરવાની તપાસ કરનારાઓના પ્રમાણમાં ૧૨ ટકાનો ઉછાળો આવ્યો છે. વિકટોરીયા રીયલ એસ્ટેટ બોર્ડ(વીઆરઈબી)ના પ્રેસીડેન્ટ સેન્ડી જો એયર્સ જણાવે છે કે, અહીં ટુરીઝમમાં પણ વધારો થયો છે. તેમણે મીડિયાને જણાવ્યું હતું કે, જયારે પ્રવાસીઓ અહીં આવે છે ત્યારે આ વિસ્તારને જોઈને ઘણાં એના મોહમાં પડી જાય છે અને અહીં નિવૃત્ત જીવન વિતાવવા તૈયાર થાય છે.



# આલ્બર્ટામાં વિષમ ઠંડીને કારણે રેલવે લાઈનમાં ભંગાણ, માર્ગ વ્યવહારને અસર

- મંગળવારે બરફને કારણે ધુમ્મસ સર્જાતા દ્રષ્ટિ ક્ષમતા ધૂંધળી બની હતી
- ઉષ્ણતામાનનો પારો એકાએક માઈનસ ૩૪ સે.ગ્રેડ પર આવી ગયો

આલ્બર્ટા : એડબન્ટનમાં અત્યંત વિષમ ઠંડીને કારણે એલઆરટી સિસ્ટમ પર ચાલી રહેલી રેલ લાઈનમાં ભંગાણ પડયું હતુ. જેને કારણે મંગળવારે શહેરના દક્ષિાણ છેડે જનારા કામદારોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. બરફને કારણે ધુમ્મસ સર્જાતા દ્રષ્ટિ ક્ષમતા ધૂંધળી બની હતી. મંગળવારે એલ આરટીનું સંચાલન મેન્યુઅલી કરવામાં આવ્યું હતું. ૫૭મી એવન્યુ અને સાઉથગેટ મોલ વચ્ચે આવેલી ૧૧૧મી સ્ટ્રીટમા આવાગમન પર ભારે વિપરીત અસર પડવાની શકયતા જણાવવામાં આવી હતી. ઉષ્ણતામાનનો પારો એકાએક માઈનસ ૩૪ સે.ગ્રેડ પર આવી જતા રેલ લાઈનમાં ભંગાણ પડયું હતું. વર્ષ ૨૦૦૫માં ઉષ્ણતામાનનો પારો માઈનસ ૨૮.૩ નોંધાયો હતો જે એક વિક્રમ હતો. મંગળવારે સવારે એક ઈમેલમાં શહેરના પ્રવકતાએ મીડિયાને જણાવ્યું હતું કે, રવિવારે ભારે ઠંડીને કારણે પાવરગ્રીડમાં પણ ભંગાણ પડયું હતું જેને કારણે શાળાઓ બંધ કરવી પડી હતી અને ઘરબાર વિનાના લોકો માટે આશ્રયસ્થાનો ખોલવામાં આવ્યા હતા. ભારે બરફ પડતા માર્ગો પર આલ્બર્ટોના ડ્રાઈવરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. અનેક બસ રદ કરવામાં આવી હતી. ઉબરની ટેકસીના ભાવ પણ એકાએક વધી ગયા હતા.આલ્બર્ટા મોટર એસોસિયેશનના પ્રવકતા રિયાન લેમુન્ટેએ જણાવ્યું હતું કે, માર્ગો પર ભારે બરફ હોવાથી અમારા કર્મચારીઓએ સખત ઠંડી વચ્ચે પણ માંગણીઓને પહોંચી વળવા પ્રયત્ન કર્યો હતો. અત્યંત ઠંડીને કારણે ગ્રેડ પ્રાયરીએ માર્ગો પરથી બરફ હટાવવાનું કામ મુલતવી રાખ્યું હતું. આ વિસ્તારમાં ઉષ્ણતામાન આશરે માઈનસ ૩૫ સુધી પહોંચી જતા આ કાતિલ ઠંડીમાં ઘટાડો નહીં થાય ત્યાં સુધી કામ ચાલુ નહીં થઈ શકે એમ યાદીમાં જણાવાયું હતું.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



Promotional Price

$500

Per Person / Per Month



Knights Inn & Suites

Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# વડોદરા એમ.એસ યુનિવર્સિટીમાં સૌથી મોટા કૌભાંડનો પર્દાફાશ, ૨૦ ડિગ્રી બોગસ નીકળી

વડોદરાની વારંવાર વિવાદમાં રહેનાર એમ.એસ.યુનિવર્સિટી બોગસ ડિગ્રી મામલે ફરી એકવાર વિવાદમાં આવી છે. યુનિવર્સિટીમાં ડિગ્રી વેરીફીકેશન બાદ ૨૦ ડિગ્રી બોગસ હોવાનુ સામે આવતા હડકંપ મચી જવા પામી છે. આ ઘટના મીડિયામાં વારંવાર અહેવાલ રજૂ કરાયા બાદ તંત્ર જાગ્યું હતું અને વાઈસ ચાન્સેલરએ તપાસના આદેશ આપ્યા હતા.



મળતી માહિતી પ્રમાણે, સ. જી. યુનિવર્સિટીમાં દર વર્ષની જેમ વર્ષ ૨૦૧૯માં ખાનગી એજન્સી મારફતે ૬૪૫ ડિગ્રી વેરીફીકેશન કરાવવામાં આવી. જેમાંથી ૨૦ ડિગ્રી બોગસ હોવાનુ સામે આવ્યું હતું. જેના કારણે યુનિવર્સિટી તંત્રએ માત્ર બોગસ ડિગ્રી ધારક વિદ્યાર્થીઓને જાણ કરી સંતોષ માન્યો હતો. આ ઘટના બાદ સેનેટ સભ્યોનો આરોપ છે કે બોગસ ડિગ્રીમાં યુનિવર્સિટીના સત્તાધીશો અને ભાજપના હોદ્દેદારોની સાંઠગાંઠ છે. જેના કારણે રાજકીય દબાણ હોવાથી યુનિવર્સિટી તંત્ર પોલીસ ફરિયાદ નોધાવી રહી નથી.

બીજી બાજુ યુનિવર્સિટીએ બોગસ ડિગ્રી મામલે કોઈ પણ રાજકીય દબાણને વશ થયા વગર પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનામાં સેનેટ સભ્યોએ માંગણી કરી હતી કે, જે પણ સંડોવાયેલા છે તેમના નામ બહાર પાડવા જોઈએ. સેનેટ સભ્ય નરેન્દ્ર રાવતે કહ્યું કે, છેલ્લા ૧૫ વર્ષની ડીગ્રી તપાસવામાં આવે તો હજારો ડિગ્રી બોગસ હોવાનો ઘટસ્ફોટ થઈ શકે છે.

# રાજ્યમાં કોલ્ડવેવ : અનેક શહેરોમાં તાપમાનનો પારો ૧૦ ડિગ્રીથી નીચે

અમદાવાદઃ ઉત્તર ભારત તરફથી આવતા ઠંડા પવનના કારણે સમગ્ર ગુજરાતમાં લોકોએ કડકડતી ઠંડીનો અનુભવ કર્યો હતો. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોમાં ઠંડીનો પારો ૧૦થી ૧૩ ડિગ્રીની આસપાસ નોંધાયો હતો. સમગ્ર રાજ્યમાં ૫.૮ ડિગ્રી સાથે નલિયા સતત બીજા દિવસે સૌથી ઠંડું શહેર બન્યું હતું. અમદાવાદ શહેરનું લઘુતમ તાપમાન ઘટીને ૧૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ઠંડા પવનથી ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. સમગ્ર રાજ્યમાં અમરેલી, રાજકોટ, કેશોદમાં ઠંડી ૮ ડિગ્રી નોંધાઈ હતી. જ્યારે ભુજમાં ૯ ડિગ્રી, સુરેન્દ્રનગર, ડીસા, વલ્લભવિદ્યાનગરમાં ઠંડી ૯ ડિગ્રી નોંધાઈ હતી. આ સિવાય કંડલા પોર્ટ, કંડલા એરપોર્ટ, ગાંધીનગરમાં ૧૦ ડિગ્રી, ભાવનગર, પોરબંદરમાં ૧૧ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. રાજ્યમાં ઠંડા પવનોની અસરથી તમામ શહેરોમાં લોકો ઠંડીથી ઠુંઠવાયા હતા. હવામાન ખાતાએ આગામી ત્રણથી ચાર દિવસ સુધી કોલ્ડવેવની આગાહી કરી છે જેના કારણે આગામી દિવસોમાં રાજ્યનાં સૌરાષ્ટ્ર-કચ્છનાં ભાવનગર, અમરેલી, પોરબંદર, રાજકોટ તેમજ ઉત્તર ગુજરાતનાં બનાસકાંઠા સહિત શહેરો-જિલ્લામાં ઠંડી વધવાની શક્યતા છે.

# વિશાલ ગોસ્વામી ગેંગના ૪ સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ

અમદાવાદ : ગુજરાતમાં ડિસેમ્બર મહિનામાં ગુજસીટોક કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. જે બાદ આ કાયદા હેઠળ પહેલો ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચે દ્વારા કુખ્યાત ખંડણીખોર વિશાલ ગોસ્વામી ગેંગના ચાર શખ્સની મેઘાણીનગરમાંથી ધરપકડ કરી ગુજસીટોક એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

અમદાવાદ સાબરમતી જેલમાં ગેંગ પાસેથી હથિયારો પણ મળી આવ્યા હતા. જેથી આ તમામ મામલે શહેર ક્રાઈમ બ્રાંચે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. રાજ્યની સુરક્ષામાં વધારો થાય તે માટે અને પોલીસ અધિકારીઓને પૂરતું બળ મળે તે હેતુથી ગુજરાત સરકારે ગુજસીટોક કાયદાને વિધાનસભામાં પસાર કરીને રાષ્ટ્રપતિની મંજૂરી મેળવી લીધી હતી.

આ ચારેય આરોપીઓ સામે ગુજરાત, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં કુલ ૫૧ ગુના નોંધાયા છે. તેમની પાસેથી ૨૦ મોબાઈલ, ૫૦,૦૦૦ રોકડ, ૧ પિસ્ટલ, ૪૦ કારતૂસ, બાઈક, હોન્ડા સિટી કાર કબ્જે કરાયા છે.

વિશાલ ગોસ્વામી, અજય રામેશ્વરપુરી ગોસ્વામી, રિંકુ ઉર્ફે રાજવીર ભગવાન ગિરી ગોસ્વામી સાબરમતી જેલમાં છે.

# ધોરડોનાં સફેદરણમાં દેશ-વિદેશના ૯૫ પતંગબાજોએ કૌવતનો પરિચય કરાવ્યો

- ૧૫ દેશ, ભારતના ૪ રાજ્યના પતંગબાજોએ ભાગ લીધો : વિદેશીઓના પતંગની દોર પકડીને પ્રવાસીઓએ ફોટા પડાવ્યા



ભુજ : કચ્છના પ્રખ્યાત સફેદરણ ધોરડોમાં આજે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૦માં દેશ-વિદેશનાં ૯૫ પતંગબાજોએ આભમાં અવનવા પતંગો ચગાવી રંગબેરંગી આભા પાથરી દીધી હતી. વોચટાવર પાસે આયોજિત ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલ-૨૦૨૦ને રંગબેરંગી બલુન છોડીને દેશ-વિદેશના પ્રવાસીઓની ઉપસ્થિતિમાં હર્ષનાદ સાથે ખુલ્લો મૂકયો હતો. આ અવસરે મદદનીશ કલેકટરએ કચ્છનાં સફેદ રણમાં યોજાતાં રણોત્સવ અને પતંગોત્સવે દેશ-વિદેશમાંથી આવતાં પ્રવાસીઓનાં દિલો-દિમાગમાં અનેરી આભા પાથરી છે, તેમ જણાવી દેશ અને વિદેશનાં કાઈટીસ્ટોને રાજય સરકારના પ્રવાસન વિભાગ અને વહીવટીતંત્ર વતી ઉષ્માભેર આવકારતાં વાધુમાં જણાવ્યું હતું કે, પતંગ મહોત્સવની શરૂઆત ફકત બે દેશના સાત વિદેશી મહેમાનોથી થઇ હતી, જયારે આજે ૧૫ દેશોનાં ૪૭ કાઈટીસ્ટો કચ્છ આવ્યા છે.

# ગુજરાતના શહેરો કરતાં ગામડાઓમાં શિશુઓનાં મોતનું પ્રમાણ બમણું થયું

- દેશમાં ગામડાઓમાં બાળમૃત્યુમાં ગુજરાત બીજા ક્રમે : અપુરતી સુવિધા, માતા-બાળકમાં કુપોષણ, નવજાતમાં ઝાડા ઉલટી જવાબદાર

અમદાવાદ- બાળમૃત્યુના મામલે રાજસ્થાન બાદ ગુજરાત સરકાર પરવિવાદમાં ભેરવાઈ છે.અમદાવાદ અને રાજકોટ સિવિલમાં શિશુ મોતના ચોંકાવનારાં આંકડા જાહેર થતાં સરકાર દોડતી થઈ છે. આ તરફ, એક રિપોર્ટ મુજબ, ગુજરાતમાં શહેરોની સરખામણીમાં ગામડાઓમાં બાળમૃત્યુનો દર બમણો રહ્યો છે.એટલું જ નહીં, ગ્રામ્ય વિસ્તારોમાં બાળ મૃત્યુના મામલે ગુજરાત દેશભરમાં બીજા ક્રમે રહ્યું છે.આ આંકડા એ સાબિત કરી રહ્યાં છેકે, ગામડાઓમાં સરકારી હોસ્પિટલો,સામૂહિક આરોગ્ય કેન્દ્રોની હાલત દયનીય છે જયાં તબીબી સુવિધાઓનો ભારોભાર અભાવ છે. ખુદ આરોગ્ય મંત્રી નીતિન પટેલે આ વાતનો સ્વિકાર કર્યો છેકે, ગુજરાતમાં દર વર્ષે ૧૨ લાખ નવજાત શિશુઓ જન્મે છે તે પૈકી ૩૬હજાર માસૂમ ભૂલકાઓ હોસ્પિટલમાં જ આંખ મીચીં દે છે.એક રિપોર્ટ મુજબ, ગુજરાતમાં શહેરોમાં બાળ મૃત્યુનો દર ૧૯ છે જયારે ગ્રામ્ય વિસ્તારમાં શિશુ મોતનો દર ૧૯ છે. એટલે મૃત્યુદર બમણો છે. કેરળમાં શહેરો અને ગ્રામ્ય વિસ્તારોનો બાળ મૃત્યુ દર શૂન્ય છે.

# ટાઢ વચ્ચે કચ્છની ધરતી બની અશાંતઃ ત્રણની તીવ્રતાના બે આંચકા

ભુજઃ સરહદી કચ્છમાં કોલ્ડવેવની પરિસ્થિતિ છેલ્લાં ત્રણ દિવસથી યથાવત્ રહી છે અને આગામી પાંચ દિવસ સુધી ગાત્રો થીજાવી દેતી ઠંડીમાં નોંધપાત્ર રાહત મળવાના કોઈ આસાર જણાતાં નથી. કડકડતી ઠંડી વચ્ચે પાછલા બે દિવસ દરમિયાન વાગડની ધરા ત્રણની તીવ્રતાના બે કંપનથી ધ્રૂજી ઉઠી છે. ઉત્તરના બર્ફીલા હિમપવનોએ ઠારની ધારને વધુ ડંખીલી બનાવી છે. પરિણામે,ભર બપોરે પણ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. બીજી તરફ, કાતિલ ઠંડી વચ્ચે ગત રાત્રે ભચાઉના નરા નજીક ત્રણની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો.

# બાપુનગરમાં રાત્રે ફાયરિંગ કરી આંગડિયા કર્મીને લૂંટી લેવાયો

અમદાવાદ : રાજ્યમાં ફાયરિંગ કરી લૂંટની અનેક ઘટનાઓ બને છે. ત્યારે બાપુનગર હીરા બજારમાં ૮ લાખની લૂંટ થઈ હોવાના સમાચાર મળી રહ્યા છે. આ ઘટનામાં બે અજાણ્યા શખ્સોએ હવામાં ૨ રાઉન્ડ ફાયરિંગ કરી ૮ લાખથી વધુની લૂંટ ચલાવી છે. આ ઘટના બાદ એએસપી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો છે. સમગ્ર ઘટનાને પગલે વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બાપુનગરમાં હીરા બજાર પાસે મોડી સાંજે હીરાની દિલધડક લૂંટની ઘટના બની છે. બાપુનગરમાં હીરા બજાર પાસે આવેલા આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી અજાણ્યો શખ્સો ફાયરિંગ કરી ૮ લાખથી વધારેની મતાની લૂંટ ચલાવી હતી. આ ઘટનામાં બે અજાણ્યા શખ્સોએ ફાયરિંગ કરી લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ શખ્સોએ હવામાં ૨ રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હોવાનું સામે આવી રહ્યું છે. બાપુનગર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો છે. લૂંટ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે.



# આતંકવાદી જાફરે ભરૂચના યુવકોના માઈન્ડવોશ માટે યોજી હતી બેઠકો

## •ચારેય યુવકોની અટકાયત કરી ગુજરાત એટીએસ દ્વારા સઘન પૂછપરછ : ભાડાના મકાન માટે મળતા હોવાનું રટણ

વડોદરા : ગુજરાત એટીએસએ વડોદરાથી પકડેલા આઈ.એસ.આઈ.એસ સંગઠનના વોન્ટેડ આતંકી જાફરઅલી મહોમદ હલીકની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં જાફર ગુજરાતમાં મોડયુલ ઉભુ કરવા માગતો હતો, તેણે ભરુચના ચાર યુવકો સાથે બેઠકો કરીને તેમને આતંકી પ્રવૃત્તિમાં જોતરવા માટે માઈન્ડવોશ કરતો હતો. પાંચ વખત બેઠક કરી ચૂક્યો હતો, પોલીસ દ્વારા ચારેય યુવકોની અટકાયત કરાઈ છે.

ગુજરાતમાં આતંકી હુમલાનું કાવતરુ ઘડી રહેલા તામિલાનાડુના આઈ.એસ.એસ.આઈના વોન્ટેડ આતંકી જાફર અલી મહોમદ હલીકની એટીએસએ વડોદરાના ગોરવા વિસ્તારમાંથી ગઈકાલે પકડી પાડયો હતો. પોલીસ તપાસમાં જાફર ગુજરાતમાં કેટલાક સમયથી રોકાઈને ચોરી છૂપીથી યુવકોનો સંપર્ક કરી રહ્યો હતો. પોલીસ પુછપરછમાં તેણે એવો ખુલાસો કર્યો હતો કે તેણે ભરુચમાં રહેતા ચાર યુવકો સાથે પાંચ વખત મીટીંગ કરી હતી. એટીએસએ ચારેય યુવકોની અટકાયત કરીને પુછપરછ હાથ ધરી છે, અત્યારે તો તેઓ જાફર ભાડાના મકાન માટે મળતો હોવાનું રટણ કરી રહ્યા છે. જો કે પોતાને રહેવા માટે ભાડે મકાન શોધતો હતો કે પછી આતંકી પ્રવૃત્તિ કરવા માટે મકાન શોધતો હતો તે સહિતની ઉંડાણ પૂર્વકની પુછપરછ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં તે પંદર દિવસથી વડોદરામાં રોકાયો હતો જો કે ભરુચના યુવકોની પૂછપરછ બાદે ખરેખર કેટલા સમયથી તે તેમના સંપર્કમાં હતો અને તેમના સિવાય વડોદરામાં કોનો કોનો સંપર્ક કર્યો હતો. તે સહિતની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ડાકોર, વડતાલમાં દર્શન માટે ઠંડી વચ્ચે લાખો શ્રધ્ધાળુઓ ઉમટ્યા

## •ડાકોરમાં બેથી ત્રણ લાખ ભક્તોએ દિવસભર મંગળા આરતી, કેસર સ્નાનના દર્શનનો લહાવો લીધો

હાલોલ : શુક્રવારે પોષ સુદ પૂનમ નિમિત્તે યાત્રાધામ ડાકોર તથા વડતાલના મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટયું હતું. બંન્ને યાત્રાધામના માર્ગો તથા મંદિર પરિસર મહેરામણથી છલકાયા હતા. મંદિરોમાં આજે સવારે મંગળાઆરતીના દર્શનનો લ્હાવો લેવા ગઈરાતથી જ ભક્તોએ મંદિરના માર્ગો પર જમાવટ કરી હતી. ડાકોર રણછોડજી મંદિરમાં આજે વહેલી સવારે મંગળાઆરતી અને એ પછી કેસરસ્નાનથી લઈ દિવસભર દર્શન માટે ભક્તોનો અવિરત પ્રવાહ ચાલુ રહ્યો હતો.વડતાલ પોષી પૂનમ નિમિતે દિવ્ય શાકોત્સવનુ આયોજન કરાયુ હતુ. ડાકોરમાં સવારે મંગળા આરતીથી લઈ બપોર સુધી યાત્રિકોની ભારે ભીડ રહી હતી. તેમજ સાંજ પડતા દર્શનાર્થીઓની સંખ્યા બમણી થઈ ગઈ હતી.નડિયાદ બાદ અનેક શ્રદ્ધાળુઓ ડાકોર પહોંચતા સાંજના સમયે દર્શનાર્થીઓની સંખ્યા વધી હતી. સાંજે શયન આરતી સુધીમાં ડાકોરમાં બે થી ત્રણ લાખથી પણ વધારે શ્રદ્ધાળુઓએ રાજા રણછોડજીરાયના દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# વિવિધતા હોય તે જ સમાજ પ્રગતિ કરી શકે : આરિફ મોહંમદ ખાન

વડોદરા : જે સમાજમાં વિવિધતા છે તે જ સમાજ પ્રગતિ કરી શકે છે તેમ કેરળના રાજ્યપાલ આરિફ મહોમ્મદ ખાને એમ.એસ.યુનિવર્સિટીના યુગાંતર કાર્યક્રમના સમાપન સમારોહમાં કહ્યુ હતુ. વિવિધતામાં એકતા વિષય પર વકતવ્ય આપતા આરિફ મહોમ્મદ ખાને જણાવ્યુ હતુ કે, દુનિયાની દરેક સભ્યતામાં એકતા જોવા મળતી હતી.જે એક ભાષા, એક સમાજ, એક જ ધર્મ જેવા પરિબળો પર આધારિત હતી.પરંતુ વિવિધતામાં એકતાનો ઈતિહાસ તો માંડ ૨૦૦ વર્ષ જુનો છે. પશ્ચિમ સભ્યતામાં લોકશાહીનું આગમન થયા બાદ વિવિધતામાં એકતાની શરુઆત થઈ હતી.જોકે ભારતીય સભ્યતા તેમાં અપવાદ છે.૩૫૦૦ વર્ષ જુની ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જ વિવિધતા હોવા છતા એકતા રહી છે.કારણકે તેનો આધાર અહ્મ બ્રહ્માસ્મિ...છે. મારા શરીરમાં જે દિવ્ય આત્મા છે તે જ તમારી અંદર પણ છે તેવા સમાનતાના વિચારના કારણે આ એકતા ટકેલી છે.સાથે સાથે એ નોંધવુ પણ જરુરી છે કે,પશ્ચિમી દેશો સિવાય ભારત જ એક એવો દેશ છે જ્યાં લોકશાહી સફળ થઈ છે. તેનુ કારણ એ છે કે ભારતમાં આધ્યાત્મિક લોકશાહી બહુ પહેલેથી છે.

# વડોદરામાં ઓક્સિજન કંપનીમાં બ્લાસ્ટ ૬ મજૂરોનાં મૃત્યુ, ધડાકાથી ધરતી ધ્રૂજી



વડોદરા : વડોદરાના પાદરામાં આવેલી એક કંપનીના ઓક્સિજન પ્લાન્ટમાં એકાએક થયેલાં આ પ્રચંડ ધડાકામાં કંપનીમાં કામ કરી રહેલાં પાંચ કર્મચારીઓનાં મોત થયા હોવાની પ્રાથમિક વિગતો જાણવા મળી રહી છે. બ્લાસ્ટમાં ઈજાગ્રસ્ત થયેલાં લોકોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પાદરાની એમ્સ ઓક્સિજન કંપનીમાં બ્લાસ્ટ થયો હતો. બનાવની જાણ થતાં જ ફાયરબ્રિગેડ સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. તો સારવાર દરમિયાન એક મજૂરનું મોત નિપજતાં આ દુર્ઘટનામાં મોતનો આંકડો ૬ થયો હતો.

પાદરાના ગવાસદ ગામે આવેલી એમ્સ ઓક્સિજન કંપનીમાં બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટને કારણે સાતથી આઠ મજૂરોને ઈજાઓ પહોંચી હતી. અને આ તમામ મજૂરોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઓક્સિજનનો બાટલો ફાટ્યો હોવાને કારણે પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. અને બ્લાસ્ટ બાદ કંપનીમાં આગ લાગી ગઈ હતી. બ્લાસ્ટને કારણે કંપનીમાં કામ કરી રહેલાં લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

# નડિયાદમાં પોષ સુદ પૂનમે સંતરામ મંદિરે લાખો મણ બોરની ઉછામણી

નડિયાદ : શુક્રવારે પોષી પૂનમના દિવસે નડિયાદ સંતરામ મંદિરમાં શ્રધ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટયું હતું. વહેલી સવારથી રાત સુધી શ્રધ્ધાળુઓનો અવિરત પ્રવાહ જોવા મળ્યો હતો. ભક્તોએ દર્શનનો લ્હાવો લઈ બોરની ઉછામણી કરી હતી. પોષની પૂનમે બોર ઉછાળવાનો અનેરો મહિમા હોવાથી શુક્રવારે હજારો મણ બોરની ઉછામણી કરી ભક્તો સંતરામ મંદિરની ભક્તિના રંગે રંગાયા હતા.મંદિર પરિસર જય મહારાજના જયઘોષથી મંદિર પરિષર ગૂંજી ઉઠયુ હતું. સંતરામ મંદિરના માર્ગો પર માનવ મહેરામણ જોવા મળ્યુ હતુ. શુક્રવારે પોષ સુદ પૂનમ હોવાથી વહેલી સવારે મંદિર ખુલી ગયા હતા. મંદિરના ગાદિપતિ પૂ. રામદાસજી મહારાજને પરોઢિયે રોજની પરંપરા મુજબ તિલક કરવામાં આવ્યુ હતુ. સવારે મંદિર ખુલ્યા તે સાથે જ શ્રધ્ધાળુઓનો ધસારો શરૂ થઈ ગયો હતો. મંદિરમાં ઉમટેલા ભાવિકભક્તોએ સમાધિ સ્થાન, અખંડ જ્યોત તથા પૂ. મહારાજશ્રીના દર્શન કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. પોષી પૂનમના મહિમા મુજબ આજે મંદિરના ચોકમાં ભક્તોએ બોરની ઉછામણી કરી હતી. સવારે મંદિર ખુલ્યા બાદ શ્રધ્ધાળુઓએ દર્શન કરી લીધા બાદ બોરની ઉછામણી શરૂ કરી હતી. જે રાત્રે મંદિરના દ્વારા બંધ થયા ત્યા સુધી અવિરત રહેવા પામી હતી. મંદિરની આસપાસ તથા અન્ય જગ્યાઓએથી શ્રધ્ધાળુઓ થેલીઓ અને કોથળા ભરીને બોર લઈ મંદિરમાં આવ્યા હતા. જે બાળકો બોલતા ન હોય અથવા તોતડું બોલતા હોય તેઓ સારી રીતે બોલતા થાય તે માટે શ્રધ્ધાળુઓ બાધા માનતા રાખતા હોય છે.


Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance
We represent many insurance companies, we can shop around for best rates.



Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

# રાજકોટમાં PSIના મિસ ફાયરિંગમાં સ્પા સંચાલક મિત્રના મોતથી હોબાળો

રાજકોટ : રાજકોટ શહેર પોલીસ માટે હથિયાર જાણે ઉપાધી બની ગઈ છે. થોડા વખત પહેલા મહિલા એ.એસ.આઈ.ની જ સર્વિસ રિવોલ્વરમાંથી મહિલા એ.એસ.આઈ. અને પ્રેમી સાથી પોલીસ કર્મીનું મોત થયું હતું. ત્યારે આવી જ વધુ એક ઘટનામાં એ ડિવીઝન પોલીસમથકના પી.એસ.આઈ. પી.પી. ચાવડાના હાથે જ તેમની સર્વિસ રિવોલ્વરમાંથી એસ.ટી.પોલીસ ચોકીમાં જ ફાયરીંગ થતા મવડી વિસ્તારના અંકુર રોડ પર આવેલી વૃદાવન સોસાયટી-રમાં રહેતા સ્પા સંચાલક હિમાંશુ દિનેશભાઈ ગોહેલનું મોત નિપજ્યાની ઘટના ઘટતા પોલીસબેડામાં દોડધામ થઈ પડી હતી. તો આ મામલે પોલીસે મોડીરાત્રે ૅજૈં ચાવડાની ધરપકડ કરીને છ ડિવિઝન પોલીસે બેદરકારીથી મોત નિપજાવવાનો ગુનો દાખલ કર્યો હતો. સાથે જ પી.એસ. આઇ ચાવડાની સર્વિસ રિવોલ્વર પણ કબજે કરવામાં આવી છે.

ઘટનાની વાત કરીએ તો, યાજ્ઞિકરોડ પર પ્રમુખ સ્વામી આર્કેડ બિલ્ડીંગમાં સ્પા ચલાવતો હિમાંશુ ગોહેલ બિલ્ડીંગ નજીક જ ૩૦૦ મીટર જેવા અંતરે આવેલી એસ.ટી.બસ સ્ટેશનની અંદર જ આવેલી પોલીસ ચોકીએ પી.એસ.આઈ. ચાવડાને મળવા માટે ગયો હતો. એ સમયે અચાનક જ પીએસઆઈ ચાવડાની સર્વિસ રિવોલ્વરમાંથી ફાયર થતા ગોળી સામે રહેલા હિમાંશુના માથા પર ખુંપી ગઈ હતી અને હિંમાશું ત્યાં જ ઢળી પડયો હતો. હોસ્પિટલે ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યો હતો. જોકે મૃતકના પરિવારજનોએ આરોપી ચાવડા સામે હત્યાનો ગુનો દાખલ કરાયો છે.

# પોરબંદરમાં માલધારીઓ દ્વારા માર્ગો પર ચક્કાજામ, ૬૦ની અટક

- લોકરક્ષકની ભરતીનાં મુદ્દે ૩૫ દિવસે પણ ઉકેલ ન આવતા રોષ

પોરબંદર : રાજય સરકાર દ્વારા લોકરક્ષકની ભરતીમાં રબારી, ચારણ સહિત માલધારીઉઓને થઈ રહેલા અન્યાય અનુસંધાને પોરબંદરમાં ૩૫ દિવસથી ચાલી રહેલા આંદોલન બાદ પણ તંત્ર જાગ્યું નહીં હોવાથી ના છુટકે માલધારઓએ રોડ ઉપર ઉતરીને ચક્કાજામ કરવું પડયું હતું. જેમાં ૬૦ જેટલા આગેવાનો કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. પોરબંદરમાં જિલ્લા કલેકટર કચેરી સામે છેલ્લા ૩૫ દિવસથી માલધારીઓ આંદોલન ચલાવી રહ્યાં છે. લોકરક્ષકની ભરતીમાં થયેલા અન્યાય સામે ચાલી રહેલી લડતમાં અલગ અલગ પ્રકારને અત્યાર સુધીમાં અનેકવિધ વિરોધ પ્રદર્શનો દર્શાવ્યા છે તેમ છતાં તંત્ર જાગ્યું નથી. માલધારી સમાજના ભુવાઆતાશ્રીઓએ ગાંધીનગરમાં પણ છાવણી શરૂ કરીને લડત હાથ ધરી છે તો બીજી બાજુ રાજકોતટમાં પણ મહારેલી યોજાયા બાદ હજુ સુધી સરકાર ટસની મસ થઈ નથી ત્યારે પોરબંદરમાં ઉપવાસી છાવણી નજીક માલધારીઓએ રસ્તા પર આવી ચક્કાજામ કર્યું હતું.

# પોરબંદરમાં ૧૫ લાખની લેતીદેતી મામલે આધેડની છરી મારી હત્યા

પોરબંદર : પોરબંદરના રામ ગેસ્ટ હાઉસ નજીક ગણેશ કોલોની વિસ્તારમાં રહેતા કાનજીભાઈ દામાભાઈ હોદારે વાઘેશ્વરીપ્લોટમાં રહેતા સુરેશ ઉર્ફે સુરીયો ગોટાલાને ૧૫ લાખ રૂપિયા આપ્યા હતાં. આ સુરેશ બાદશાહી નો લાકડીબંદર પુલ પાસે ધનરાજ નામનો મચ્છીનો દંગો આવેલો છે અને તેની ઓફીસમાં ગઈકાલે રાત્રે તેણે કાનજીભાઈ હોદારને બોલાવ્યા હતાં. ત્યારબાદ સુરેશના બનેવી ખારવાવાડ જલારામ મંદિર પાસે રહેતા કીશોર ભીખુ જુંગીએ છરી વડે આડેધડ ઘા મારીને કાનજીભાઈને ગંભીર ઈજા પહોંચાડતા તે ફસડાઈ પડયા હતાં.

આથી લોહીલુહાણ હાલતમાં તેમને સરકારી ભાવસિંહજી હોસ્પિટલે લાવવામાં આવ્યા હતાં. ત્યાંથી પરિસ્થિતિ વધુ ગંભીર બનતા ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતાં. બન્ને જગ્યાએ ડોકટર નહીં હોવાથી વધુ સારવાર માટે રાજકોટ ખારવા સમાજની એમ્બ્યુલન્સમાં લઈ જવાતા હતાં. પરંતુ કુતિયાણા પાસે પહોંચતા જ ઘાયલ કાનજીભાઈએ દમ તોડી દેતાં કુતિયાણાની સરકારી હોસ્પિટલમાં લઈ ગયા હતાં. જયાં તેમને મૃત્યુ પામ્યા હોવાનું જાહેર કરતા લાશને પોરબંદરની ભાવસિંહજી હોસ્પિટલે લાવવામાં આવ્યા હતાં અને પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# વિસાવદર પાસે સિટી રાઈડ બસ પલ્ટી જતા ૬ મુસાફરોનાં મોત, ૨૧ને ઈજા

- સાવરકુંડલાથી પૂરપાટ ઝડપે જૂનાગઢ તરફ બસ જતી બસને ગંભીર અકસ્માત



જૂનાગઢ : સાવરકુંડલામાં સોમવારે બપોરે સાવરકુંડલાથી જીજે૧૧એક્સ ૭૨૩ નંબરની ખાનગી સિટી રાઈડ બસ જૂનાગઢ તરફ આવવા માટે નીકળી હતી. આ બસમાં ૫૦થી વધુ મુસાફરો સવાર હતા. બસમાં ક્ષમતા કરતા વધુ મુસાફરો હોવા છતા બસનો ચાલક તેને પૂરપાટ ઝડપે ચલાવી રહ્યો હતો. આ ખાનગી બસ બપોરે બે વાગ્યા આસપાસ વિસાવદર તાલુકાના વેકરીયા નજીક પહોંચી ત્યારે બસના ચાલકે બસ પરનો કાબુ ગુમાવી દીધો હતો અને બસ પલ્ટી મારી ગઈ હતી. બસરોડથી ત્રીસેક ફુટ દૂર ફંગોળાઈ ગઈ હતી. બસની છત નીકળી ગઈ હતી અને ટાયર ૩૦૦ ફુટ દૂર ફંગોળાયા હતા. આ ગંભીર અકસ્માતમાં બસમાં બેસેલા વિસાવદર તાલુકાના લાલપુરના વાલજીભાઈ પ્રેમજીભાઈ મોલાડીયા (ઉ.વ. ૬૫), જૂનાગઢના ભીખાભાઈ નાથાભાઈ જોગદીયા (ઉ.વ. ૫૮), વિસાવદરના સલીમભાઈ વલીમહમદ બ્લોચ (ઉ.વ. ૪૦) તથા ધારી તાલુકાના જીરા ગામના શામજીભાઈ કાનજીભાઈ મકવાણાનું ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે જ મોત થયું હતું.

# ચોરવાડમાં ૯૦૦ કરોડનું કૌભાંડ કરનાર કંપનીના MD સહિત ૪નો કબજો લેવાયો

- મહારાષ્ટ્ર, ગોવા, સેલવાસ તથા ગુજરાતમાં ત્રણ લાખથી વધુ લોકોના કરોડ ખાઈ ગયા

જૂનાગડ : ચોરવાડ તથા આસપાસના વિસ્તારના લોકોને ડબલ નાણા તથા વધુ નફો આપવાની લાલચ આપી કરોડોનું કૌભાંડ કરનાર અથર્વ ફોર યુ કંપનીના એમ.ડી. ડાયરેકટર ચેરમેન, સહિત ચાર શખ્સોનો જૂનાગઢ એલ.સી.બી.એ મુંબઈની આર્થર રોડ જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે કબ્જો મેળવી ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. આ ઠગ ટોળકીએ ચોરવાડ પંથકના ૧૫૦૦ જેટલા લોકોના ચારથી પાંચ કરોડ અને મહારાષ્ટ્ર, ગોવા, સેલવાસ અને ગોવાના ત્રણ લાખથી વધુ લોકોના ૯૦૦ કરોડ ચાઉ કરી ગયા છે.

ચોરવાડના ખેરા રોડ પર મુંબઈની અથર્વ ફોર યુ ઈન્ફ્રા એન્ડ એગ્રો. લીમીટેડ નામની કપની ખોલી લોકોને ત્રણ વર્ષમાં ડબલ નાણા આપવા તથા વધુ નફો આપવા લાલચ આપી હતી. જે બાદ સેંકડો લોકો સાથે કરોડોની છેતરિપંડી થઈ હતી. આ મામલે ૧૬.૯૫ લાખની છેતરપિંડી અંગે ચોરવાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઈ હતી. એલસીબીની તપાસમાં કૌભાંડના મુક્ય સુત્રધાર અથર્વ ફોર યુ કંપનીના ચેરમેન મુકેશ બાબુલાલ સંદેશા એમડી. સચિન હનુમંત ગોસાવી, ડાયરેકટર ગણેશ રામદાસ હઝારે તથા શિવાજી શંકર નિકાડે મહારાષ્ટ્ર, ગોવા, સેલવાસના ત્રણ લાકથી વધુ લોકોના ૯૦૦ કરોડના કૌભાંડ પ્રકરણમાં મુંબઈની આર્થર રોડ જેલમાં હતા. જયાંથી જૂનાગઢ એલ.સી. બી. પી.આઈ. આર.સી. કાનમિયા સહિતના સ્ટાફે ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી ચારેયને જૂનાગઢ લાવી ત્રણ દિવસના રિમાન્ડ મેળવાયા હતા.

આ અંગે તપાસનીશ અધિકારી આર.સી. કાનમિયાએ જણાવ્યું હતું કે, ચોરવાડ તથા આસપાસના સામાન્ય પ્રજાજનોના ચારથી પાંચ કરોડનું આ શખ્સોએ કૌભાંડ કર્યું છે.

# જયંતી ભાનુશાલી હત્યા કેસમાં વધુ એક નેતા પર કસાશે કાનૂની સકંજો

ભુજ : અબડાસાના પુર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાલી હત્યા કેસમાં અત્યાર સુધીમાં એક ડઝન આરોપીની ધરપકડ થયા બાદ પણ આ કેસ ફરતે રહસ્યોના અનેક તાણાંવાણાં ગુંથાયેલા છે. અગાઉ પ્રથમ ચાર્જશીટ રજુ થયા બાદ હત્યા મામલે પુર્વ ધારાસભ્ય છબીલ પટેલની ધરપકડ બાદ પુરક ચાર્જશીટ રજુ થયું હતું, ત્યારબાદ મનિષા અને ભાઉની ધરપકડ અને પછી એક નાસતા-ફરતા આરોપી નિખીલ થોરાટના સીટ સમક્ષ આત્મ સમર્પણ બાદ ફાઈનલ ચાર્જશીટ રજુ થવાની સંભાવના હતી. આ દરમિયાનમાં મનજી ભાનુશાળી(બાપુ)ને સીટે સમન્સ પાઠવ્યા બાદ આ કેસમાં એક નવો વળાંક આવ્યો છે. બબ્બે સમન્સ બાદ પણ તેઓ સીટ સમક્ષ હાજર ન થતા હોય તેમના વિશે અનેક અટકળો ચાલી રહી છે તેવામાં હજુ વધુ એક શખ્સને સમન્સ પાઠવવામાં આવે તેવા અહેવાલો મળી રહ્યા છે. મુળ કચ્છી અને અબડાસા બેઠક પરથી ચૂંટણી લડવા નાણાંના જોરે ભાજપમાંથી ટિકીટ મેળવવાના પ્રયાસોમાં નિષ્ફળ જનાર કચ્છના મુંબઈગરા સિઝનલ નેતાને પણ સીટનું તેડું આવે તેવા અહેવાલો મળી રહ્યા છે. હાલે, હજુ ફાઈનલ ચાર્જશીટ રજુ થયું નથી તેવા વખતે મનજી બાપુને પાઠવાયેલું સમન્સ અને હવે આ સિઝનલ નેતાને જો સમન્સ મળે તો આ કેસમાં હજુ વધુ કડાકા-ભડાકા થવાની શક્યતાનો ઈન્કાર થઈ શકે નહીં.

# બોટાદ ભાજપમાં ભડકો: મંત્રી સામે મહામંત્રીએ છેડયો જંગ

- ખરીદ વેચાણ સંઘની ચૂંટણીના પગલે ભાજપમાં વિવાદ

ભાવનગર : બોટાદ તાલુકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી માટેની મુદત તા. ૧૫ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ પૂર્ણ થઈ ગઈ છે અને કોઈ કારણસર હજુ સુધી ચૂંટણી કરવામાં આવતી નથી. ચૂંટણી પાછળ ધકેલવામાં આવી રહી છે. આ અંગે બોટાદ તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન અને બોટાદ જિલ્લા ભાજપના મહામંત્રી મનહર માતરિયાએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે, ચૂંટણીની તૈયારી ગત ઓકટોબર માસથી ચાલી રહી હતી. પરંતુ બોટાદના ધારાસભ્ય સૌરભ પટેલ અધિકારીઓને કહી ચૂંટણી થવા દેતા નથી. માતરીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે, તેઓ ૧૦ વર્ષથી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ છે અને છેલ્લા ૩૦ વર્ષથી તેઓ ભાજપ સાથે જોડાયેલા છે પરંતુ ધારાસભ્ય સૌરભ પટેલ તેઓને પ્રમુખ પદેથી દુર કરવા માંગે છે તેથી ચૂંટણી સમયસર થવા દેતા નથી. ધારાસભ્યને હાજી નાજી વાળા લોકો જ ગમે છે અને સક્રિય કાર્યકર સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે.

# રાજકોટમાં કરોડોની સંપત્તિ હડપવા બનેવીએ સાળાને જ ઝેર પીવડાવી મોતને ઘાટ ઉતાર્યો

રાજકોટ: રાજકોટમાં વોટર સપ્લાયર, હોટલ ધંધાર્થી રમેશભાઈ થોભણભાઈ સાકરીયાના યુવાન પુત્ર દેવુભાના ચાર માસ પહેલા તા.૨૪/૮ના રોજ થયેલા રહસ્યમય સંજોગોમાં મોતના બનાવમાં યુવકની ઝેર પાઈને હત્યા થયાનો ફોરેન્સિક રિપોર્ટમાં ધડાકો થયો છે. આ કિસ્સામાં જમાઈ હિસ્ટ્રીશીટર શખ્સ પડધરીના અશ્વિન રાઘવજીભાઈ ડોડીયાએ મિલ્કત હડપ કરી જવા બે સાગરીતો નરેશ ઉર્ફે પોલીયો નરશી સરવૈયા, અમિત ભીખાભાઈ ગુંદરી ચૌહાણ સાથે મળી દારૂમાં ઝેર પીવડાવી હત્યા કર્યાના આરોપસર રમેશભાઈએ ગુનો નોંધાવતા એ ડિવીઝન પોલીસે અશ્વિનની ધરપકડ કરી છે.

આણંદપર (બાઘી)ના વતની અને વર્ષોથી રાજકોટ કિશાનપરામાં રહેતા અને ઘર નજીક વોટર સપ્લાય તથા હોટલ ધરાવતા રમેશભાઈને સંતાનમાં આઠ પુત્રી અને સૌથી નાનો એકનો એક પુત્ર દેવુભા હતો. આઠ પૈકી સાત પુત્રીના લગ્ન થઈ ગયા છે જેમાં પુત્રી જાગૃતિના વીસ વર્ષ પહેલા પડધરીના રજપુતપરામાં રહેતા અશ્વીન ડોડીયા સાથે લગ્ન થયા હતા. પુત્રી જાગૃતિ જન્માષ્ટમી પર્વ નિમિતે ગત સાતમના દિવસે સવારે રાજકોટ પિતાના ઘરે આવી હતી. સાંજે જમાઈ અશ્વિન આવ્યો હતો.

જે બાદ રાત્રીએ અશ્વિન અને અન્યો આવ્યા સાથે પુત્ર દેવુભા હતો તેને અશ્વિન અને તેના સાગરીતોએ હોટલ પાછળના ભાગે ખાટલા પર સુવડાવ્યો હતા બાદમાં તે યુવકને બેશુધ્ધ હાલતમાં સિવિલમાં લઈ જવાતા મોત નિપજ્યું હતું. જે તે સમયે પરિવારે વ્યક્ત કરેલી શંકાના આધારે ફોરેન્સિક પી.એમ. સાથે વિસેરા લેવાયા હતા.

# વાપી જીઆઈડીસીમાં બે મહિલાની ભેદી સંજોગોમાં હત્યા થતાં પોલીસની દોડધામ

**• વાપીમાં રાત્રે ૯ વાગ્યે બાઈક પર આવેલા બે શખ્સોએ છ રાઉન્ડ ફાયરિંગ કર્યું**

વાપી : વાપી જીઆઈડીસીમાં મહાકાલી મંદિરની નજીક રહેતી બે મહિલાને શનિવારે રાતે બાઈક ઉપર આવેલા શખ્સોએ ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી ગઈ હતી. વાપી જીઆઈડીસી ચાણોદ કોલોનીમાં આરસીએલ ૭૭/૯૨ ઉમા રહેતા રેખાબેન બ્રહ્મદેવ મહેતા (ઉ.વ. ૫૧)ના ઘરે શનિવારે મોડી સાંજે એક નંબર વગરના સીબીઝેડ મોટરસાઈકલ ઉપર અજાણ્યા શખ્સોએ આવ્યા હતા. આ શખ્સોએ મહાકાલી મંદિરની બાજુમાં તેમના ઘરમાં ધસી જઈ અંધાધૂંધ ફાયરિંગ કરી રેખાબેન તથા તેમને ત્યા મહારાષ્ટ્ર પુનાથી આવેલા સખી દુર્ગાબેન ઉર્ફે અનિતા શેખર ખડશે (ઉ.વ.૪૭)ને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ ઘટનાની જાણ થતાં જ વાપી જીઆઈડીસી પોલીસ તથા ડીવાયએસપી અને જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે ધસી ગયા હતા અને ઘટનાનો ક્યાસ કાઢવાનો પ્રયાસ કર્યો હતો. હત્યારા લાલ રંગની સીબીઝેડ બાઈક ઉપર આવ્યા હતા અને ૩૦ તે ૩૫ વર્ષની ઉંમરના જણતા હતા. હત્યારાઓએ પોતાની ઓળખ છુપાવવા ચહેરા ઉપર નકાબ પહેર્યો હતો. ઘટના અંગે જાણ થયા બાદ પોલીસે નાકાબંધી પણ કરાવી હતી, પરંતુ તેમ છતાં આરોપીઓ પકડાયા ન હતી. બીજી તરફ રેખાબેનની સાથે જેમની હત્યા થઈ છે તે દુર્ગાબેન ઉર્ફે અનિતા શેખર તારીખ ૨૬-૧૨-૧૯ના રોજ મહારાષ્ટ્ર પુનાથી અહીં આવ્યા હતા અને તે આટલા દિવસ કેમ રોકાયા તે પણ એક પ્રશ્ન બને છે. હત્યા બાદ હત્યારાઓએ રેખાબેનના ઘરમાં કોઈપણ પ્રકારની ચોરી કરી હોય કે લૂંટ કરી ન હતી.

# પાટીદાર આંદોલન વેળા તોડફોડ અંગે ૪.૫ વર્ષ પછી ગુનો નોંધાયો

**• વરાછામાં હથિયારધારી ટોળાએ વાહનોમાં તોડફોડ કરી વૃધ્ધને ઈજા કરી હતી**

સુરત : અમરેલીના વતની અને હાલ સુરતમાં મોટા વરાછા તળાવની બાજુમાં સાંઈ દર્શન એપાર્ટમેન્ટ ફ્લેટમાં રહેતા મોહનભાઈ જીવરાજભાઈ હિરપરા નિવૃત જીવન ગાળે છે. ગુજરાતભરમાં ગત ઓગસ્ટ ૨૦૧૫ માં શરૂ થયેલા પાટીદાર આંદોલનના સમયે ગત ૨૬ ઓગસ્ટ ૨૦૧૫ ના રોજ બપોરે ૧૨.૪૦ કલાકે મોટા વરાછા આહીર ફળીયામાં રહેતા દિલીપ પેરીસ, મેગીલાલ કાનાભાઈ, ફુગ્ગો સહિત ૧૫ થી ૨૦ વ્યક્તિ ઘાતક હથિયારો સાથે એપાર્ટમેન્ટના પાકગમાં ઘુસી ગયા હતા. ટોળાંએ વાહનો અને ફ્લેટની બારીઓના કાચ તોડી ત્યાં હાજર મોહનભાઈ અને અન્ય રહીશો ઉપર હુમલો કરતા મોહનભાઈ ઉપરાંત જનકભાઈ કોશીયા, ભાવેશભાઈ, બાબુભાઈ માણીયાને ગંભીર ઈજા થઈ હતી. જયારે અન્યોને સામાન્ય ઈજા થઈ હતી. તમામને હોસ્પિટલમાં સારવાર કરાવ્યા બાદ આ બનાવમાં અરજી કરાઈ હતી. અરજી બાદ આ અંગે કોર્ટમાં ફરિયાદ કરતા કોર્ટે ગુનો નોંધવા આદેશ કર્યો હતો. આથી કોર્ટના આદેશને પગલે અમરોલી પોલીસે ગતરોજ હત્યાનો પ્રયાસ, રાયોટીંગનો ગુનો નોંધ્યો હતો.

# વિજલપોર થપ્પડકાંડમાં પાલિકા પ્રમુખ સહિત ૧૫૦નાં રાજીનામાં

અમદાવાદ: નવસારી જિલ્લાના વિજલપોર પાલિકાના પ્રમુખ સહિત ૧૫૦ કાર્યકર્તાઓએ ભાજપમાંથી રાજીનામાં આપી દીધા હતાં. થપ્પડકાંડને લઈને નગરપાલિકાના પ્રમુખ જગદીશ મોદીએ નારાજ થઈને રાજીનામું આપી દીધું હતું. જગદીશ મોદીના પગલે બીજા ૧૫૦ જેટલા કાર્યકર્તાઓએ પણ રાજીનામા આપી દીધા હતાં. બળવાખોર ઉમેદવારોને ભાજપે સસ્પેન્ડ ન કરતા ભાજપ કાર્યકર્તાઓ નારાજ થયા હતા. નવસારી ભાજપને આ રીતે ફટકો લાગતા અનેક રાજકીય અટકળો શરૂ થઈ ચૂકી છે. બળવાખોર ઉમેદવારોએ જગદીશ મોદીને થપ્પડ મારવાના મામલે આ ઘટના વિવાદાસ્પદ બની હતી. બળવાખોર સભ્યો સામે કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા તેમજ આ બળવાખોર સભ્યોને પક્ષમાંથી દૂર ન કરાતા ૧૫૦ જેટલા કાર્યકર્તાઓ નારાજ થયા હતા.

# કામરેજના ખોલવડમાં નાણાકીય અદાવતમાં બે ભાઈઓની હત્યા

કામરેજ : કામરેજ તાલુકાનાં ખોલવડ ગામે આવેલા અમૃતનગરમાં ૭૫ નંબરનાં લુમ્સનાં કારખાનામાં મજૂરી કામ કરતા બંટી સોમપાલ જાટ, નિરુ સોમપાલ જાટ ઉપરોકત લુમ્સનાં કારખાનામાં મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. ઉપરોકત બંને ભાઈઓને પૈસાનાં મામલે પોતાનાં હમ વતની જોડે ખટરાગ ચાલતો હતો.

ઉતરાણનાં તહેવાર નિમિત્તે રજાનો દિવસ હોય મોડી રાત્રે ભેગા થયેલા પરપ્રાંતીય હમવતની સાથે બંટી અને નીરુ વચ્ચે બોલાચાલી થઈ હતી. સામાન્ય બોલાચાલીએ ઉગ્રસ્વરુપ ધારણ કરી લીધું હતું. નાણાંની લેતીદેતી મામલે કારખાનાનાં માળ ઉપર ભેગા થયેલા હમવતનીઓએ બંટીને લાકડા તેમજ લોખંડનાં પાઈપનાં ફટકા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. સામૂહિક મારનો ભોગ બનેલો બંટી લોહીલુહાણ હાલતમાં ઉપર ઘટના સ્થળે જ મોતને ભેટ્યો હતો. જ્યારે હુમલાખોરોનાં માથે સવાર ઝનૂન જોઈ પરિસ્થિતિ પામી ગયેલો નીરુ ભાગવા જતા હુમલા ખોરોએ નીરુને પણ નિશાન બનાવી માર મારી તેની પણ હત્યા કરી નાંખી હતી. સમગ્ર ડબલ મર્ડર ઘટનાની કામરેજ પોલીસને જાણ થતા ચોંકી ઊઠેલી પોલીસે બનાવનાં સ્થળે દોડી જઈ બંને ભાઈઓની હત્યામાં સોનું જાટ, રણજિત જાટ, અરવિંદ જાટ, સુરજ જાટ, મહેશ જાટ, ઉમેશ જાટ, રમેશ જાટની પોલીસ તપાસ દરમિયાન હત્યામાં સંડોવણી બહાર આવી હતી.

# ખેડૂતો પરેશાન છે, દેશનું આર્થિક તંત્ર ખાડે ગયું છે: યશવંતસિંહા

સુરત : સોમવારે સુરતમાં પ્રવેશેલી ગાંધી શાંતિ યાત્રામાં દેશના પૂર્વ નાણામંત્રી યશવંત સિંહાએ સરકાર પર કટાક્ષ કર્યા હતા કે, વર્તમાન સરકાર કોઈની વાત સાંભળતી નથી. દેશનું આર્થિક તંત્ર ખાડે ગયુ છે. ખેડુતો પરેશાન છે. મહિલાઓ સુરક્ષિત નથી. આ સહિતના અનેક મુદ્દાઓ પરથી દેશનું ધ્યાન દૂર કરવા માટે બિનજરૂરી કાયદાઓ લઈને આવ્યા છે. આ કાયદો દેશની આર્થિક સ્થિતિ બગડી છે એટલે લવાયો છે. દેશની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પૂર્વ નાણામંત્રી યશવંત સિંહાની અધ્યક્ષતામાં ૯મી જાન્યુઆરીના રોજ મુંબઈથી ગાંધી શાંતિ યાત્રાની શરૂઆત થઈ હતી. આ યાત્રા રવિવારે સુરતમાં પ્રવેશી હતી. યશવંત સિંહાએ સુરતમાં પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, દેશની હાલની પરિસ્થિતિ કેન્દ્ર સરકારની ખોટી નીતિના કારણે થઈ છે.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
Express Entry and all PNP
Early childhood educator | Medical lab technician
Account technician | Computer programmers and
Interactive media developers | Social workers
STUDY VISA | VISITOR VISA (TRV) | SUPER VISA
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
VADODARA OFFICE
2/A, Wagheshwary Society,
Vip Road, Vadodara.
CANADA OFFICE
94-499 Main Street South;
Brampton, Ontario, Canada.
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca
Website.: www.siis.ca

SHARP TRAVEL



Lowest and Special Fares to
Ahmedabad / Vadodara / Mumbai & Delhi
વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ



Air Ticket
Cruises
Vacation Packages
Insurance
info@sharptravel.ca
www.sharptravel.ca
tico.ca
Ph : 905-230-7855
Shoppers World Mall 94 - 499
Main St S Brampton L6Y1N7
BRITISH AIRWAYS JET AIRWAYS AIR CANADA KLM Emirates ETIHAD







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## ટેક્નોલૉજીના વધી રહેલા પ્રભાવમાં વિવિધ ક્ષેત્રના અનેક કામોમાં જોવા મળશે સેન્સરનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર

# હવે ઇન્ટેલિજન્ટ ઇકોનૉમીની રહેશે બોલબાલા

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

સમસ્ત જગતે છેલ્લાં બે દાયકામાં ટેકનોલોજી ક્ષેત્રે ભારે હરણફાળ ભરી છે. આ જ સમયગાળામાં માણસે શોધેલી એનરોઈડ સિસ્ટમ આજે વિકાસશીલ દેશોમાં ઘર ઘર સુધી પહોંચી છે. સ્માર્ટફોન અને ઈન્ટરનેટથી પણ આજે વિશ્વના કોઈપણ ખૂંણે વાત કરવી, સંદેશાની આપ લે કરવી કે પછી હલનચલન કૃતિની પ્રતીતી સાથે સંપર્ક કરવો, આ બધુ જ શક્ય બન્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ટેક્નોલૉજી સતત વિકાસના પંથે રહી છે અને આ સદીમાં તો સંશોધકોએ કરેલા સંશોધનો અદ્ભૂત છે. મોબાઈલ ફોન અને એમાંય સ્માર્ટફોનના આગમનથી માનવીનું જીવન બદલાઈ ગયું છે. ઑનલાઈન બૅન્કિંગ, ઑનલાઈન પેમેન્ટ, ઑનલાઈન શૉપિંગ જેવા અવનવા ઉદ્યમોએ એને સુવિધા તો આપી જ છે. પણ તેની સાથે તેને મશીનપ્રેમી કરી દીધો છે. સ્માર્ટફોનના આગમને વ્યક્તિના સામાજિક જીવને પણ અલાયદી કરવટ લીધી છે. એ હદે કે, એક સમાંતર સમાજની જ જાણે સ્થાપના કરી દીધી. જો કે, આ સ્માર્ટફોનનું વળગણ એ હદે વધી ગયું કે, માણસ એનો જાણે કે બંધાણી હોય એવી સ્થિતિ જોવા મળી રહી છે. ઈન્ફર્મેશન ટેક્નોલૉજીમાં યુએસએ ઘણું આગળ છે. એશિયાના ટચુકડા દેશ ગણાતા દક્ષિણ કોરિયાએ પણ ઈન્ટરનેટ ક્ષેત્રે નોંધપાત્ર સંશોધન કર્યા છે. જયારે ચીન તો ચુપચાપ ટેક્નોલૉજી ક્ષેત્રે આગળ વધી રહ્યું છે. ચીનની હ્યુવે કંપનીએ સ્માર્ટફોનની દુનિયામાં મચાવેલી હલચલ જાણીતી છે. ચીનમાં ઈન્ટરનેટ ક્ષેત્રે મહાકાય કહી શકાય એવી કંપનીઓ કાર્યરત છે. એવી જ એક કંપનીના સહ સ્થાપક અને અધ્યક્ષ રૉબિન લી જણાવે છે કે 'એકવીસમી સદીનો બીજો દાયકો (૨૦૧૦થી ૨૦૧૯ સુધીનો સમય) ઈન્ટરનેટ ઈકોનૉમીનો હતો. ઘણાં કારોબાર અને લેણદેણ ઑનલાઈન થઈ ગયા છે. હવેના દાયકામાં બીજો એક મહત્ત્વનો ફેરફાર જોવા મળશે. ૨૦૨૦થી શરૂ થયેલો આ નવો દાયકો નવા ફેરફારો લાવશે અને આ દાયકો ઈન્ટેલિજન્ટ ઈકોનૉમીનો રહેશે અને એઆઈ તરીકે ઓળખાતી આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો એમાં સિંહફાળો રહેશે.' રોબિલ લી વધુ વાત કરતા કહે છે કે, આગામી ૧૦ વર્ષમાં લોકો સ્માર્ટફોન પર ઓછો આધાર રાખતા થઈ જશે. આવું કેમ થશે એની દલીલ કરતા રૉબિન લી જણાવે છે કે 'ટેક્નોલૉજીના વધી રહેલા પ્રભાવને કારણે તમે જ્યાં જશો ત્યાં સેન્સરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોવા મળશે. આ સેન્સરો ખૂબ જ શક્તિશાળી હશે અને તમારી સેવામાં ખડે પગે હાજર રહેશે.

તમારા જે પણ સવાલો હશે એના જવાબો એ આપી શકે એવી તેમની ક્ષમતા હશે. એટલે વિગતો જાણવા કે માહિતી મેળવવા તમારે મોબાઈલ ફોન ખિસ્સામાંથી બહાર નહીં કાઢવો પડે. સેન્સરને પૂછશો એટલે એ જવાબ આપી દેશે.' અગાઉના દાયકાની સરખામણીમાં આ એકદમ વિરોધાભાસી બાબત છે. તાજેતરમાં ૩૧ ડિસેમ્બરે પૂરા થયેલા ૨૦૧૦ના દાયકામાં દુનિયાનો માનવ સમુદાય મોબાઈલ ફોનનો આશ્રિત રહ્યો છે. બિલની ચૂકવણી, નાસ્તો-ભોજનની ડિલિવરી માટે પેમેન્ટ, રિટેલ ખરીદી માટેના પૈસા આપવા જેવી બાબતો માટે સ્માર્ટફોનનો બહોળો ઉપયોગ જોવા મળ્યો છે.

આ બદલાવને વિસ્તારપૂર્વક સમજાવતા રૉબિન લી આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના વધનારા પ્રભુત્વની વાત કરે છે. તેમનું માનવું છે કે, આ દાયકા દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં એઆઈ વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ (અનોખા સહાયક) તરીકે જવાબદારી સંભાળતો જોવા મળશે. આ વિચારને સમર્થન આપતી દલીલમાં તેઓ નોંધે છે કે, 'આપણે એક સરળ ઉદાહરણથી આ વાતને સમજવાનો પ્રયાસ કરીએ. બેંકીંગ ઈન્ડસ્ટ્રી આપણા દૈનિક જીવનમાં કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે એ આપણે જાણીએ છીએ.

માનવજીવનનો વિસ્તાર વધ્યો હોવાને કારણે બેંકોનો ફેલાવો પણ વધે એ જરૂરી બન્યું છે. જોકે, આજે પરિસ્થિતિ એવી છે કે, બેંકોને નવી બ્રાંચ શરૂ કરવામાં મુશ્કેલી પડી રહી છે. એટલે એ દિવસ દૂર નથી કે, લોકોને ખાતું ખોલવા માટે વર્ચ્યુઅલ આસિસ્ટન્સ (ટેક્નોલૉજીથી મળતી મદદ) મળશે. મારું તો માનવું છે અને અમુક અંશે અનુભવ પણ છે કે લોકોને સામે બેઠેલી વ્યક્તિ કરતા વર્ચ્યુઅલ વ્યક્તિ (ટેક્નોલૉજી) વધુ રાહત આપનારી લાગે છે. તેઓ આ પદ્ધતિમાં વધુ નિરાંતનો અનુભવ કરી રહ્યા છે.' એઆઈ - આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ આજે પણ બેંકીંગ અને ઈન્શ્યોરન્સ, કસ્ટમર સર્વિસીસ, શિક્ષણ, દવા ઉદ્યોગ સહિત કેટલાક ક્ષેત્રોમાં પોતાનું પ્રભુત્વ જમાવવા પ્રયાસ કરી જ રહ્યું છે. એનું એક ઉદાહરણ આપતા રૉબિન લી જણાવે છે કે 'આજની તારીખમાં વપરાશકારે ટેલિફોન માટે ટેરિફ પ્લાન પસંદ કરવો હોય તો ઘણી પળોજણ કરવી પડતી હોય છે. હવે એઆઈ એમાં મદદ કરશે અને એવી ઝડપે કરશે જે સદેહે હાજર રહેલી વ્યક્તિ માટે એટલા સમયમાં કરવું આસાન નહીં હોય. બીજી એક મહત્ત્વની જાણવા જેવી વાત એ છે કે, એઆઈને કારણે ફાર્મા ઈન્ડસ્ટ્રી નવી દવાની શોધ વધુ ઝડપથી કરી રહી છે. આમ, સમય અને શક્તિ એ બેઉનો બચાવ થાય છે.' 'એઆઈ ટ્રાન્સપોર્ટ ઈન્ડસ્ટ્રીમાં પણ ક્રાંતિ લાવી દેશે. ચીનમાં તો એના ઉપયોગને સફળતા મળી છે અને ટ્રાફિકની સમસ્યા અને એને કારણે થતા વિલંબમાં વીસથી ત્રીસ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.



આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ આજે પણ બેંકીંગ અને ઇન્શ્યોરન્સ, કસ્ટમર સર્વિસીસ, શિક્ષણ, દવા ઉદ્યોગ સહિત કેટલાક ક્ષેત્રોમાં પોતાનું પ્રભુત્વ જમાવવા પ્રયાસ કરી જ રહ્યું છે

એટલું જ નહીં, પણ અકસ્માતોની સંખ્યા પણ ઓછી થઈ જશે એવી આશા છે. એઆઈના બીજા એક મહત્ત્વના ઉપયોગ પ્રત્યે ધ્યાન દોરતા તેઓ જણાવે છે કે, ખોવાઈ ગયેલા લોકોને શોધી કાઢવામાં પણ એની મદદ મળી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં લાપતા થઈ ગયેલા નવ હજાર લોકોને શોધી શકાયા છે. વ્યક્તિની લગભગ દરેક બાબત આજે ડિજિટલાઈઝ થઈ રહી છે અને કમ્પ્યુટર્સને તમારી રજેરજની જાણકારી હોય છે ત્યારે વ્યક્તિની જ ડિજિટલ કૉપી બનવાનું શરૂ થઈ જાય એ સંભાવનાને નકારી શકાય નહીં.' અન્ય રસપ્રદ બાબત એ છે કે, આ ક્ષેત્ર સંબંધે આ દાયકામાં ચીન ભારતના સહયોગમાં કામ કરવા ખૂબ જ ઉત્સુક છે. આ સંદર્ભે વાત કરતા રૉબર્ટ લી જણાવે છે કે 'ભારતમાં સ્માર્ટફોનનું બહોળું માર્કેટ છે. દુનિયાના જે દેશોમાં સ્માર્ટફોનનું માર્કેટ વિસ્તરી રહ્યું છે એમાં ભારતનું નામ ઘણું આગળ છે. સાચું પૂછો તો ચીન પછી એ બીજા નંબરે આવે છે. આના પરથી એની વિશાળતાનો અંદાજ આવી જાય છે. એકવીસમી સદીના પહેલા બે દાયકામાં ભારત અને ચીનમાં એકંદરે પ્રભાવશાળી વિકાસ જોવા મળ્યો છે.

શરૂ થયેલા અને આગામી દાયકાઓ દરમિયાન આ બેઉ દેશ ઘણી પ્રગતિ કરશે એવા એંધાણ છે. થોડા સમય પહેલા ચીનમાં ભવિષ્ય પર દૃષ્ટિ કરતી એક કૉન્ફરસનું આયોજન કરાયું હતું. એમાં એક રોબો ડ્રોન સ્વરૂપમાં રાખવામાં આવ્યો હતો. જો ભવિષ્યમાં એનો સૂઝબૂઝથી ઉપયોગ કરાય તો સરસામાનની હેરફેર ખૂબ સરળ બની જશે અને એ પણ ઓછા ખર્ચે. લૉજિસ્ટિક ઈન્ડસ્ટ્રી તરીકે ઓળખાતો આ વ્યવસાય જનજીવન ધરમૂળથી બદલી નાખશે.હેલ્થકેર સેક્ટરમાં પણ રોબોના હાથની મદદથી દર્દીના લીવરનો અમુક હિસ્સો દૂર થતો લોકો નરી આંખે જોઈ શક્યા હતા. ગયા વર્ષે ચીનમાં રોબોની મદદથી આશરે દસેક હજાર ઑપરેશન થયાં હતાં. આ રોબો મનુષ્યનું જીવનધોરણ જ બદલી નાખશે એવું કહેવાઈ રહ્યું છે.



નોરા ફતેહીએ બોલીવૂડમાં ધીમે-ધીમે પણ નક્કર રીતે પોતાનું સ્થાન મજબૂત બનાવવાની શરૂઆત કરી દીધી છે. નોરાએ અત્યાર સુધી અનેક ફિલ્મમાં આઇટમ સોંગ કર્યા છે, આ તમામ ગીતો સુપરડુપર હિટ સાબિત થયા છે. હવે નોરાને સ્ટ્રીટ ડાન્સર થ્રીડી ફિલ્મ પર ખુબ આશા છે. આ ફિલ્મમાં તેનો વરૂણ-શ્રધ્ધા અને પ્રભુદેવા સાથે ખાસ રોલ છે. તેને અભિનય કરવાની તક મળી છે. નોરા કહે છે અલગ-અલગ પ્લેટફોર્મ પર કામ કરવાનો મારો નિર્ણય સારો રહ્યો છે. સાથોસાથ મને ઘણા અનુભવ થયા છે અને આ અનુભવોએ જ સારી કલાકાર બનાવી અકીલા છે. મારી કારકિર્દી હજુ પહેલા તબક્કામાં છે. હું હજુ પણ નવી કલાકાર છું. પણ અત્યાર સુધીની મારી સફર ખુબ શાનદાર રહી છે.



## શાહિદ કપૂર શૂટિંગ દરમિયાન ઘાયલ : ચહેરા પર ૧૩ ટાંકા લેવા પડયા



મુંબઇ : શાહિદ કપૂર હાલ દક્ષિણની ૨૦૧૯ની તેલુગુ ફિલ્મ 'જર્સી'ની રિમેકનું શૂટિંગ કરી રહ્યો છે. આ દરમિયાન તેને ઈજા પહોંચતા શૂટિંગ ૪૦ દિવસ સુધી અટકાવી દેવામાં આવ્યું છે. આ ફિલ્મનું પ્રથમ શેડયુલ નવા વરસની સાંજના પુરુ થઈ ગયું હતું. આ ફિલ્મમાં શાહિદ રજની ક્રિકેટરની ભૂમિકા ભજવી રહ્યો છે. શૂટિંગ દરમિયાન લેધર બોલ બહુ ઝડપથી તેના પર ફેંકાયો અને તેના ચહેરા પર વાગતા ઊંડો ઘા પડી ગયો હતો. તેની દાઢીના ભાગમાં થયેલી ઈજામાંથી લોહી વહેવા લાગ્યું હતું અને તરત જ સોજો ચડી ગયો હતો. લોકેશન પર તાબડતોબ ડાકટરને બોલાવામાં આવ્યા હતા. અને શાહિદના ચહેરા પરના ઘા પર ૧૩ ટાંકા લેવા પડયા છે.તેને ચાર-પાંચ દિવસ સુધી આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. હવે પાંચ દિવસ પછી ડાકટર તેને તપાસીને નવો રિપોર્ટ આપશે. તેના પરથી ડોકટર તેને આગળની સલાહ આપશે.

# જેએનયુ વિવાદ બાદ દીપિકાની છપાકને બોક્સ ઓફિસ પર ફટકો



મુંબઇ : જેએનયુ વિવાદથી દીપિકા પદુકોણની મુશ્કેલીઓ ઓછી નથી થઇ રહી. તેની ફિલ્મ 'છપાક' પર પણ આ વિવાદની નબળી અસર પડી છે. બોક્સ ઓફિસ પર આ ફિલ્મની ખાસો ઝાટકો લાગ્યો છે. વાસ્તવમાં તેની કારકિર્દી પર પણ આ વિવાદની અવળી અસર પડી રહી છે. ઘણી બ્રાન્ડની કંપનીઓ વિજ્ઞાપનનો સમય ઘટાડી રહી છે, તો ઘણી કંપનીઓ તેની સાથેના કરાર બદલ પુનઃ વિચારકરી રહી છે.૨૦૧૫માં આવી જપરિસ્થિતિમાંથી આમિર ખાનને પસાર થવું પડયું હતું. તેના પણ ઘણા વિજ્ઞાપનોના કરાર રદ થયા હતા. સામાન્ય રીતે કંપનીઓ નોન કન્ટ્રોવર્શિયલ એકટર્સને પોતાના વિજ્ઞાપનમાં લેતી હોય છે. જેથી તેમના ફોલોઅર્સની સાથે તેના પ્રોડકટનું વેંચાણ વિવાદમાં સામેલ ન થાય તેમ ઈચ્છે છે. દીપિકાની જેએનયુ વિઝિટ તેની એક ખાસ પ્રકારની વિચારધારાની સ્પષ્ટ કરે છે. તે દેશની તરફેણમાં છે કે નહીં તે સ્પષ્ટ થાય છે. જેએનયુમાં દીપિકાની હાજરીમાં જ દેશ વિરૂદ્ધ નારા લાગ્યા હતા. આજ કારણે સોશિયલ મીડિયા પર પણ દીપિકાની ફિલ્મ પર પ્રતિબંધ મુકવાની પણ વાત કરી હતી. તેથી ઘણી બ્રાન્ડસની કંપનીઓને આ વિવાદમાં ઘસડાવું ન હોવાથી તેની સાથે અંતર રાખી રહ્યા છે. દીપિકા બોલીવૂડની જાણીતી અને ટોચની સ્ટાર છે, પરંતુ તે દેશને તોડનારી વિચારધારાને સમર્થન કરે તે તેના ચાહકોને પસંદ પડયું નથી. દીપિકા પાસે હાલ લગભગ ૨૦ બ્રાન્ડના વિજ્ઞાપન છે. જેમાંથી તેની વરસની કમાણી રૂપિયા ૧૦૦ કરોડ જેટલી થાય છે. મળેલી બાતમીને સાચી માનીએ તો, અડધો ડઝન જેટલી કંપનીઓએ તો કરાર સાથે ફેરફાર પણ કર્યો છે.



## મેલ એક્ટર કરતા વધારે ફિલ્મનું ઓપનિંગ જોઈએ

મુંબઈ : બોલીવુડ અભિનેત્રી વિદ્યા બાલન ટોચની અભિનેત્રીઓમાંથી એક છે. તેણે હાલમાં જ ઈચ્છા વ્યક્ત કરી છે કે તેને મેલ એક્ટર કરતાં વધારે ઓપનિંગ જોઈએ છે. એમાં ખાસ કરીને ત્રણેય ખાનની ફિલ્મો કરતાં તો વધારે ઓપનિંગ મેળવવાની ઈચ્છા છે. જો કે હાલમાં જે પરિસ્થિતિ છે એનાથી પણ વિદ્યા બાલન ઘણી ખુશ છે. વિદ્યા બાલને એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, મારે પુરુષ કલાકાર કરતાં વધારે ઓપનિંગ જોઈએ છે. હું લાલચી છું. મારુ માનવું છે કે હાલમાં હિન્દી સિનેમામાં દિલચસ્પ દોર ચાલી રહ્યો છે. આ દશકને લઈને હું ઘણી ઉત્સાહિત છું. વિદ્યાએ પોતાની વાત આગળ વધારતા કહ્યું કે, ૪૧ વર્ષીય મહિલા કલાકાર હોવાના નાતે મને એવા પ્રકારની ફિલ્મો મળી રહી છે કે હું ચિંતિત છું. જો કે વિદ્યાને તેની અમુક ફિલ્મોએ સારુ પ્રદર્શન કર્યું એનો રાજીપો પણ છે. જેમ કે, ડર્ટી પિક્ચર, કહાની, તુમ્હારી સુલુ, પરિણીતા, લગે રહો મુન્નાભાઈ વેગેરેપ વિદ્યાની હાલની ફિલ્મ મિશન મંગલ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે વિદ્યા એક જ એવી અભિનેત્રી છે કે જેની ફિલ્મો સારું ઓપનિંગ કરે છે. વિદ્યા બાલનને ત્રણેય ખાન અને અક્ષય કુમાર કરતાં પણ વધારે ઓપનિંગ મળે છે.

# કરિનાને પોતાનાથી નાની ઉંમરના યુવાન સાથે રોમાન્સ કરવો છે !



મુંબઇ : વેલ વેલ વેલ, તમે કાંઇ ઊંધું વિચારો તે પહેલાં તમને જણાવી દઇએ કે કરીના કપૂર ખાનનું લગ્નજીવન ખોરંભાયું નથી, કે ન તો તે સૈફ સાથે બેવફા છે, પણ તેણે આ વાત ફિલ્મો માટે કરી હતી. તેણે જણાવ્યું હતું કે હું મોટી થાઉં, મારી ઉંમર થઇ જાય પછી હું એવા રોલ નિભાવવા માંગું છું, જેમાં એક ઉંમરલાયક સ્ત્રી પોતાનાથી નાની ઉંમરના છોકરા સાથે પ્રેમમાં પડે અને તેની સાથે રોમાન્સ કરે. જેમ ચીનીકમ ફિલ્મમાં તબ્બૂને તેનાથી મોટા અમિતાભ બચ્ચન સાથે પ્રેમ થઇ ગયો હતો, તેમ હું મારાથી નાના છોકરા સાથે પ્રેમમાં પડતી હોઉં તેવી ફિલ્મ કરવા માંગું છું. આવું આપણી ફિલ્મોમાં ભાગ્યે જ જોવા મળતું હોય છે, અને હું આવું બતાવીને એક પાથને બ્રેક કરી અલગ પાથ બનાવવા માંગું છું. જો હાલ મને એવી કોઇ ફિલ્મ મળે તો હું હાલ પણ એવી ફિલ્મ કરવા તૈયાર છું. વેલ, પછી હસતાં હસતાં પોતે જ કહે છે કે હાલ મારી એટલી ઉંમર નથી કે નથી હું મોઢા ઉપરથી એટલી મોટી લાગતી કે જેથી મારે આવી કોઇ ફિલ્મ હાલમાં કરવી પડે. હાલ મને લીડ એક્ટ્રેસ તરીકે સારું કામ મળી રહ્યું છે અને તે હું કરી જ રહી છું.




TORQUE

Torque Contracting & Consulting

Commercial & Residential General Contracting Services

- Painting
- Flooring
- Trimwork
- Kitchen
- Basement
- Bathroom
- Electrical
- Plumbing
- HVAC

• Fully Insured/ WSIB

Hiten Mehta

President & Founder

647-283-8394 info.torquecc@gmail.com

@torquecc www.torquecc.com Torque_cc

SUPER VISA INSURANCE

( Monthly Plan Available)

We represent all Major Insurance Companies of CANADA

WE DEAL WITH

- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
- Visitors to Canada Insurance
- RRSP ( Retirement Plan)
- TFSA
- RESP ( Education Plan)



Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants

Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available

(CALL FOR FREE EVALUATION)

HIREN MODI

Independent Life Insurance Broker

Direct: 416-897-7073

Email: hirenjmodi@yahoo.com

" We help you secure your future"

# એમેઝોન ભારતમાં ૭૦૦૦ કરોડનું રોકાણ કરશે

**૨૦૨૫ સુધીમાં ભારતમાં બનેલી વસ્તુઓની નિકાસ વધારીને ૧૦ અબજ ડોલર કરવાની એમેઝોનની ખાતરી : હાલમાં એમેઝોન ઇન્ડિયા પર ૫.૫ લાખ ભારતીય વેપારીઓ અને ૬૦,૦૦૦ ભારતીય કંપનીઓ વેપાર કરે છે**

નવી દિલ્હી : ભારતના નાના અને મધ્યમ કદના બિઝનેસને ઓનલાઈન બનાવવા માટે એમેઝોન એક અબજ ડોલર(૭૦૦૦ કરોડ રૂપિયા)નું રોકાણ કરશે તેમ કંપનીના સ્થાપક જેફ બેઝોસે એક નિવેદનમાં જણાવ્યું છે. બેઝોસે વચન આપ્યું છે કે તે ૨૦૨૫ સુધીમાં ભારતમાં નિર્મિત ૧૦ અબજ ડોલરની વસ્તુઓ નિકાસ કરશે.

આ અગાઉ ઓનલાઈન રિટેલ જાયન્ટે ભારતમાં ૫.૫ અબજ ડોલરનું રોકાણ કરવાની ખાતરી આપી હતી. ઉલ્લેખનીય છે કે અમેઝોન માટે અમેરિકા પછી ભારત સૌથી મહત્ત્વપૂર્ણ બજાર છે.

તેમણે જણાવ્યું હતું કે અમે ભારતના લાંબા ગાળાના ભાગીદાર બનવા માગીએ છીએ. આગામી પાંચ વર્ષમાં એમેઝોન નાના અને મધ્યમ કદના બિઝનેસને ઓનલાઈન બનાવવા માટે એમેઝોન એક અબજ ડોલર(૭૦૦૦ કરોડ રૂપિયા)નું રોકાણ કરશે. જેનાથી ૨૦૧૫ સુધીમાં ભારતમાં નિર્મિત ૧૦ અબજ ડોલરની વસ્તુઓ નિકાસ કરવામાં મદદ મળશે.

આ લક્ષ્યાંકનો મુખ્ય ઉદ્દેશ એ છે કે ભારતની સમૃદ્ધિમાં વધુમાં વધુ લોકો સામેલ થાય. અમે આ જાહેરાત એટલા માટે કરી રહ્યાં છે કે કારણકે આ નીતિ અન્ય જગ્યાએ કાર્ય કરી રહી છે. જ્યારે કોઈ નીતિ કારગર નિવડતી હોય તો તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

એમેઝોનને આશા છે કે આ રોકાણ ભારતની સમૃદ્ધિમાં લાખો લોકો જોડાશે અને તેની સાથે જ ભારતમાં નિર્મિત વસ્તુઓ ભારતની સસ્કૃતિનો પ્રચાર કરશે. એમેઝોને અગાઉ જણાવ્યું હતું કે ૨૦૨૩ સુધીમાં ભારતમાંથી ઈ-કોમર્સ નિકાસ વધીને ૨૦૨૩ સુધીમાં વધીને પાંચ અબજ ડોલર થઈ જશે.

## અમેરિકામાં વસ્તી ગણતરી: શિખોની અલગ જાતીય સમૂહ તરીકે ગણના

વોશિંગ્ટન- અમેરિકામાં શિખ સમુદાય સાથે વધી રહેલા "હેટ ક્રાઈમ"નાં કારણે દેશની સરકારને ઘણીવાર નિશાન બનાવવામાં આવે છે.પરંતું હવે અમેરિકામાં નવો ઈતિહાસ બનવા જઈ રહ્યો છે. ખરેખર તો અમેરિકામાં વર્ષ ૨૦૨૦માં વસ્તી ગણતરી થવાની છે,તેમાં શિખ સમુદાયને પહેલી વખત એક અલગ જાતીય સમુહ તરીકે ગણતરી થશે. આ પહેલા ક્યારેય પણ શિખોને ક્યારેય પણ અલગ જાતીય સમુહ તરીકે ઓળખ મળી નથી.

સરકારનાં આ નિર્ણયથી શિખ સમુદાય ઘણો ખુશ છે, આ જ શ્રેણીમાં શિખોનાં એક સંગઠને જાણકારી આપતા સરકારનાં આ પગલાને માઈલસ્ટોન ગણાવ્યું છે. તેમણે કહ્યું કે સરકારનાં આ નિર્ણયથી હવે દેશમાં અન્ય લઘુમતી જાતિ સમુહોની અલગ વસ્તી ગણતરીનો માર્ગ મોકળો થશે, અત્રે ઉલ્લેખનિય છે કે અમેરિકામાં શિખોની વસ્તી લગભગ ૧૦ લાખ જેટલી છે.

અમેરિકાની વસ્તી ગણતરીનાં ડેપ્યુટી ડાયરેક્ટર રોન જર્મિને કહ્યું કે શિખોની ચોક્કસ ગણતરી માટે એક અલગ કોડની જરૂરીયાત પડશે, સાન ડિયોગોની શિખ સોસાયટીનાં અધ્યક્ષ બલજીત સિંહે કહ્યું કે શિખ સમુદાયનાં પ્રયત્નોને સફળ રહ્યા છે. તેમણે કહ્યું કે સરકારનાં આ નિર્ણયથી અમેરિકામાં ફક્ત શિખોનો જ નહીં પરંતુ અન્ય લઘુમતી જાતીય સમુહોની અલગ વસ્તી ગણતરીનો માર્ગ પણ ખુલશે.

## કેનેડામાં મૂળ બોરસદની યુવતીનું ભેદી સંજોગોમાં મોત: હત્યા થયાની આશંકા



ટોરેન્ટો : કેનેડામાં ગુજરાતી યુવતીની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતાં પરિવાર પર આભ ફાટી નીકળ્યું હતું. બોરસદના પામોલની વતની અને લગ્ન બાદ હાલ કેનેડામાં રહેતી લાડકવાયીની લાશ મળ્યાના સમાચાર સાંભળતાં જ માતા-પિતા ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગ્યા હતા. તો તેઓએ યુવતીની લાશ મળતાં સાસરીયાઓ સામે ગંભીર આરોપ લગાવ્યો છે. સાસરીયાઓએ જ યુવતીનું મોત નથી થયું પણ સાસરીયાઓએ તેની હત્યા કરી છે. જો કે આ મામલે કેનેડાની પોલીસે તપાસ શરૂ કરી છે. અને યુવતીનું અકસ્માતમાં મોત થયું છે કે તેની હત્યા થઈ છે તે મામલે તપાસ શરૂ કરી છે. બોરસદના પામોલની વતની યુવતીનાં લગ્ન બોરસદના જ કિંખલોડ ગામના યુવાન સાથે સાથે થયા હતા. અને છેલ્લા ત્રણ વર્ષથી યુવતી પોતાના પતિ સાથે કેનેડામાં રહેતી હતી. લગ્નના શરૂઆતના મહિનાઓમાં યુવતીઓને કોઈ પરેશાનીનો સામનો કરવો પડ્યો ન હતો. પણ છેલ્લા એક વર્ષથી સાસરીયાઓ તરફથી યુવતીને સતત ત્રાસ મળી રહ્યો હતો તેવું યુવતીના પરિવારજનોએ જણાવ્યું હતું.

આ ઉપરાંત પરિણીતાના પરિવારજનોએ સાસરીયાઓ પર ગંભીર આરોપ લગાવ્યો હતો. પરિવારજનોએ કહ્યું કે, યુવતીને ત્રાસ આપતાં સાસરીયાઓએ જ તેની હત્યા કરી છે. આ કોઈ અકસ્માત નથી, પણ તેની હત્યા કરવામાં આવી છે. જો કે આ મામલે કેનેડાની પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. અને બોરસદની યુવતીની હત્યા કરવામાં આવી છે કે પછી અકસ્માતે તે મોતને ભેટી છે તે મામલે તપાસ શરૂ કરી છે

## પુતિન રશિયાના બંધારણમાં સુધારો કરશેઃ PMનું રાજીનામું

મોસ્કો : રશિયાના પ્રમુખપદેથી હટયા પછી પણ સર્વોચ્ચપદે ટકી રહેવાની સત્તા આપતા બંધારણીય સુધારાની પ્રમુખ પુનિતની દરખાસ્ત પ છી રશિયાના વડા પ્રધાના દીમીત્રી મેદેવેદે હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું૨૦૦૮થી ૨૦૧૨ વચ્ચે પુતિનને ટર્મ લિમિટ પર અવલોકન કરવા સમય આપનાર રશિયાના વડા પ્રધાન દીમીત્રી મેદવેદેવ ટેલીવાઈઝ્ડ મેસેજમાં કહ્યું હતું કે તેમના મેન્ટરની સરકારમાં પ રિવરિતન માટેની દરખાસ્ત જોતાં તેમને રાજીનામું આપવાની ફરજ પડી હતી.

પુતિને મેદેવેદેવને પ્રમુખીય સુરક્ષા પ રિષદના નાયબ વડા નિમ્યા હતા. અગાઉ દિવસમાં કરેલા રાષ્ટ્રજોગ સંબધનમાં પુતિને સાંસદોને નવા વડા પ્રધાનના નામની દરખાસ્ત રજૂ કરવા બંધારણમાં સુધારો કરવા સુચન કર્યું હતું

## કેનેડામાં છેલ્લા ૧૬ વર્ષમાં મકાનની સૌથી વધુ અછત : ભાવોમાં વધારો

**• ડીસેમ્બર ૨૦૧૯માં મકાનની સરેરાશ વેચાણ કિંમતમાં આશરે ૯.૬ ટકાનો વધારો નોંધાયો**

ટોરન્ટો : કેનેડામાં ડીસેમ્બર માસમાં મકાનના વેચાણમાં ૨૨.૭ ટકાનો વધારો થયો હતો. જે ગયા વર્ષની સરખામણીમાં વધારે હતો. જેના કારણે મકાનના ભાવોમાં પણ વધારો થયો હતો. આ વર્ષમાં પણ માગ અને પુરવઠા વચ્ચેનો તફાવત જળવાઈ રહેશે એમ કેનેડીયન રીયલ એસ્ટેટ એસોસિયેશને જણાવ્યું હતું. એસોસિયેશને જણાવ્યું હતું કે, ગયા વર્ષે મકાનનું વેચાણ ધીમું હતુ. પણ ૨૦૧૯ના છેલ્લા મહિનામાં મકાનનું વેચાણ વધુ થયું હતું. માસિક ધોરણે જોવા જઈએ તો ગયા માર્ચમાં મકાનના ભાવ વધવાની શરૂઆત થઈ હતી તે ડીસેમ્બરમાં ૦.૯ ટકાના ઘટાડા પર આવી ગઈ હતી. મકાન ખરીદનારાની યાદી ઝડપથી ઘટતી જતી હતી. ત્યારે એક વર્ષ અગાઉ ભાવ વધવા લાગ્યા હતા. ડીસેમ્બર ૨૦૧૯માં મકાનની સરેરાશ વેચાણ કિંમત આશરે ૯.૬ ટકાના વધારા સાથે પાંચ લાખ સત્તર હજાર થઈ હતી. ગ્રેટર વેન્કુંવર અને ગ્રેટર ટોરન્ટો એરીયાના દેશના સૌથી મોંઘા અને સૌથી સક્રિય બજારોમાં ૬.૭ ટકાનો વધારો થતા ચાર લાખની કિંમતે મકાનો વેચાયા હતા. જે ડીસેમ્બર ૨૦૧૮ કરતા વધારે હતા. ઓન્ટેરિયો અને બ્રિટીશ કોલંબિયામાં મકાનોની સરેરાશ કિંમતોમાં અનુક્રમે ૧૧.૩ ટકા અને ૮.૫ ટકાનો વધારો થયો હતો. જયારે આલ્બાર્ટા અને સાસ્કેચવાનમાં મકાનોની સરેરાશ કિંમતમાં અનુક્રમે ૦.૪ અને ૩.૭ ટકાનો ઘટાડો થયો હતો. સીઆરઈના પ્રેસીડેન્ટ જેસન્સ સ્ટીફન જણાવે છે કે હાઉસીંગ માર્કેટમાં માંગ કરતા પુરવઠો ઓછો હોવાને કારણે મકાનના ભાવ વધી રહયા છે. ડીસેમ્બર મહિનામાં તેના અગાઉના મહિના કરતા મકાન ખરીદનારાઓમાં ૧.૮ ટકાનો વધારો થયો હતો. તેથી નવી આપૂતી આ દાયકામાં સૌથી ઓછી સપાટી પર હતી. આમ પુરવઠાના અભાવને કારણે રાષ્ટ્રીય વેચાણની યાદી ૬૬.૯ ટકા પર પહોંચી હતી. જે ૨૦૦૪ બાદ સૌથી વધુ તંગી દર્શાવતી હતી. અને તે ૫૩.૭ ટકાની સરેરાશ પર પહોંચી હતી.

## ચીનની અવળચંડાઇ, યુએન કાઉન્સિલમાં કાશ્મીર મુદ્દે ચર્ચા

વોશિંગ્ટન : ચીને ફરી અવળચંડાઈ કરી છે, સંયુક્ત રાષ્ટ્રમાં ફરી કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો છે. આ વખતે સંયુક્ત રાષ્ટ્રની સિક્યોરિટી કાઉન્સિલમાં આ મામલો લઈ ગયું છે, જેના પર બંધ બારણે ચર્ચા પણ કરવામાં આવી હતી. અગાઉ જ્યારે ૩૭૦ હટાવવામાં આવી ત્યારે પણ પાકિસ્તાનના કહેવાથી ચીને અવળચંડાઈ કરી હતી પણ સિક્યોરિટી કાઉન્સિલના અન્ય સભ્ય દેશોએ સાથ નહોતો આપ્યો. અગાઉ જ્યારે સિક્યોરિટી કાઉન્સિલની બેઠકમાં કાશ્મીર મુદ્દે ચર્ચા થઈ હતી ત્યારે કોઈ જ સત્તાવાર નિવેદન જારી નહોતુ કરવામાં આવ્યું અને બેઠકનો કોઈ નિવેડો સામે નહોતો આવ્યો, જોકે ભારતને અન્ય બધા દેશોએ કાશ્મીર મુદ્દે સાથ આપ્યો હતો જેમાં અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન, રશિયાનો પણ સમાવેશ થાય છે.

## કોર્પોરેશનના નોંધપાત્ર કામકાજ : અનેક કંપની વેરો ભરી શકશે

**કેનેડીયન પરિવારોએ ૨૯મી ફેબ્રુઆરીએ તેમની આવક ઉપર કર ભરવાનો રહેશે**

મોન્ટ્રીયલ : મંગળવારે કેનેડાના કેનેડીયન ફોર ટેકસપેયર્સ ગ્રુપ નામના એક જુથે તૈયાર કરેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેનેડાની કેટલીક મહત્વની કંપનીઓએ સારી કામગીરી કરી હોવાથી આ કંપનીઓ ચાલુ વર્ષમાં તેમના આવકવેરા ભરી શકશે. જો કે, આ કંપનીઓ તરફથી જે આવકવેરો ભરવામાં આવશે તે વેપારધંધામાંથી થનારી આવકના માત્ર ૧.૭૫ ટકા જેટલો જ હશે.

એક અભ્યાસ જણાવે છે કે, કોર્પોરેટ કંપનીઓ છેલ્લા બે દાયકાથી કોર્પોરેટ ટેકસમાં કાપ મુકયો હોવા છતા પણ ટેકસ ભરી શકતી નહોતી. આ કોર્પોરેશનમાં મુડી રોકાણ વધતું હોવા છતાં કામકાજમાં કોઈ સુધારો જોવા મળતો નહોતો. સરકારના અબજો ડોલર આ કોર્પોરેશનમાં રોકાયેલા હતા અને પરીસ્થિતિ સતત વણસતી જતી હતી.તેથી સરકારને પણ ભારે ચિંતા થતી હતી. ગ્રુપ તરફથી અહેવાલ તૈયાર કરનાર અર્થશાસ્ત્રી ટોબી સેંગરે જણાવ્યું હતું કે, વ્યકિતગત



આવકવેરો ભરનારા માટે સાચો મુકિતદિવસ જયારે ફેબ્રુઆરીમાં તેમની પાસેથી કર લેવાનો બંધ કરવામાં આવ્યો ત્યારે આવ્યો હતો. સ્ટેસ્ટીક કેનેડાના ટેકસ સંબંધી અંદાજ મુજબ કેનેડીયન પરિવારોએ ફેબ્રુઆરી ૨૯ની સવારે કમાયેલી આવક ઉપર કર ભરવાનો રહેશે. (લીપ ઈયર ન હોય તો પહેલી માર્ચ ) સેંગરે તેના અહેવાલમાં લખ્યું છે કે, આપણે એ બાબતનો સ્વીકાર કરવો જોઈએ કે, કોર્પોરેટ ટેકસમાં ઘટાડો કરવો એટલે અનેક અબજ ડોલર મેળવવાની આપણી નિષ્ફળતા છે. આજે દેશના મોટાભાગના નાગરીકો કોર્પોરેશન કરતા વધુ ટેકસ ભરે છે. સેંગરે ઈફેકટીવ કોર્પોરેટ ટેકસનો એક અંદાજ રજુ કર્યો છે તે મુજબ કરવેરાના જુદા જુદા મથાળાઓ જેમકે ડીડકશન, સબસીડી બધુ મળીને કરપાત્ર આવક ૧૮.૮ ટકા થવા જાય છે. ( આવકમાંથી બાદ ખર્ચ અને કપાત) એનો હિસાબ કરતા વર્ષ ૨૦૦૦થી આવકમાં આશરે ૪૦ ટકાનો ઘટાડો થયો છે. આ જંગી ઘટાડાને કારણે સ્વાભાવિક રીતે નોકરીના સર્જન માટે કંપનીઓએ વધુ મુડી રોકાણ કરવું જોઈએ અને ઉત્પાદકતા વધારવી જોઈએ.

વિઝા-ઈમિગ્રેશનની સાચી અને જરૂરી માહિતી માટે મળો

PROFESSIONAL SERVICES Guaranteed

Super & Visit Visa - Student Visa
Refused Spousal & Super / Visit Visa Application
સુપર / વિઝિટ વિઝા / સ્ટુડન્ટ વિઝા

We also do P.I.O. and O.C.I. applications

In-Canada students can apply for parents visit visa and spousal open work permit

ICC Canada Immigration Solutions Inc.
Toll Free: 1.866.341.2424 | info@iccimmigration.ca | www.iccimmigration.ca
H.O. 1137 Derry Road East, Mississauga, ON L5T 1P3
Tel: 905-461-2424
Ripudaman Dhillon iccrc crcic Manu Datta

# હોલિવુડની હલચલ

## ન્યુઝ મેકર્સમાં કેટી પેરી સૌથી આગળ



લોસએન્જલસ : પોપ સ્ટાર કેટી પેરી વર્ષ ૨૦૧૯માં પણ સૌથી મોટી ન્યુઝમેકર્સ તરીકે રહી. વર્ષ ૨૦૨૦માં પણ તે તમામ લોકોમાં ચર્ચામાં રહે તેમ માનવામાં આવે છે. હાલમાં તે માઈક્રોગ્લોબિંગ વેબસાઈટ ટ્વિટર પર સૌથી વધારે ફોલોઅર્સ ધરાવતી સ્ટારમાં સામેલ થઈ ગઈ છે. તેના ફોલોઅર્સની સંખ્યા ૧૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. આની સાથે જ સૌથી વધારે ફોલોઅર્સ ધરાવનાર હસ્તી બની ગઈ છે. ૧૦૦ મિલિયન ફોલોઅર્સ ધરાવનાર તે પ્રથમ ગાયિકા બની છે. કેટી પેરીના નવા આલ્બમ વિટનેસથી સંબંધિત સત્તાવાર ટ્વિટર પર એક પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે, નવા ઈતિહાસ સર્જાઈ રહી છે. કેટી પેરીને ચારેબાજુથી શુભેચ્છા મળી રહી છે. ચાહકો તરફથી પણ શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, કેટી પેરીએ પોતે પણ પ્રતિક્રિયા આપી છે. તમામ લોકો જાણે છે કે, ગાયિકાની સાથે સાથે વિશ્વની સૌથી મોટી સેલિબ્રિટીઓમાં સ્થાન ધરાવતી કેટી પેરી વર્ષ ૨૦૦૯માં ટ્વિટર સાથે જોડાઈ ગઈ હતી ત્યારથી સતત સક્રિય રહી છે. વર્ષ ૨૦૧૨માં તેના ફોલોઅર્સની સંખ્યા ૫ કરોડ હતી જે વધીને હવે ૧૦ કરોડ ઉપર પહોંચી ગઈ છે. હોલીવુડમાં તમામ ટોપક્લાસ અભિનેતા અને અભિનેત્રીઓ હોવા છતાં કેટી પેરી સૌથી આગળ રહી છે. ૧૦ કરોડ ફોલોઅર્સનો આંકડો ખુબ મોટો છે. અન્ય ગાયિકાઓ ખુબ મોટી સેલિબ્રીટીઓ હોવા છતાં આ આંક સુધી પહોંચી શકી નથી.

## ચાર્લિઝ થેરોન બ્રાડ પીટના પ્રેમમાં પડી



લોસએન્જલસ : હોલીવુડની સુપરસ્ટાર અભિનેત્રી ચાર્લિઝ થેરોન હાલમાં બ્રાટ પીટના પ્રેમમાં હોવાના અહેવાલ મળ્યા છે. બ્રાડ પીટ અને ચાર્લિઝ થેરોન હાલના સમયમાં એક સાથે નજરે પડ્યા હતા. એકબીજા સાથે ડેટિંગ પર હોવાના અહેવાલ મળી રહ્યા છે. ચાર્લિઝ થેરોન સીન પેન સાથે સંબંધ તોડી ચુકી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, છેલ્લા ઘણા સમયથી બ્રાડ પીટ અને થેરોન એક સાથે નજરે પડી રહ્યા છે. એન્જેલિના જોલી સાથે તેના સંબંધોનો અંત આવ્યા બાદથી બ્રાડ પીટ પ્રથમ વખત ગંભીર દેખાઈ રહ્યો છે. આ અભિનેતાએ અગાઉ જેનિફર એનિસ્ટન સાથે લગ્ન કર્યા હતા. હાલમાં જ એક ફિલ્મમાં ચાર્લિઝ થેરોન સાથે ભાગ લીધા બાદ લોસએન્જલિસમાં બ્રાડ પીટ ૪૩ વર્ષીય થેરોન સાથે નજરે પડ્યો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, એક પાર્ટીમાં પણ આ બંને સામેલ થયા હતા. ક્રિસમસની આસપાસ તેમની વચ્ચે સંબંધોની શરૂઆત થઈ હતી. થોડાક સમય લોસએન્જલસમાં, કેલિફોર્નિયામાં ગાળવામાં આવ્યો હતો.

Super Visa Medical Insurance
Best rates available
Call us for No obligation advice for
- Life Insurance.
- Mortgage Insurance.
- Critical Illness Insurance.
- Disability Insurance.
- Health Insurance.
- Visitor to Canada Medical Insurance.
- Registered Retirement Saving Plan (R.R.S.P.)
- Registered Education Saving Plan (R.E.S.P.)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt Grants
We represent all Major Insurance Companies of Canada
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol, Diabetes, Heart Problem can get insurance ( conditions apply)
MadhuSudan Lama 647-833-4477
Hetal Shah 416-522-1676
Anirudh Lama 416-822-2570
EFS Economical Financial Services Inc.
1694 Albion Road, Unit #1, 2nd Floor, Etobicoke ON M9V 1B8 • Tel: 416-746-4142

Happy New year & Best Wishes to all.
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
SHIV FINANCIAL SERVICES
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.
::: For Free Quotation & Consultation :::
જગદીશ સેવક (Financial Advisor) Cell: 647-236-7620
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Davinder Singh Chawla
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# ઠંડીમાં ફેશનનાં પ્રતીક જેકેટ, શાલ, સ્ટૉલ અને સ્કાર્ફ

**આપણે ઋતુ પ્રમાણે પરિધાનની પસંદગી કરવી પડે છે. ઉનાળામાં ઉકળાટને કારણે શરીર પર પરસેવાના રેલાં ઉતરતા હોય છે. ઘેરા રંગના કપડાંમાં ગરમી વધારે થાય છે એટલે ગ્રીષ્મઋતુમાં આપણે સુતરાઉ સફેદ અથવા લાઈટ રંગના કપડાં પહેરીએ છીએ. ચોમાસામાં વરસાદ અને કાદવ-કીચડને કારણે કપડાંની અવદશા થાય છે. છત્રી કે રેઈનકોટ હોવા છતાં કપડાં ભીના થાય છે અને જલ્દી સુકાતા નથી. તેમાં વળી જિન્સ અથવા કોટન પેન્ટ હોય તો સ્થિતિ એકદમ કફોડી થાય છે.**



દિવાળી બાદ ગુલાબી ઠંડી શરૂ થઈ જાય છે અને નાતાલ આવતાં સુધીમાં તો કડકડતી ઠંડી લાગે છે. જોકે ગુજરાતની તુલનાએ મુંબઈમાં ઓછી ઠંડી પડે છે. તેમ છતાં શિયાળામાં તન અને મન એકદમ પ્રફુલ્લિત રહે છે અને વાતાવરણમાં રહેલી માદકતાથી સહુ કોઈ પ્રસન્ન જોવા મળે છે. ઠંડી ઋતુમાં પ્રિયજનની હૂંફમાં બેસીને ગરમાગરમ ચા કે કોફી પીવાની મજા માણવા જેવી હોય છે. જો ઠંડી વધારે હોય તો તાપણા આગળ હાથ શેકતાં પ્રેમગોઠડી કરવાનો આનંદ અનોખો હોય છે.

ફેશન ડિઝાઈનરો પણ શિયાળાની ઋતુમાં પહેરી શકાય તેવા વિવિધ ડિઝાઈનના ખાસ સ્ટાઈલિશ પરિધાનની અનોખી શ્રેણી બનાવે છે. શિયાળામાં મનગમતા રંગના તથા ફેબ્રિકના પરિધાન સાથે સ્વેટર્સ, શાલ, સ્ટૉલ, સ્કાર્ફ, કાનટોપી, હાથમોજાં પહેરવામાં આવે છે. જે જગ્યાએ ઠંડી વધારે પડતી હોય ત્યાં વીંડચીટર્સ અને લેધરના લોંગ જેકેટ પણ પહેરવામાં આવે છે. મુંબઈમાં ઠંડી મધ્યમ પડે છે આ કારણે વહેલી સવારે કામ પર જનારાઓને જ સ્વેટર પહેરવાની જરૂર પડે છે. બાકી દિવસ દરમિયાન સ્વેટર પહેરવાની જરૂર પડતી નથી. તે જ પ્રમાણે રાતપાળીમાં કામ કરતા રિક્ષા કે ટેક્સી ડ્રાઈવરો કે નાઈટ શીફટમાં જતાં કોલસેન્ટરના કર્મચારીઓ રાતના સ્વેટર પહેરેલા કે મફલર વીંટાળેલા જોવા મળે છે. વહેલી સવારે દૂધ દેવા આવતાં ભૈયાઓ માત્ર મફલરની મદદથી ઠંડીનો સામનો કરે છે.



ઠંડીમાં સાલ, સ્કાર્ફ, સ્ટોલ વગેરેનો ઉપયોગ એકદમ સ્ટાઈલીશ રીતે કરવો જોઈએ. તે જ પ્રમાણે 'વિન્ટરવેર'નું શોપિંગ કરવાની પણ એક કલા છે જે આવડવી જરૂરી છે. ખાસ શિયાળા માટે ખરીદી કરવા જતી વખતે વર્ણ, વાળ, ફિગર, ઊંચાઈ જેવી બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. ગૌરવર્ણ ધરાવતી અનેક તરુણીઓ લાઈટ રંગની શાલ પહેરે છે. ડાર્ક રંગના ડ્રેસ પર લાઈટ રંગની શાલનું કોમ્બિનેશન ચાલે પણ ડ્રેસ તથા શાલ બન્ને હળવા રંગના ન હોવા જોઈએ. હા, લાઈટ કલરના ડ્રેસ પર ડાર્ક રંગની શાલ શોભે છે. પ્રત્યેક તરુણીએ પોતાના વર્ણને ધ્યાનમાં રાખીને શરીર પર શોભતાં રંગના પરિધાન જ ખરીદવા જોઈએ. ઘણી વખત એવું થાય છે કે કેટલાક રંગ જોતાં આંખને જ ગમી જાય છે, પણ તેને પહેરતાં જોઈએ તેવો ઉઠાવ આવતો નથી. જ્યારે એવા પણ કેટલાક રંગ છે જે કદાચ પહેલી નજરે ન ગમે પણ તે રંગના ડ્રેસ ખૂબ જ સુંદર દેખાય છે. એટલે ખરીદી કરતી વખતે માત્ર મનપસંદ નહીં, પરંતુ શરીર પર શોભતા રંગને પણ ધ્યાનમાં રાખવા જોઈએ.

લાંબા વાળ ધરાવતી માનુની ખભા પર શાલ વીંટાળે ત્યારે તેના વાળનું સૌંદર્ય ઢંકાઈ જાય છે. એટલે શાલ વીંટાળતી વખતે વાળને બહાર રાખવાનું ભૂલવું નહીં. જોકે કેટલીક માનુનીઓ માથા પરથી શાલ વીંટાળે છે. આ પ્રકારે શાલ વીંટાળતાં વાળની એકાદી લટ કપાળ પર રહી જાય તો ચહેરો એકદમ નીખરી ઊઠે છે.



મોટા ભાગની મહિલાઓ કાનમાં ઠંડી હવા ન જાય તે માટે સ્કાર્ફ વીંટાળે છે. ઈસ્લામીક દેશોમાં મહિલાઓએ માથુ ઢાંકીને રાખવાનો નિયમ હોય છે. એટલે ત્યાંની માનુનીઓના માથા ફરતે સ્કાર્ફ વીંટળાયેલો હોય છે. સ્ટાઈલિશ માનુનીઓ સ્કાર્ફને માથા પર બાંધવાની બદલે ટાઈની જેમ ગળે બાંધે છે. આ રીતે ગળા પર સ્કાર્ફ બાંધવાથી ત્યાં ઠંડી લાગતી નથી તથા મહિલા પણ એકદમ રુઆબદાર દેખાય છે. જોકે જિન્સ અને ટૉપ પર જ ગળામાં સ્કાર્ફ બાંધી શકાય. સલવાર-કુર્તા કે સાડીમાં આ ફેશન અયોગ્ય દેખાય. પુરુષો અને મહિલાઓ માટે અલગ-અલગ સ્ટૉલ મળે છે. ખ્રિસ્તી ધર્મગુરુઓ સ્ટૉલ વાપરતા હતા. અને તેનું જોઈને પુરુષોમાં મફલર વાપરવાની ફેશન આવી હતી. પુરુષોના મફલર લાંબા હોય છે અને તેની જેવા જ દેખાતા મહિલાઓના સ્ટૉલની લંબાઈ ટૂંકી હોય છે. સ્ટૉલ પર કોલરવાળા કે બંધગળાના ટૉપ સરસ દેખાય છે.

જિન્સ પેન્ટ પર લેધર જેકેટ પહેરવાની ઈચ્છા શિયાળામાં જ પૂરી કરી શકાય. ઈવનિંગ પાર્ટીમાં પોલોનેક ટી-શર્ટ, સ્ટાઈલીશ જિન્સ પેન્ટ અને લેધર જેકેટનો પોશાક ખૂબ જ સુંદર દેખાય છે. આ પરિધાન પર પ્લેટફોર્મ હીલના સેન્ડલ પહેરવા જોઈએ.


ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest

- Mice
- Rat
- Cockroach
- Bedbug
- Animal Control
- Bird Control
- Wasps &
- Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***

Written Guarantee And Discounted Rates

We speak English, Gujarati & Hindi

SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca

24 Hours / 7 Days Emergency Services & Animal Removal

CPMA - ACGP
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION International



"Let Me Make Your Dream Home Into A Reality"

Residential, Commercial & Investment in Real Estate



JAY PATEL
SALES REPRESENTATIVE
Dir : 647-241-3818
jaypatel1323@gmail.com

$649,000




Live By The Lake! This Spacious One Bedroom Plus Den W/Gorgeous Views Of The Lake, T.O. Skyline & Manicured Rooftop Gardens! Unit Features A Great Open Layout With No Wasted Space. Highlighted By Hardwood Floors, Granite Counters, Freshly Painted, New Carpet, Stainless Steel Appliances, Two Walk-Outs To Balcony, A Master W/I Closet & Breakfast Bar, Parking And Locker Included. Extras : Luxury Amenities Incl: Indoor Pool, Gym, Sauna, Party Rooms, Bbqs, Roof Lounge & More! Just Steps From Ttc, Metro. Shoppers Drug Mart, Lcbo, Humber Bay Park/Trails.

TORONTO

$649,000




Welcome To The Absolutely Show Stopper 3+1 Bedroom Link Home Attached By Garage And Chimney With Separate Living And Family Room With Fireplace,New Ceramic Tiles On Main Floor,Laminate In Living And Family,Laminate In All Bedrooms,No Carpet In The House.Newly Renovated Washrooms,Spacious Partially Finished Basement With Huge Bedroom And Washroom. Located In A Quiet Neighborhood, Close To Park, Schools, Shops, Restaurants,Grocery Shp, Hwy 410..Must See....

BRAMPTON

HOMELIFE MAPLE LEAF REALTY LTD.
Each Office Independently Owned & Operated
Office Address- 80 Eastern Avenue, Unit #3, Brampton, Ontario,L6W 1X9
Ph. No. : 905-456-9090


Free
FIRST TIME
HOME BUYER
SEMINAR
IF YOU THINK YOU ARE
NOT READY TO
PURCHASES YOUR
FIRST HOUSE
We think you are.
It's your turn to own a Home
Get Pre-approvaed for homeloan on the Spot
To register, Call Us
@647-355-5111
Limited Seats Available
Reserve Now
ITS YOUR
GOLDEN TICKET
FIRST TIME
HOME BUYER
A SEMINAR ON HOME
BUYING WITH EXPERT ADVICE
JOIN US ON
22ND FEB 2020,
FOR 2 HOUR
INFORMATION SEMINAR
1:00 P M
HILTON GARDEN INN
1870 MATHESON BLVD.
MISSISSAUGA, ON L4W 0B3
Keval Shah
BROKER OF RECORD
416.825.1357
SAVE MAX
DreamHome Realty Inc. Brokerage
6705 Tomken Rd # 216,
Mississaiuga, On L5T 2J6
(905)-232-6300
INFO@MORTGAGEBRIDGE.CA


Always Better Rates then Banks !!
MORTGAGE
BRIDGE CANADA
Bridge To All Your Financing Needs
Brokerage # 12426
DID YOU KNOW ?
10% OF YOUR DOWN PAYMENT
CAN COME FROM CMHC...
Call me today for more details on
• Residential Mortgages • Refinance • Commercial l Mortgages
• Construction Loan • Bridge Financing
We do not charge Fees * to our Clients !
WE DEAL WITH ALL MAJOR BANKS
TD
Scotiabank
B2B BANK
ICICI Bank
RMG mortgages
• 35 Years Authorization
• Same Day Approval
• Easy Private Funds
WHY
US ??
• Self Employed Programs ( No rate Premium)
• Bridge Financing Available
• Unaffected by your Credit
Call me today to discuss
your mortgage needs 647-298-8841
kchatterjee@mortgagebridge.ca
*Condition Apply.
Rates are subject to change without prior notice.
Head Office 217-6705 Tomken Road, Mississauga ON L5T 2J6
Phone : 905-232-6300 Fax : 905-670-5505
KASTURI CHATTERJEE
Mortgage Broker

# આજની પેઢીએ કર્ફ્યૂ જોયો નથી, રાજ્ય વિકાસના નામે જ ઓળખાય છે: શાહ

**• ગૃહમંત્રી અમિત શાહે આશ્વત અને વિશ્વાસ પ્રોજેક્ટની શરૂઆત કરી**



અમદાવાદ- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના બે દિવસના પ્રવાસ દરમિયાન આશ્વસ્ત અને વિશ્વાસ નામના પ્રોજેકટની શરૂઆત કરાવી હતી. જેમાં સાયબર ક્રાઈમનો ભોગ બનેલા વ્યક્તિને પોલીસ સ્ટેશનને જવાની જરૂરી નથી. સાયબર ક્રાઈમ ઘટાડવા અને લોકો પાસેથી છેતરપિંડી કરીને પૈસા પડાવતા લોકોને પકડવામાં આવશે. નવનિર્મિત ૭ જિલ્લાના નાગરિકોને ૧૧૨ નંબર અને અન્ય રાજ્યના તમામ નાગરિકોને ૧૦૦ નંબર પર ફોન કરવાથી પોલીસ ઘરે પહોંચશે. ડિજીટલ ઈન્ડિયામાં છેતરપિંડીનો ભોગ બનતા લોકો માટે આ પ્રોજેક્ટ આશીર્વાદરૂપ સાબિત થશે. આ તકે અમિત શાહે જણાવ્યું હતું કે, વિપક્ષના મિત્રો ટીકા ટિપ્પણી કરતા હોય છે તો વળી કેટલીય વખત ઘણા મિત્રો પુરાવા માંગતા હોય, ફોટા માગતા હોય છે. દુનિયામાં ૨ જ રાષ્ટ્રો એવા હતા જે પોતાના પર થયેલ હુમલાનો જડબાતોડ જવાબ આપતા હતા. એક અમેરિકા અને બીજું ઈઝરાયેલ. ત્યારે પ્રધાનમંત્રી મોદીએ આ સૂચીમાં ત્રીજું નામ આપણા મહાન દેશ ભારતનું ઉમેરવાનો પ્રયાસ કર્યો છે.

૯૦ના દાયકામાં ગુજરાતને કોમી રમખાણના નામે ઓળખવામાં આવતું હતું. જ્યારે હવે ગુજરાતની ઓળખ વિકાસના નામે થઈ રહી છે. આજની ગુજરાતની પેઢીએ કરફ્યુ જોયો જ નથી.

# ગોધરા કાંડના આરોપી એક વર્ષથી જેલમાં કોલ સેન્ટર ચલાવતો હતો

**• આરોપીને મોબાઈલ પહોંચાડનાર ગોધરાના મુલાકાતીની ધરપકડ**

વડોદરા : વડોદરાની જેલમાં સમાંતર કોલ સેન્ટર ચલાવવાના કાંડમાં સલીમ જર્દા સહિતના કેદીઓની તપાસ દરમિયાન સલીમ જર્દાને જેલમાં ફોન પહોંચાડનાર ગોધરાના એક મુલાકાતીની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે,વડોદરા સેન્ટ્રલ જેલમાં મળી આવેલા મોબાઈલ ફોનના પ્રકરણમાં હવાલદાર સમીઉલ્લાહ પઠાણે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ગોધરા કાંડના આરોપી સલીમ જર્દા,સાજીદ અરબ અને તૌફિકમિયા મલેક સામે ગુનો નોંધ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં આ મોબાઈલ ગોધરાથી આવેલા સોએબ અબ્દુલ રજાક સમોલ (રહે.મુસ્લિમ સોસાયટી,વેજલપુર,ગોધરા)એ પહોંચાડયો હોવાની વિગતો ખૂલતાં પીઆઈ જે જે પટેલની સૂચના મુજબ ટીમે ગોધરામાં તપાસ કરી સોએબની ધરપકડ કરી છે. પોલીસે મોબાઈલ ફોનને જેલમાં લઈ જનાર અને તેના ઉપર બહાર ફોન કરનારા કેદીઓની પણ તપાસ શરૂ કરી છે.નોંધનીય છે કે,થોડા સમય પહેલાં જ પોલીસે જેલમાંથી કાર્યરત ૨૪ સીમકાર્ડ રદ કરવા માટે જિઓ કંપનીને જાણ કરી છે.

# પાટીદાર સમાજ મહેનતુ તેમજ શૂન્યમાંથી સર્જન કરનારો : CM

અમદાવાદ : પાટીદારો એક બને નેક બને, સમરસતા વધે તે હેતુથી અમદાવાદમાં સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે રવિવારે પાટીદાર પરિવાર ટ્રસ્ટ (ગુજરાત પ્રદેશ) લવ-કુશ પાટીદાર ભાવાત્મક મહાસંમલન યોજાયું હતું. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, સમાજની એકતા માટે નરહરિભાઈ અમીને બન્ને સમાજ કડવા અને લેઉવા પાટીદાર સમાજને સાથે રાખીને માનવતાને જોડવાનું કામ કર્યું છે. પાટીદાર સમાજ મહેનતુ સમાજ છે. શૂન્યમાંથી સર્જન કરનાર સમાજ છે. સરદાર વલ્લભભાઈ પટેલ પાટીદાર પુત્ર હોવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. સંમેલનમાં ગુજરાતના પાટીદાર અગ્રણીઓ, નેતાઓ ઉપસ્થિત રહ્યા હોવાનું પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરિ અમીને જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, કડવા પટેલ હોવાનો ફાયદો એ છે કે, હું કંઈક બોલું એટલે વિજયભાઈ રૂપાણી સાહેબ, મોદી સાહેબ કે અમિતભાઈ કે અમારા જીતુભાઈ વાળી લે, કે નીતિનભાઈ બોલે છે કડક પણ હૃદયના કોમળ છે અને કડવા પટેલ છે એટલે માફ કરી દે છે. સત્ય એ હંમેશા કડવું હોય છે, કોઈની ખુશામત કરીએ તો થોડા સમય સારું લાગે પણ વ્યક્તિ ખોટો પડતો હોય છે

# ગુજરાતના ગૌરવ સમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો દુનિયાની ૮મી અજાયબીમાં સમાવેશ કરાયો



નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે આવેલા ગુજરાતીઓના ગૌરવ સમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને દુનિયાની ૮મી અજાયબી જાહેર કરાઈ છે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશને સ્ટેચ્યૂ ઓફ યુનિટીને વિશ્વની ૮મી અજાયબી જાહેર કરી છે. વિદેશ મંત્રી એસ જયશંકરે ટ્વીટ કરીને આ માહિતી આપી છે. ૮ શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ પૈકી એક બનતા સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી ટુરિઝમને ફાયદો થશે. શાંઘાઈ કોઓપરેશન સભ્ય દેશમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો પ્રચાર કરશે. વિદેશ મંત્રી એસ જયશંકરે ટ્વીટ કરીને આ માહિતી આપી છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં તો દુનિયાની ૭ અજાયબીઓમાં ભારતનું એકમાત્ર તાજમહેલ જ છે. એકતાનું પ્રતીક સ્ટેચ્યૂ ઓફ યુનિટી સાધુ બેટ નામના દ્વીપ પર ૩.૨ કિમી દૂર નર્મદા ડેમની સામે સ્થિત છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થયા પછી એક વર્ષ પૂર્ણ થઈ ગયું છે.

# ગુજરાત રાજ્યના કારખાનાઓમાં હપ્તારાજને કારણે ૧૨૩૯ મજૂરોના મોત થયાં: કોંગ્રેસ

અમદાવાદઃ ભાજપ સરકારના શાસનમાં હપ્તા રાજથી છેલ્લાં છ વર્ષમાં સુરત જિલ્લામાં ૨૦૩ શ્રમિકો, અમદાવાદમાં ૧૬૧ શ્રમિકો, ભરૂચમાં ૧૫૨ શ્રમિકો, વલસાડમાં ૧૧૬ શ્રમિકો અને અન્ય જિલ્લાઓમાં ૫૦૭ શ્રમિકો સાથે સમગ્ર રાજ્યમાં કુલ ૧૨૩૯ જેટલા શ્રમિકોએ છેલ્લાં છ વર્ષમાં પોતાના જીવ ગુમાવ્યા છે. ફેક્ટરી ઈન્સ્પેક્સનના નામે માત્ર હપ્તારાજને કારણે ગુજરાત વર્ષ ૨૦૧૪-૧૬ માં ૬૮૭ જેટલા શ્રમિકો મૃત્યુ પામ્યા હતા, જ્યારે ૪૦૧૯ જેટલા શ્રમિકો ગંભીર દુર્ઘટનામાં ઘાયલ થયા હતા. છેલ્લાં બે અઠવાડિયામાં પાંચ થી વધુ ઔદ્યોગિક અકસ્માતોમાં દસ થી વધુ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે એવો આક્ષેપ ગુજરાત કોંગ્રેસે કર્યો છે.

દરમિયાન વડોદરાના પાદરા ખાતે ઓક્સીજન રીફીલીગ કરતા બનેલી ગમખ્વાર અકસ્માતને કારણે આઠ શ્રમિકો પોતાના જીવ ગુમાવ્યા અને ૧૦ જેટલા શ્રમિકો ગંભીર રીતે ઘાયલ છે ત્યારે કોંગ્રેસના નેતા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવેલા આંકડાઓથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં ઔદ્યોગિક સલામતીના નિયમોને અવગણવાને કારણે ગુજરાત શ્રમિકોના મોતમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે આવે છે જે ખૂબ જ ગંભીર બાબત છે.

ગુજરાતમાં ઓદ્યોગિક વિકાસના બંણગા ફૂકતી ભ્રષ્ટાચારને શિષ્ટાચાર ગણતી ભાજપ સરકારના શાસનમાં ભાજપ સરકારમાં ઔદ્યોગિક એકમોમાં ઈન્સ્પેક્ષન યોગ્ય રીતે થતું નથી જેના પરિણામે ગુજરાતના શ્રમિકોને પોતાનો જીવ ગુમાવી ભોગવે છે. દરમિયાન છેલ્લા પાંચ વર્ષમાં ૩૩૦૦૦ જેટલા ફેક્ટરી શ્રમિકો માત્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને પશ્ર્ચિમ બંગાળમાં ગંભીર ઈજા પામ્યા છે.

# ઓમાનમાં વિશ્વના એકમાત્ર હિન્દૂ શેખ સુલ્તાન કાબૂસનું નિધન થયું

**• ૧૯૭૦માં પિતાનો તખ્તાપલટ કરી સત્તા હાંસિલ કરી હતી**

ગાંધીનગર : શુક્રવારે ઓમાનથી ગુજરાત માટે એક માઠા સમાચાર આવ્યા હતા. જ્યાં સુલ્તાન કાબૂસ બિન સઈદ અલ સઈદનું ૭૯ વર્ષની ઉંમરમાં મોત નિપજ્યું હતું. સુલ્તાન કાબૂસે ત્યાંની રાજગાદી ૧૯૭૦માં પોતાના પિતાનો તખ્તાપલટ કરીને હાંસિલ કરી હતી. ૫૦ વર્ષ સુધી ઓમાન પર રાજ કરનાર સુલ્તાનને આધુનિક વિચારધારાવાળા નેતા માનવામાં આવે છે. પરંતુ તેમના મોતથી ઓમાનના એક વ્યક્તિને વ્યક્તિગત રીતે ઘણું નુકસાન થયું છે. તેનું નામ કનકસીભાઈ ખિમજી છે મૂળ રૂપથી ગુજરાતના કચ્છના રહેવાસી અને ઓમાની બિઝનેસમેન કનકસી ખિમજી દુનિયાના એકમાત્ર હિન્દૂ શેખ છે. તેમની કંપની ખિમજી રામદાસ ગ્રુપનો ઓમાન સાથે લગભગ ૧૫૦ વર્ષ જૂનો સંબંધ ધરાવે છે. કનકસીના પડદાદા રામદાસ ઠાકરસી ૧૮૭૦માં ઓમાનના સૂર શહેરમાં વસ્યા હતા. રામદાસ ઠાકરસી દુનિયાના મોટા દરિયાઈ બંદરો પર ઝડપથી માલ પહોંચાડવાનું કામ કરતા હતા. તે ભારતમાંથી અનાજ, ચા, મિર્ચ-મસાલા લઈ જઈને ઓમાનમાં વેચતા હતા.

# કોંગી MLA લોહીથી લખેલા પોસ્ટર સાથે વિધાનસભા પહોંચ્યા

ગાંધીનગર- **CAA** મુદ્દે વિધાનસભાનું એક દિવસનું વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે વિધાનસભાના વિશેષ સત્રની શરૂઆત પહેલા કોંગ્રેસના **MLA** ઈમરાન ખેડાવાળાએ આ કાયદાનો વિરોધ કરવા માટે પોતાના લોહીથી લખેલુ એક પોસ્ટર લઈને વિધાનસભા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમની સાથે શાહપુરથી કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ પણ હતા. સરકાર આ કાયદાના સમર્થનમાં પ્રસ્તાવ લાવશે ત્યારે કોંગ્રેસના ધારાસભ્યો તેનો ઉગ્ર વિરોધ કરશે.

આ મુદ્દે ઈમરાન ખેડાવાળાએ આ કાયદાના વિરોધમાં જણાવ્યું કે, કાયદો બંધારણની મૂળ ભાવનાની વિરૂદ્ધ અને એક વિશેષ ધર્મના લોકોને ટાર્ગેટ કરવા માટે બનાવવામાં આવ્યું છે. આ માટે કોંગ્રેસ આ કાયદાનો વિરોધ કરશે. ગુજરાત સરકાર આ કાયદાના સમર્થનમાં વિધાનસભા સત્ર દરમિયાન જ્યારે પણ પ્રસ્તાવ લાવશે ત્યારે કોંગ્રેસના તમામ ધારાસભ્યો તેનો વિરોધ કરશે.

# માજી મંત્રી વ્યાસે પોસ્ટ કરેલી કવિતામાં સરકાર પર ભારે વ્યંગ તેમજ કટાક્ષો

**• કવિતા સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ રાજકારણમાં ખળભળાટ મચી ગયો**

ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને ભાજપ નેતા જયનારાયણ વ્યાસે દેશની સ્થિતિ વર્ણવતી કવિ જુગલ દરજીની એક કવિતા પોસ્ટ કરી છે. જયનારાયણ વ્યાસે કવિતાના માધ્યમથી હાલની સરકાર પર પ્રહાર કર્યા છે. બીજી બાજુ ભાજપના નેતા જયનારાયણ વ્યાસની પોસ્ટ અંગે કોંગ્રેસે કટાક્ષ કર્યો હતો.

જયનારાયણ વ્યાસે કવિ જુગલ દરજીની એક કવિતાના માધ્યમથી લખે છે કે, યુવા બેકાર પર લખતા કવિના હાથ ધ્રૂજે છે તેનો ઉલ્લેખ કર્યો છે. આ સિવાય કવિતામાં બેકારી, બેરોજગારી સ્ત્રી અત્યાચારના બનાવો, ભ્રષ્ટ્રાચાર અને ભાલામણની નીતિ ઉપર પણ કવિતામાં કટાક્ષ કર્યો છે.

જયનારાયણ વ્યાસે કરેલી પોસ્ટમાં લખ્યું છે કે સરકારની સામે બોલવામાં ડર લાગે છે, બેકાર યુવાઓની સ્થિતિ પર ડર લાગે છે, ગરીબી પર લખતા પણ ડર લાગે છે, અત્યાચાર વિશે લખતા પણ ડર લાગે છે, ભ્રષ્ટાચાર પર બોલતા પણ ડર લાગે છે, આ કવિતા ભાજપ નેતા જયનારાયણ વ્યાસે પોસ્ટ કરી છે. સોશિયલ મીડિયામાં પોસ્ટ કરેલી કવિતાના આધારે રાજકારણ ગરમાયું તો વ્યાસે જણાવ્યું કે, હું સાહિત્યનો માણસ છું મને કાવ્ય ગમ્યું એટલે મેં પોસ્ટ કર્યું છે. આ પોસ્ટને રાજનીતિ સાથે કોઈ લેવા-દેવા નથી.

# સાણંદમાં યુવતી અને નિકોલમાં યુવકની હત્યાથી ભારે ચકચાર

અમદાવાદ : સાણંદ તાલુકાના તેલાવ ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં ગત સોમવારે દોરડાથી હાથ અને દુપટ્ટાથી પગ બાંધીને ૨૫ વર્ષીય યુવતીની હત્યા કરલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં અજાણી યુવતીને કોઈક અજાણ્યા શખ્સોએ હાથ-પગ બાંધીને ગળે ટૂંપોઆપીને હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવાના હેતુથી લાશને કેનાલમાં ફેકી દીધી હતી. પોલીસના જણાવ્યા મુજબ મૃતક મહિલા પીએમ રિપોર્ટમાં કોઈક વ્યકિતએ ઝેરી પદાર્થે પીવડાવીને હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે.

જ્યારે નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં દાસ્તન સર્કલ નજીક સર્વિસ રોડ પરથી હત્યા કરેલી હાલતમાં યુવકની લાશ મળી હતી. પોલીસે હત્યાનો ગુનો નોધી તપાસ હાથ ધરવા છતાં આજદિન સુધી હત્યારા શોધવાની વાત તો દૂર રહી પણ મૃતક યુવકની ઓળખ પરખ પણ થઈ શકી નથી.

# હવે નિર્ભયા કેસના અપરાધીઓને ૨૨મીએ ફાંસી નહીં

**• આવા નિયમોમાં સુધારાની જરુર, વર્તમાન સિસ્ટમ કેન્સર જેવી થઇ ગઇ છેઃ હાઇકોર્ટ જજ**

**• ચારમાંથી એક અપરાધીએ પણ અરજી કરી હોય તો ચારેયને લાગુ પડે, તેથી એને ફાંસી આપવી મુશ્કેલ : સરકાર**



નવી દિલ્હી : નિર્ભયાના અપરાધીઓને ૨૨મીએ ફાંસીએ લટકાવવા માટે દિલ્હી કોર્ટે ડેથ વોરંટ જારી કરી દીધુ હતું જોકે આ અપરાધીઓની પાસે હજુ પણ કેટલાક વિકલ્પો છે જેમાનો એક વિકલ્પ છે દયા અરજી. ચાર પૈકી એક અપરાધીએ દયા અરજી કરી છે જેને પગલે હવે ૨૨મીએ ફાંસીએ નહીં લટકાવવામાં આવે. આ અંગેની જાણકારી દિલ્હીની સરકારે હાઇકોર્ટને આપી હતી.

હાઇકોર્ટને સરકારે જાણકારી આપી તેમાં કહ્યું છે કે કાયદા પ્રમાણે જ્યાં સુધી કોઇ અપરાધીને તેને મળેલા વિકલ્પોમાંથી તે છુટો ન થઇ જાય અથવા તો તે વિકલ્પો પુરા ન થઇ જાય ત્યાં સુધી કોઇ પણ અપરાધીને ફાંસીએ ન લટકાવી શકાય. ચાર અપરાધીઓ ૩૨ વર્ષીય મુકેશ કુમાર, વિનય શર્મા, અક્ષય કુમાર અને પવન ગુપ્તાને ૨૨મીએ સવારે સાત કલાકે ફાંસીએ લટકાવવાના હતા. દિલ્હીની એક સ્થાનિક કોર્ટે સાતમી જાન્યુઆરીએ જ ડેથ વોરંટ જારી કરી દીધુ હતું.

દિલ્હી સરકાર અને જેલ ઓથોરિટીએ દિલ્હી હાઇકોર્ટને એવી જાણકારી આપી હતી કે જો એક જ કેસમાં એક કરતા વધુ અપરાધી હોય અને તેમાંથી કોઇ પણ એક અપરાધી જો દયા અરજી કરે અને દયા અરજીનો નિકાલ ન આવે તો ત્યાં સુધી આ કેસમાં એક પણ અપરાધીને ફાંસીએ ન લટકાવી શકાય.

બીજી તરફ દિલ્હી હાઇકોર્ટમાં અપરાધીએ એક અરજી કરીને નીચલી કોર્ટે જે ડેથ વોરંટ જારી કર્યુ છે તેને પડકાર્યું હતું અને એવી દલીલ કરી હતી કે હાલ દયા અરજી થઇ હોવાથી નીચલી કોર્ટે જે તારીખે ફાંસી આપવાનો આદેશ આપ્યો છે તેને રદ કરવામાં આવે. જોકે હાઇકોર્ટે આ અપીલને માન્ય નહોતી રાખી અને સાથે કહ્યું હતું કે જો તમને ટ્રાયલ કોર્ટના ડેથ વોરંટ સામે વાંધો હોય તો ટ્રાયલ કોર્ટમાં જ જઇને અપીલ કરવી પડશે. બાદમાં અપરાધી મુકેશ વતી દલીલ કરનારા વકીલ વૃંદા ગ્રોવર અને રેબેકા જોને કહ્યું હતું અમે આ અપરાધીની અરજીને પરત લઇએ છીએ અને સેશન કોર્ટમાં જઇશું. દરમિયાન દિલ્હીના રાજ્યપાલે આરોપીની અરજી ખારીજ કરવા રાષ્ટ્રપતિને ભલામણ કરી હતી.

# ઉન્નાવ કેસમાં પીડિતાના પિતાની સારવાર કરનાર ડોક્ટરનું મોત

નવી દિલ્હી : ઉન્નાવ રેપ કેસની પીડિતના પિતાની સારવાર કરનાર ડોક્ટર પ્રશાંત ઉપાધ્યાયની શંકાસ્પદ પરિસ્થિતીઓમાં મોત નીપજ્યું છે. ઉન્નાવ પીડિતાના પિતા સાથે મારપીટ થઇ હતી ત્યાર બાદ તેમણે સારવાર માટે જિલ્લા હોસ્પિટલ લાવામાં આવ્યાં હતા. તે સમયે ડોક્ટર પ્રશાંત ઉપાધ્યાય ઇમર્જન્સીમાં હતા અને તેમણે જ પીડિતાના પિતાને જેલ મોકલી આપ્યા હતા. આ મામલે વિવાદ વકરતા જ્યારે સીબીઆઇની ઇન્ક્વાયરી શરૂ થઇ ત્યારે પ્રશાંત ઉપાધ્યાયને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં હતા અને લાંબા સમય બાદ તેમને ફરજ પર લેવામાં આવ્યા હતા. આ સમયે ડોક્ટર પ્રશાંત ફતેહપુરમાં તૈનાત હતા. દિલ્હીની તીસ હજારી કોર્ટે બીજેપીના પૂર્વ ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગરને ૨૦૧૭ ઉન્નાવ રેપ કેસમાં ગત મહિને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે આ ગુનામાં સહ આરોપી મહિલા શશિ સિંહને નિર્દોષ જાહેર કરી દીધા હતા. શશિ સિંહ નોકરી અપાવવાના બહાને પીડિતાને કુલદીપ સેંગરની પાસે લઇને ગઇ હતી જે બાદ સેંગરે પીડિતા પર બળાત્કાર ગુજાર્યો. દિલ્હીની તીસ હજારી કોર્ટે કુલદીપ સેંગરને અપહરણ તથા બળાત્કારના કેસ જનમટીપની સજા અને રૂ. ૨૫ લાખનું વળતર ચૂકવવા આદેશ આપ્યો હતો.

# હવામાનનો અભ્યાસ કરવા ભારતના ૩૪ વૈજ્ઞાનિકોની ટીમ એન્ટાર્કટિકા રવાના થઇ

**• દેશની ૧૮ સંસ્થાઓના વિજ્ઞાનીનીનો સમાવેશ : ૨૦૦૪થી ભારત આવી જ્ઞાનયાત્રા યોજે છે, આ ૧૧મો પ્રવાસ**

મુંબઇ : ભારતીય વિજ્ઞાનીઓની ટીમ શનિવારે એન્ટાર્કટિક વિસ્તારના સંશોધન માટે રવાના થઇ હતી. દેશની વિવિધ ૧૮ સંસ્થાઓના કુલ ૩૪ વિજ્ઞાનીઓ ટીમમાં શામેલ છે. ટીમની આગેવાની પુના સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઑફ ટ્રોપિકલ મિટિરિયોલોજી (આઇટીએમ)ના ડિરેક્ટર અનૂપ મહાજન લઇ રહ્યા છે.

પૃથ્વીના દક્ષિણ છેડે એન્ટાર્કટિકા ખંડ આવેલો છે. આ ખંડ આસપાસનો સમુદ્ર સધર્ન ઑશન (દક્ષિણ સમુદ્ર) તરીકે પણ ઓળખાય છે. સફર દરમિયાન વિજ્ઞાનીનીઓ કુલ ૧૮ પ્રયોગો કરશે.

ભારતની આ સંશોધન સફરને ધ ઇન્ડિયન સાયન્ટિફિક એક્સપિડિશન ટુ ધ સધર્ન ઑશન નામ આપવામાં આવ્યું છે. ભારતની આ જ્ઞાનયાત્રા (એક્સપિડિશન) વર્ષ ૨૦૦૪થી નિયમિત રીતે યોજાય છે. આ ૧૧મી સફર છે. એન્ટાર્કટિકા તરફ જતા આવા એક્સિપિડિશન હંમેશા જહાજ પર જ કરવા પડે. ભારતની યાત્રાનું જહાજ શનિવારે હિન્દ મહાસાગરમાં દક્ષિણ તરફ આવેલા દેશ મોરેશિયસથી રવાના થયું હતુ. વિવિધ ૧૮ સંસ્થાઓમાં અમદાવાદ સ્થિત ઇસરોની સંસ્થા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ)ના સંશોધકોનો પણ સમાવેશ થાય છે. આ પ્રવાસ લગભગ ૨ મહિના ચાલશે. એ દરમિયાન તેઓ વિવિધ ૬૦ સ્થળેથી જળ-હવાના નમુના એકઠા કરશે.

# રિટેલ ફુગાવો ૭.૩૫% : ૫ વર્ષની ટોચે

**• કૂદકે ભૂસકે વધતા શાકભાજી, ખાદ્યવસ્તુઓ, જીવન જરૂરીયાતની વસ્તુઓના ભાવો આસમાને**

**• ત્રીજા મહિને પણ રિટેલ ફુગાવો આરબીઆઇના ૪ ટકાના લક્ષ્યાંકથી વધુ રહેતા વ્યાજ દરમાં ઘટાડાની શક્યતા નહીંવત**



નવી દિલ્હી : ડિસેમ્બરમાં રિટેલ ફુગાવો વધીને ૭.૩૫ ટકા થઇ ગયો છે. જુલાઇ, ૨૦૧૪ પછીનો આ સૌથી ઉંચો રિટેલ ફુગાવો છે. આ સળંગ ત્રીજો મહિનો છે જેમાં રિટેલ ફુગાવો રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના નિર્ધારિત લક્ષ્યાંક ચાર ટકાથી વધુ રહ્યો છે. દેશનો વિકાસ દર છ વર્ષના તળિયે પહોંચી ગયો છે ત્યારે રિટેલ ફુગાવો ૭.૩૫ ટકા રહેતા આરબીઆઇ વ્યાજ દરોમાં ઘટાડો કરે તેની શક્યતા ખૂબ જ ઓછી છે.

નવેમ્બર, ૨૦૧૯માં રિટેલ ફુગાવો ૫.૫૪ ટકા રહ્યો હતો. ખાદ્યાન્ન વસ્તુઓના ભાવ વધવાને કારણે ડિસેમ્બરમાં ફુગાવો વધ્યો છે. ડિસેમ્બર, ૨૦૧૯માં ખાદ્યાન્ન ફુગાવો ૧૪.૧૨ ટકા રહ્યો છે. જે નવેમ્બર, ૨૦૧૯માં ૧૦.૦૧ ટકા તથા ડિસેમ્બર, ૨૦૧૮માં માઇનસ ૨.૬૫ ટકા હતો. પસંદગી કરેલી વસ્તુઓ અને સેવાના ભાવમાં વધારા કે ઘટાડાને આધારે ફુગાવો નક્કી કરવામાં આવે છે. રિટેલ ફુગાવાના આંકડા જાહેર થયા પછી નિષ્ણાતોએ જણાવ્યું છે કે આરબીઆઇ નજીકના ભવિષ્યમાં વ્યાજ દરોમાં ઘટાડો કરે તેની કોઇ શક્યતા નથી. જો કે નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આગામી સમયમાં શાકભાજીના ભાવમાં ઘટાડો જોવા મળશે.

# દેશમાં એક દાયકામાં રૂપિયા ૪.૭ લાખ કરોડનું કૃષિ દેવું થયું માફ



મુંબઇ : પાછલા એક દાયકામાં વિવિધ રાજ્યોએ કુલ ૪.૭ લાખ કરોડ રૂપિયાનું કૃષિ દેવું માફ કર્યુ છે. આ ઉદ્યોજગતથી સંબંધિત એનપીએનું ૮૨ ટકા જેટલું છે,એક રિપોર્ટમાં તેની માહિતી આપવામાં આવી છે.

એસબીઆઇ રિસર્ચની એક રિપોર્ટ પ્રમાણે કૃષિ દેવની એનપીએ વર્ષ ૨૦૧૮-૧૯માં વધીને ૧.૧ લાખ કરોડ રૂપિયા પર પહોચી ગઇ છે, આ કુલ ૮.૭૯ લાખ કરોડ રૂપિયાનાં એનપીએનાં ૧૨.૪ ટકા છે. નાણાકિય વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ એનપીએ ૫.૬૬ લાખ કરોડ રૂપિયા હતી,અને તેમાં કૃષિ દેવાની ભાગદારી ૮.૬ ટકા એટલે કે ૪૮,૮૦૦ કરોડ હતી.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ એનપીએમાં કૃષિ સેક્ટરનો હિસ્સો માત્ર ૧.૧ લાખ કરોડ રૂપિયા એટલે કે ૧૨.૪ ટકા છે, પરંતું જો આપણો છેલ્લા એક દાયકામાં ૩.૧૪ લાખ કરોડ રૂપિયાનાં માફ કરાયેલા કૃષિ દેવા સાથે જોડીએ તો ખજાના પર તેનો બોજ ૪.૨ લાખ કરોડ થઇ જાય છે.

# સીએએ હેઠળ ૩૨૦૦૦ શરણાર્થીઓને નાગરિકતા આપતું યુપી પ્રથમ રાજ્ય

લખનૌ : સીએએનો અમલ કરવાના ભાગરુપે યુપી સરકારે રાજ્યમાં રહેતા શરણાર્થીઓનુ લિસ્ટ કેન્દ્રને મોકલી આપ્યુ છે. આ લિસ્ટમાં ૧૯ જિલ્લાઓના શરણાર્થીઓને સામેલ કરાયા છે.યુપી લિસ્ટ મોકલનાર પહેલુ રાજ્ય બની ગયુ છે. આ લિસ્ટમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી આવેલા શરણાર્થીઓનો સમાવેશ થાય છે. જેમને સરકાર નાગરિકતા આપશે. આવા શરણાર્થીઓની સંખ્યા ૩૨૦૦૦ જેટલી થવા જાય છે.પહેલા તબક્કામાં તેમની ઓળખ કરીને લિસ્ટ સરકારને મોકલી દેવાયુ છે. યુપી સરકારે કહ્યુ હતુ કે, આ શરણાર્થીઓ હિન્દુ, બૌધ્ધ, શીખ , ખ્રિસ્તી ધર્મના છે. જેઓ યુપીમાં કેટલાય સમયથી રહી રહ્યા છે. હવે જ્યારે સીએએ લાગુ થઇ ગયો છે ત્યારે તેમને નાગરિકતા આપશે.

# પ્રજાસત્તાક દિને હુમલાનું કાવતરું નિષ્ફળ, જૈશના પાંચ આતંકી ઝબ્બે

નવી દિલ્હી : ૨૬ જાન્યુઆરીના રોજ જમ્મુ અને કાશ્મીરમાં એક મોટી આતંકી વારદાતને અંજામ આપવાનું ષડયંત્ર રચી રહેલા જૈશ એ મોહમ્મદના પાંચ આતંકીઓને આજે દબોચવામાં આવ્યાં છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે હાથ ધરેલી એક મોટી કાર્યવાહીમાં આ આતંકીઓ શ્રીનગરના હજરતબલ વિસ્તારથી ધરપકડ કરાયા છે. તેમની પાસેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટક અને અન્ય સામાન મળી આવ્યો છે.મળતી માહિતી મુજબ આતંકીઓના એક મોટા મોડ્યુલનો પર્દાફાશ કરતા પોલીસે આજે સાંજે હજરતબલ પાસેથી આ આતંકીઓની ધરપકડ કરી છે. પોલીસસૂત્રોના જણાવ્યા મુજબ પકડાયેલા આતંકીઓ શ્રીનગરમાં ૨૬ જાન્યુઆરીની આસપાસ ફિદાયિન કે આઇઇડી હુમલો કરવાનું ષડયંત્ર રચી રહ્યાં હતાં. આ આતંકીઓ પાસેથી પોલીસે વિપુલ પ્રમાણમાં વિસ્ફોટકો અને અન્ય સામાન જપ્ત કર્યો છે. એજન્સીઓના અધિકારીઓ આ તમામની આકરી પૂછપરછ કરી રહ્યાં છે. એવું માનવામાં આવી રહ્યું છે કે આ આતંકીઓની પાસેથી ઘાટીમાં રચાઇ રહેલા આતંકી ષડયંત્રોની કેટલીક મહત્વની જાણકારીઓ મળી શકે છે. અત્રે જણાવવાનું કે હાલમાં જ કાશ્મીરના કુલગામમાંથી બે આતંકીઓને સેનાએ પકડ્યા હતાં.

# સંજય રાઉતની ઇન્દિરા ગાંધી પરની ટિપ્પણીથી કોંગ્રેસ ખફા

નવી દિલ્હી : શિવસેનાના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે અંડરવર્લ્ડના ડોન કરીમ લાલા અને પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીની મુલાકાત અંગે નિવેદન આપતા જ રાજકીય ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસના નેતાઓએ પણ આ નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપતા હવે સંજય રાઉતે આખરે માફી માંગવી પડી. સંજય રાઉતે કહ્યું કે ઇન્દિરા ગાંધીનું અંડરવર્લ્ડ ડોન કરીમ લાલા સાથ મળવાની વાતથી અમારા મિત્ર કોંગ્રેસે દુઃખી થવાની જરૂર નથી. જો કોઇને એમ લાગતુ હોય કે મારા નિવેદનથી ઇન્દિરા ગાંધીની છબીને ધક્કો લાગ્યો છે કે પછી કોઇની ભાવનાને ઠેસ પહોંચી છે તો હું મારું નિવેદન પાછું ખેંચું છું. આ અગાઉ પણ સંજય રાઉતે પોતાના નિવેદન અંગે ટ્વીટ કરીને સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે તેમણે આ વાતો ગાંધી પરિવારની છબી બગાડવા માટે નહતી કરી.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**તા.૧૭-૦૧-૨૦૨૦ થી તા. ૨૩-૦૧-૨૦૨૦**

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



### મેષ (અ,લ,ઈ)

આપના આ સપ્તાહમાં મિત્રો અને સ્નેહીઓ સાથે વાતાવરણ ખુશ્નુમા રહેશે. ધર્મકાર્યો માટે અનુકૂળતા સર્જાય. આધ્યાત્મિક કાર્યો પ્રત્યેનો ઉત્સાહ જળવાઇ રહેશે. વિદેશ સ્થિત મિત્રોથી લાભ થાય. પણ આ સપ્તાહમાં આવેશમાં આવીને કોઇ પણ જાતના નિર્ણયો લેવાથી મુંઝવણ વધી શકે. સ્વભાવની ઉગ્રતા પર કાબૂ રાખવો. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીઓનો સહકાર મળી રહેશે. પરિવારમાં નાની નાની બાબતમાં પારાવારિક સભ્યો સાથે વૈચારિક મતભેદની સ્થિતિ ન સર્જાય તે બાબતે કાળજી રાખવી.



### વૃષભ (બ,વ,ઉ)

આપના આ સપ્તાહમાં વ્યવસાયમાં ધારેલી સફળતા મેળવી શકશો. કેમિકલ્સ અને પ્લાસ્ટિકના ધંધામાં સારી સફળતા મેળવી શકશો. પરિવારમાં ,કુંટંબીજનનોને ત્યાં શુભ માંગલિક પ્રસંગો ઉજવાય. જીવનસાથીની પ્રગતિમાં સહાયક બની શકશો. ધર્મ અને આધ્યાત્મિક પ્રગતિ સાધી શકશો. દામ્પત્ય જીવનમાં પણ એક બીજાની અનુકૂળતાના કારણે સારી પ્રગતિ થાય. પારાવારિક જીવનને વધુમધુર બનાવી શકશો. રચનાત્મક કાર્યો કરી શકશો. જાહેર જીવનમાં વ્યર્થના વિવાદમાંથી બચી શકશો.



### મિથુન (ક,છ,ઘ)

આપના આ સપ્તાહમાં મધ્યમસ્તરીય પ્રગતિ જળવાઇ રહેશે. વિદેશમાં સ્થિત મિત્રોને ત્યાં જઇ શકશો. પરિવારમાં શુભ પ્રસંગો ઉજવાય. ભાગીદારીમાં આ સપ્તાહમાં વિશ્વાસઘાત ન થાય તે બાબતે ખાસ કાળજી રાખવી. બૌધ્ધિક તેમજ સર્જનાત્મક કાર્યોમાં શ્રેષ્ઠ પ્રગતિ સાધી શકશો. જૂની ઉઘરાણી પરત મેળવી શકશો. દક્ષિણ દિશામાંથી શુભ સમાચાર મળે. પારાવારિક સમસ્યાઓને હલ કરી શકશો. આધ્યાત્મિક ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ, રુચિ વધે. લાંબા સમયથી ચાલતી પ્રોપર્ટી સંબંધી મુંઝવણનો અંત આવે.



### કર્ક (ડ,હ)

નવીન કાર્યરચના હાથ ધરી શકશો. ભૂતકાળમાં કરેલા રોકાણોથી લાભ થાય. આ સપ્તાહમાં પારાવારિક સમસ્યા હલ કરવાને બદલે વધુ ચિંતીત બને. સંતાન સંબંધી શુભ માંગલિક પ્રસંગો ઉજવાય. નાણાંકીય બાબતમાં તકેદારી રાખવી પડે. ખોટા, નવા સાહસકરવા નહીં. પત્નીના સ્વાસ્થ્ય બાબતે ચિંતા રહેશે. મહેનતના પ્રમાણમાં ફળ નહીં મળતા મન અશાંત રહેશે. નોકરીયાત વર્ગને ચિંતા રહે. કોઇપણ કામ કરવામાં અધીરા બનવુ નહીં. પારાવારિક સમસ્યાઓનો સામનો કરવો પડે.



### સિંહ (મ,ટ)

અનેક મુંઝવણોઓ અંત આવે. મહત્વના કાર્યોનો શ્રેષ્ઠ ઉકેલ આવતાં મન પ્રસન્ન રહેશે. જૂની ઉઘરાણી મેળવવા માં સફળતા મળે. સંશોધનાત્મક અભિગમના કારણે સારી સફળતા મેળવી શકશો. દામ્પત્ય જીવનમાં જે ગેરસમજ થયા હતા તે હવે દૂર થતાં માનસિક શાંતિ અનુભવશો. વિદ્યાર્થીઓને યોગ્ય પુરુષાર્થકરતાં સારી સફળતા મળી રહેશે. નોકરીયાત વર્ગનો મહેનતના પ્રમાણમાં સફળતા મળી રહેશે. જીવન સાથીની મહત્વકાંક્ષાઓ પૂર્ણ કરી શકશો. લોકોપયોગી કાર્યો કરી શકશો.



### કન્યા (પ,ઠ,ણ)

આ સપ્તાહમાં લાંબા સમયથી વિખૂટા પડેલા સ્વજનોના શુભ સમાચાર મળે. નેત્ર અને કમરના દુખાઃવા સંબંધી તકલીફમાં રાહત થાય. રોકાયેલા નાણાં છુટા થાય. રાજકીય ક્ષેત્રે આગવી પ્રતિભા વિકસાવી શકશો. દક્ષિણ દિશામાંથી શુભ સમાચાર મળે. બૌધ્ધિક તેમજ સર્જના ત્મક ક્ષેત્રે સફળતા મેળવી શકશો. મિત્રો સાથેના સંબંધોમાં મધુરતા વધે. જીવનજરુરિયાતની વસ્તુઓની ખરીદી કરી શકશો. જીવનસાથીનો સહકાર મળી રહેશે. પારાવારિક સમસ્યાઓ હલ થાય. મન પ્રસન્ન રહેશે.



### તુલા (ર,ત)

આપના આ સપ્તાહમાં આનંદ ઉત્સાહમાં વધારો થાય. આધ્યાત્મિક , ધાર્મિક કાર્યોમાં રુચિ વધે. મોસાળપક્ષના શુભ સમાચાર મળે. આ સપ્તાહમાં વિકાસશીલ આયોજનો કરી શકશો. પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ રહે. માનસિક શાંતિમાં વૃધ્ધિ થાય. આ સપ્તાહમાં અનેક વણઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મેળવી શકશો. પરોકપકારના કાર્યો અર્થે ટુકી યાત્રા મુસાફરી થાય. સમૃધ્ધિમય વાતાવરણમાં રહેવુ ગમશે. લગન્ઇચ્છુક યુવક-યુવતીઓને તેમના મનપસંદ જીવનસાથી મળી રહેશે.



### વૃશ્ચિક (ન,ય)

આપના આ સપ્તાહમાં કાર્યક્ષેત્રના વિકાસ માટે આયોજનબધ્ધ કાર્યો કરી શકશો. પ્રાકૃતિક સૌદ્ધર્ય, કલા, સાહિત્ય પ્રત્યે રુચિ વધે. દામ્પત્ય જીવનમાં લાગણી, આત્મીયતા જળવાઇ રહેશે. સંતાનની પ્રગતિ ધીમી ગતિઅહે થતી રહેશે. હરિફો, પ્રતિસ્પર્ધીઓ થી ખાસ સાચવવુ. મૂડી રોકાણ અંગે ચિંતા રહે. નેત્રની બિમારીમાં રાહત રહે. કુંટંબીજનોનો સાથ-સહકાર મળી રહેશે. યોગ્ય દિશામાં શ્રેષ્ઠ પુરુષાર્થ કરવાથી લાભની અનેક તકો ઝડપી શકશો. સ્થાવર મિલ્કત અંગેના સોદા પાર પડી રહેશે.



### ધન (ધ,ભ,ફ,ઢ)

આપના આ સપ્તાહમાં કરેલા કાર્યોમાં આસાનીથી સફળતા મળી રહેશે. નેતાગીરીના ક્ષેત્રે અપયશ સાથેની નિષ્ફળતામાંથી ઉગરી જવાય. સંતાનની પ્રગતિ બાબતે જે ચિંતા હતી તેમાંથી માર્ગ મળી રહેશે. યાત્રા પ્રવાસમાં ધારેલી સફળતા મળી રહેશે. ભૂતકાળમાં કરેલા રોકાણોથી ખર્ચનું પ્રમાણ વધુરહેશે. કયારેક કયારેક કપત્નીના સ્વાસ્થ્ય બાબતે ચિંતા રહે. પરિવારમાં સ્નેહ અને સંપમાં વધારો થાય. સ્થાયી પ્રોપર્ટી અંગેના કાર્યોનો ઉકેલ મળી રહેશે. નોકરીયાત વર્ગને અધિકારીઓ સાથે મતભેદથી મન અશાંત રહેશે.



### મકર (ખ,જ)

આપના આ સપ્તાહમાં સંતાનની સમસ્યાનો ઉકેલ લાવી શકશો. જૂની ઉઘરાણી પરત મેળવી શકશો. ઘરમાં શુભ માંગલિક પ્રસંગો ઉજવાય. ધંધા વ્યવસાયમાં ઉચ્ચસ્તરીય પ્રગતિ કરી શકશો. જાહેર સામાજિક ક્ષેત્રે માન-સન્માન મળે. ભાગ્યોદયની અનેક નવી નવી તકો ઝડપી શકશો. કાયદાકીય બાબતમાં નિષ્ણાંત બનશો. ટેક્ષટાઇલ અને યાર્નના બિઝનેસમાં સારી સફળતા મળે. આવકના સાધનોમાં વધારો થાય. પ્રોપર્ટી સંબંધી સમસ્યાનો ઉકેલ મેળવી શકશો.



### કુંભ (ગ,સ,શ,ષ)

આપના આ સપ્તાહમાં ધંધાના ક્ષેત્રે આગવી પ્રતિભા વિકસાવી શકશો. લોકોપયોગી કાર્યો કરવામાં રુચિ વધે.વ્યવસાયમાં વિશેષ સફળતા મેળવી શકશો. દામ્પત્ય જીવનમાં સ્નેહના પુષ્પો ખીલવી શકશો. યાત્રા પ્રવાસ વિના વિલંબે પાર પાડી શકશો. કુંટુંબસુખમાં વૃધ્ધિ થાય. સંગીત પ્રત્યે રુચિ વધે. પરિવારમાં વ્યકિત વિશેષની પ્રગતિ થવાથી મન પ્રફુલ્લિત રહેશે. આ સપ્તાહમાં અનેક નવીન કામગીરીનો આરંભ કરી શકશો.આવકની સ્થિતિ જળવાઇ રહેશે. નોકરીયાત વર્ગને ચિંતામાંથી માર્ગ મળે.



### મીન (દ,ચ,ઝ,થ)

ઘરમાં શુભમાંગલિક પ્રસંગોનુ આયોજન કરી શકશો. લોકોપયોગી કાર્યો કરી શકશો. રાજકીય ક્ષેત્રે આગવી પ્રતિભા વિકસાવી શકશો. વાહન તેમજ મિલકતની ખરીદી કરી શકશો. જાહેર જીવનમાં માન-સનમાન મળે. સરકારી કામકાજમાં સફળતા મળી રહેશે. બૌધ્ધિક ક્ષેત્રે સફળતા મળે. આરોગ્ય વિષ ાયક ચિંતા હલ થાય. નિકટ સંબંધીઓ સાથે મધુર વાતાવરણ જાળવી શકશો. ધંધાકીય આયોજનો સફળતાપૂર્વક પાર પડે. વડીલ વ્યકિતના સ્વાસ્થ્ય બાબતે ચિંતા રહે.

# આ પાંચ વસ્તુઓ હાથમાંથી પડે તો થઈ શકે છે ખુબ જ મોટું અપશુકન

આપણી સાથે કેટલીયે વખત એવું થતું હશે કે ભારે ઉતાવળા થવાથી આપણા હાથમાંથી કામ સરકવા લાગે છે. એકાદ વખત આવું થાય તો કોઈ વાંધો નથી પણ જો વારંવાર આ વસ્તુઓ થાય જ કરે તો સમજો આ સંકેત તમને આવનારા ખરાબ કે કપરા સમય તરફ ઈશારો કરે છે. જો કોઈ ગ્રહ ભારે હોય તો પણ આવું થઈ શકે છે. વારંવાર વસ્તુઓ હાથમાંથી પડી જતી હોય તો વાસ્તુદોષ તરફ પણ ઈશારો કરી જાય છે.

## ઉકળતું દૂધ ઉભરાવું

દૂધને ચંદ્રમાં સાથે જોડવામાં આવે છે. વાસ્તુ અનુસાર ઉકળતા દૂધમાં ઉભરો આવે અને જમીન પર પડે તો સુખ-સમૃદ્ધિમાં કમી આવે છે. દૂધનું ઉભરાવવું અપશુકન માનવામાં આવે છે. પરિવાર પર સંકટ તરફ ઈશારો કરી જાય છે.

## પૂજાની થાળી ઢોળાઈ જવી

પૂજાની સામગ્રીને ખુબજ પવિત્ર માનવામાં આવે છે. જો આરતી કરતા પહેલા થાળી ઢોળાય જાય તો સમજો તમારી પૂજા અધુરી છે. આવું થાય તો ભગવાનને બે હાથ જોડી પ્રાર્થના કરવી અને શુભ મંગલની કામના કરવી.



## જો મીઠું ઢોળાવું

ભારતીય જ્યોતિષ શાસ્ત્રમાં મીઠાનું ઢોળાઈ જવુ શુક્ર અને ચંદ્રમાં નબળા હોય તે તરફ ઈશારો કરી જાય છે.

## ઘંઉ અને ચોખા ઢોળાવા

આપણે ત્યાં અન્નને અન્નપૂર્ણા દેવી સાથે જોડવામાં આવે છે. જો અનાજ ઢોળાય તો માતા અન્નપૂર્ણાનું અપમાન થાય છે અને માતા લક્ષ્મીજી રિસાઈ જાય છે. ઘરમાં દરિદ્રતા આવે છે.

## તેલનું પાત્ર ઢોળાવું

જમવાનું બનાવતી વખતે હાથમાંથી તેલનું પાત્ર ઢોળાઈ જાય તો સમજો તમારા પરિવાર પર કોઈ મોટુ સંકટ આવી રહ્યુ છે. આવું થાય તો ખુબજ સાવધાન રહેવુ જરૂરી છે.

# ઘરમાં કરોળિયાના જાળા હોય તો તેને હટાવી દો, નહીંતર મુશ્કેલીઓ વધશે

ઘરમાં કરોળિયાના જાળા થવા એ સામાન્ય વાત છે. તે અવારનવાર જોવા મળે છે. આમછતાં તે દેખાય ત્યારે તેને તરત જ હટાવી દેવા જોઈએ. કારણકે તેને કારણએ વાસ્તુદોષ પેદા થાય છે. ઘરમાં અનેક આફતો આવે છે.

અનેક વાર આ કારણે પરિવારજનો સખત મહેનત કરતાં હોવા છતાં અપેક્ષિત સફળતા પ્રાપ્ત નથી કરી શકતાં. એટલું જ નહિં ગમે તેટલું કમાઓ તોય કશું બચતું નથી. સઘળું ખર્ચાઈ જાય છે. વાસ્તુશાસ્ત્ર અનુસાર કરોળિયાના જાળાને કારણે અનેક મુશ્કેલીઓ વેંઠવી પડે છે. જાણો શું કહેવાયું છે વાસ્તુશાસ્ત્રમાં આ વિશે

– કોઈ કાર્ય બનતું બનતું બગાડે છે. તેમ જપરિવારના સ્વાસ્થ્યમાં પણ ચઢાવ ઉતાર આવે છે. તેથી જ્યારે પણ પૂરા ઘરની સફાઈ કરો કરોળિયાના જાળા સૌ પહેલાં જ હટાવી લો.

– જો કરોળિયાના જાળા ઘરમાં હોય તો ઘરમાં માંદગી આવે છે. એટલું જ નહિં ઘરમાં રહેનારા લોકોના મગજ પણ જામ થઈ જાય છે એટલે કે બુદ્ધિ ચાલતી નથી. જેને પરિણામે વિકાસ બાધિત થઈ જાય છે.

– વાસ્તુશાસ્ત્ર અનુસાર કરોળિયાના જાળા વાસ્તુદોષ ઉત્પન્ન કરે છે. એ ઘરમાં નકારાત્મક ઉર્જા



પેદા કરે છે. સાથે સાથે ખર્ચા અને માંદગી વધારે છે.

– જે ઘરમાં કરોળિયાના જાળા વધારે હોય તે ઘરના સભ્યોમાં આળસ, સ્વભાવમાં ચીડિયાપણુ અને નકારાત્મકતા આવી જાય છે.

– જ્યોતિષશાસ્ત્રમાં કરોળિયાના જાળા જો ઘરમાં હોય તો એવું કહેવામાં આવે છે કે ઘરમાં એવી સ્થિતિ પેદા થાય છે કે વ્યક્તિ તેમાંથી બહાર જ આવી શકતી નથી પછી તે માંદગી હોય કે ખર્ચા હોય કે મુશ્કેલીઓ હોય. વ્યક્તિ વધુંને વધું ઘેરાતો જાય છે. તેનું મગજ અંતે ભ્રમિત થઈ જાય છે. વ્યક્તિઓ હમેંશા ઉલઝાયેલા રહે છે.

– કરોળિયાના જાળ વ્યક્તિને માનસિક રોગી બનાવે છે. જે ઘરમાં કરોળિયાના જાળા હોય તે ઘરમાં દુર્ભાગ્ય પીછો છોડતું નથી. હમેશાં ભાગ્ય છેટું રહે છે.

# સપનામાં આવતા સંકેતોથી સમજો ફાયદા તેમજ નુકસાનની સ્થિતિ

આપણને સૌને ક્યારેકને ક્યારેક તો સંકેતો મળતા હોય છે જે આપણને આપણા આવનારા શુભ કે અશુભ સમય અંગે ઈશારો કરતા હોય છે. એવું કોણ હશે જેને ધનની જરૂર ન હોય કેટલાક સંકેતો એવા હોય છે કે જેના વડે ધનલાભ વિશે જાણી શકાય છે. આ સંકેતોને સમજી લેવામાં આવે તો વ્યક્તિ જાણી શકે કે તેના ઘરે લક્ષ્મી ક્યારે આવશે અને તેને ધનલાભ કેવી રીતે થશે. તો ચાલો જાણી લો એવા સંકેતો વિશે જે ધનલાભ થતા પહેલા મળે છે.

જો અચાનક હથેળીમાં સતત ખંજવાળ આવે તો સમજી લેવું કે ધન લાભ થશે. લેતી દેતી વખતે હાથમાંથી પૈસા છૂટી જાય તો સમજવું કે ધન લાભ થશે. ધન સંબંધિત કામ કરવા જતા હોય અને પીળા કપડામાં કોઈ સ્ત્રી જોવા મળે તો તેને પણ ધનલાભનો સંકેત સમજવો. નોળિયો રસ્તો કાપે તો સમજી લેવું કે યાત્રાથી લાભ થશે અને ધન મળવાના યોગ સર્જાશે.

શુક્રવારે ભૂખરા રંગની ગાય જોવા મળે તો સમજી લેવું કે અચાનક ધનલાભ થશે. સપનામાં મોતી, હાર, મુકુટ વગેરે જોવા મળે તો લક્ષ્મીજીનો વાસ ઘરમાં થાય છે. સપનામાં જમણા હાથમાં સફેદ નાગ ડંખ મારે તો ધનપ્રાપ્તિના યોગ સર્જાય છે.

સપનામાં ચેક લખ્યાનું અનુભવાય તો ધન મળે છે. સપનામાં કોઈ પ્રાણી દેખાય તો સમજો સારો સમય શરૂ થઈ રહ્યો છે. સંતરા કે ઘઉં સપનામાં દેખાય તો ધન સંપત્તિ પ્રાપ્ત થાય છે. જો નાચતો મોર દેખાય તો સમજો ધનસંપત્તિ વધશે. શ્વાન કે બિલાડી દેખાય તો લક્ષ્મી પ્રાપ્ત થશે.

# કે-૯ વજ-ટી ગનને કારણે સેનાની શકિત, શૌર્ય વધુ મજબૂત થશે : રાજનાથ સિંહ

**• રક્ષામંત્રી રાજનાથ સિંહે ૫૧મી કે-૯ વજ-ટી ગનને લીલીઝંડી આપી**

સુરત : રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે આજે એલએન્ડટીના આર્મર્ડ સીસ્ટમ કોમ્પ્લેક્સ (એએસસી)માંથી ૫૧મી વજ-ટી ગનને લીલી ઝંડી આપી હતી. કે-૯ વજ-ટી પ્રોગ્રામમાં પ્રથમ ૫૦ ગનની નિયત સમય મર્યાદા અગાઉ ડિલિવરી કરવાનાં ટ્રેક રેકોર્ડને જાળવી રાખીને ૫૧મી ગનને કરારબદ્ધ ડિલિવરી તારીખના મહિનાઓ અગાઉ રવાના કરવામાં આવી હતી, જે એલએન્ડટી ડિફેન્સની ટેકનિકલ ક્ષમતા, કોમ્પ્લેક્સ સિસ્ટમ ઈન્ટિગ્રેશન સ્કિલ્સ, આયોજનની ક્ષમતા અને અમલીકરણમાં કુશળતાનો પુરાવો છે. કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહે કે-૯ વજ-ટી ગનના લીધે સેનાની શકિત અને શૌર્ય વધુ મજબૂત બનશે અને સેનાના જવાનોની સરાહના કરી હતી. એલએન્ડટીનાં ગ્રૂપ ચેરમેન શ્રી એ એમ નાયકે કહ્યું હતું કે, અમારી ડિફેન્સ ટીમે ગુણવત્તાનાં સચોટ સ્તર ધરાવતી અદ્યતન વેપન સિસ્ટમનું નિર્માણ કરવામાં અને સમયસર ડિલિવરી કરવામાં એક વાર ફરી એલએન્ડટીની એન્જિનીયરિંગ અને અમલીકરણ ક્ષમતાને પ્રદર્શિત કરી છે. હઝિરા ઉત્પાદન સંકુલ વિવિધ આંતરરાષ્ટ્રીય ટેકનોલોજી અને ઉત્પાદનના માપદંડો ધરાવે છે તથા કે-૯ વજ એમાંથી એક છે. એલએન્ડટીનાં સીનિયર ઈવીપી જે ડી પાટિલે જણાવ્યું હતું કે, કે-૯ વજ જેવા પ્લેટફોર્મ પ્રોગ્રામનું નિર્માણ કરવાથી મોટી બહુસ્તરીય અસર સાથે અર્થતંત્રમાં પ્રદાન થયું છે.

# દેવેન્દ્રએ ISI પાસેથી પૈસા લઇ આતંકને મોકળું મેદાન આપ્યું

**• દેવેન્દ્રના ઘરેથી સાત લાખ રોકડા, હથિયારો અને સૈન્ય કેમ્પના નકશા જપ્ત**

શ્રીનગર : આતંકીઓને મદદ કરવાના કેસમાં કાશ્મીરમાંથી આતંકીઓની સાથે જ ઝડપાયેલા ડીએસપી દેવેંદ્ર સિંઘની તપાસ ચાલી રહી છે. જમ્મુ કાશ્મીર પોલીસે હાલ દેવેન્દ્રને સસ્પેન્ડ કરી નાખ્યા છે અને આગળ પૂછપરછ ચાલુ છે. બીજી તરફ દેવેન્દ્રના જે પણ સગા સંબંધીઓ છે ત્યાં પણ પોલીસ તપાસ કરી રહી છે, પોલીસે જે દરોડા પાડયા તેમાં ૭.૫ લાખ રૂપિયા રોકડા અને સાથે સૈન્ય બેઝનો મેપ મળી આવ્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે દેવેન્દ્રએ પોતાના સગા સંબંધીઓને ત્યાં પૈસા છુપાવીને રાખ્યા હતા. દરોડા માટે પુરા વિસ્તાર પર નજર રાખવા માટે ડ્રોનની પણ મદદ લેવામાં આવી હતી. ડીએસપી દેવેન્દ્ર અને તેની સાથે ઝડપાયેલા બે આતંકીઓ નવીદ બાબૂ અને આસિફ અહમદે પૂછપરછમાં જણાવ્યું હતું કે પાકિસ્તાનની જાસુસી સંસ્થા આઈએસઆઈ હવાલા દ્વારા ભારતમાં આતંકીઓને પૈસા મોકલતી હતી.

# દિલ્હીમાં ચૂંટણી: કોંગ્રેસના રામસિંહ સહિત અનેક નેતા આપમાં જોડાયા

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભા ચુટણી માટે નોમિનેશનની પ્રક્રિયા શરૂ થવાના એક દિવસ પહેલા આમ આદમી પાર્ટીને મોટી સફળતા મળી છે, ત્રણ કોંગ્રેસી.નેતાઓ વિનય મિશ્રા, રાજકુમારી ઢીલ્લો. નવીન દિપુ ચૌધરી સહિત પુર્વ ધારાસભ્ય રામસિંહએ આપમાં જોડાવવાનો નિર્ણય કર્યો છે, આ તમામ નેતાઓ પાર્ટીમાં જોડાયા તે અંગેની જાણ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે ટ્વીટ કરીને જાણકારી આપી. આજ સવારે આ સમાચાર બહાર આવ્યા કે પુર્વ સાંસદ અને દિગ્ગજ કોંગેસી નેતા મહાબલ મિશ્રનાં પુત્ર વિનય મિશ્રા આપમાં જોડાઇ શકે છે, જો કે મહાબલ મિશ્રાએ આવી કોઇ પણ જાણકારી હોવાનો ઈન્કાર કર્યો છે,વિનય મિશ્રા વર્ષ ૨૦૧૩માં પાલમ વિધાનસભા બેઠક પરથી પોતાની કિસ્મત અજમાવી ચુક્યા છે. બદરપુરથી બે વખત ધારાસભ્ય રહી ચુકેલા રામ સિંહ પણ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. કેજરીવાલે ટ્વીટ કરી કહ્યું કે રામ સિંહ દિલ્હી સરકારનું કામ જોઈને આમ આદમી પાર્ટીમાં જોડાયા છે, બવાના બેઠકની રોહિણી વોર્ડનાં કોર્પોરેટર જય ભગવાન ઉપકારે પણ આમ આદમી પાર્ટી જોઈન કરી છે. હરિનગર વોર્ડનાં કોંગ્રેસ પાર્ટીનાં કોર્પોરેટર રાજકુમારી ઢીલ્લોજીએ પણ આમ આદમી પાર્ટીનો હાથ પકડ્યો છે.

# વોલમાર્ટે ટોચના ૮ અધિકારીઓ સહિત ૫૬ ભારતીય અધિકારીઓને છુટા કર્યા




નવી દિલ્હી : ભારતમાં વોલમાર્ટ એ ટોચના ૫૬ અધિકારીઓને નોકીરમાંથી દૂર કર્યા હતા. વોલમાર્ટ વધુ અસરકારક રીતે ભારતમાં વેપાર કરવા ઈચ્છે છે જેના માટે કોર્પોરેટ કલ્ચરની સમિક્ષા કરવાની જરૂર હોવાનું અમેરિકા સ્થિત રિટેલ બિઝનેસના ભારત ખાતેના સીઈઓ ક્રિષ ઐયરે કહ્યું હતું.જેમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા તેમાં આઠ તો વરિષ્ઠ કક્ષાના અધિકારીઓનો સમાવેશ થતો હતો.

ભારતીય ઈ-કોમર્સ કંપની બનવા પોતાના શેરમાં વધારો કરવા ફલિપકાર્ટને ૧૬ અબજ ડોલરમાં હસ્તગત કર્યા પછી વિશ્વની સૌથી મોટી કંપની બની ગયાના ૧૮ મહિના પછી વોલમાર્ટે આ પગલું ભર્યું હતું. ઐયરે ઈ-મેલ સંદેશમાં કહ્યું હતું કે 'વોલમાર્ટ ભારતમાં બી ટુબી કેશ એન્ડ કેરી વેપારમાં વૃધ્ધિ કરવા પ્રતિબધ્ધ છે'એમ ઐયરે કહીને ઉમેર્યું હતું કે કંપની વધુ અસરકારક રીતે કામ કરવા હમેંશા નવા નવા અખતરા કરતી જ રહે છે. છુટા કરાયેલા તમામ ૫૬ જણાને વધારાના લાભ અપાયા હતા અને તેમના સ્થળાંતર માટે પણ સહયોગ આપવામાં આવ્યો હતો, એમ ઐયરે કહ્યું હતું. વોલમાર્ટે તાજેતરમાં તેના બ્રિક એન્ડ મોર્ટાર સ્ટોર્સ અને ઈ-કોમર્સમાં નોંધપાત્ર રોકાણ કર્યું હતું.

## કાશી મંદિરમાં હવે ડ્રેસ કોડ : પુરૂષો માટે ધોતિયું, સ્ત્રીઓને સાડી ફરજિયાત

વારાણસી : ઉત્તર પ્રદેશના જગમશહૂર કાશી વિશ્વનાથ મંદિરમાં પ્રવેશ અને ગર્ભદ્વારમાં પૂજા કરવા માટે ખાસ ડ્રેસ કોડ નક્કી કરવામાં આવ્યો હોવાની ઔપચારિક જાહેરાત કરવામાં આવી હતી. જે લોકો શિવલિંગની નજીક જઈને દૂધ-જળ વગેરે ચડાવવા માગતા હોય એવા પુરુષોએ હવે ધોતિયું અને મહિલાઓએ સાડી ફરજિયાત પહેરવાં પડશે.

પેન્ટ શર્ટ, જિન્સ કે પંજાબી ડ્રેસ જેવા પોષાક પહેરનારા શ્રદ્ધાળુઓને હવે ગર્ભદ્વારમાં જઈને પૂજા કરવાનો અધિકાર નહીં મળે. આ નિયમ મકર સંક્રાન્તિ પછી એટલે કે પંદરમી જાન્યુઆરીથી અમલમાં આવશે. રવિવારે કમિશનરી સભાગારમાં કાશી વિશ્વનાથ મંદિરના સંચાલકો અને કાશી વિદ્વત પરિષદની મળેલી સંયુક્ત બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

## એનઆરસી પર મોદી અને શાહમાં મતભેદ: કોંગ્રેસ નેતા મણિશંકર ઐયર

નવી દિલ્હી : પોતાના નિવેદનોને લઈને હંમેશા ચર્ચામાં રહેતા કોંગ્રેસ નેતા મણિશંકર ઐયરે ફરી પાકિસ્તાનમાં ભારતના આંતરિક મામલાઓ પર ચર્ચા કરી છે. તેમણે લાહૌરમાં એક ચર્ચા દરમિયાન દાવો કર્યો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે એનપીઆરને લઈને મતભેદ છે. મણિશંકર ઐયરે કહ્યું કે, આ જોડી દેશમાં હિંદુત્વનો ચહેરો છે. મણિશંકર ઐયરે સોમવારે પાકિસ્તાનના લાહૌરમાં એક કાર્યક્રમમાં હતા, જેમાં તેમણે કહ્યું કે, એનપીઆરને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્યારેય માન્યું કે આ એનઆરસીનું ઉત્તરાધિકારી છે. સંસદમાં ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, એનપીઆર-એનઆરસી જ રૂપ હશે.



## સેનાના જવાનો માટે બરફ મોટો દુશ્મન, ચાર વર્ષમાં ૭૪ જવાનો શહીદ

શ્રીનગર : જમ્મુ કાશ્મીરમાં તૈનાત ભારતીય સેનાના જવાનો માટે આતંકવાદીઓની સાથે સાથે બરફ પણ મોટો દુશ્મન સાબિત થઈ રહ્યો છે. છેલ્લા ચાર વર્ષમાં બરફના કારણે ૭૪ જવાનો શહીદ થયા છે.હિમસ્ખલનના કારણે જવાનોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ૨૦૧૬માં ૧૮, ૨૦૧૭માં ૩૦, ૨૦૧૮માં ૬ અને ૨૦૧૯માં ૨૦ જવાનોના બરફ ધસી પડવાના કારણે શહીદ થયા હતા.

ગઈકાલે પણ પાંચ જવાનો હિમ સ્ખલનના કારણે શહીદ થયા છે. બીજી તરફ આંતરરાષ્ટ્રિય ન્યૂઝ એજન્સીના કહેવા પ્રમાણે પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરમાં હિમ સ્ખલનના કારણે ૫૭ લોકોના મોત થયા છે અને હજી પણ સેંકડો લોકો લાપતા છે. સેંકડો ઘર પણ બરબાદ થઈ ચુક્યા છે.

## ખિસ્સા કાપવાની સાથે લોકોને પેટ પર લાત મારે છે મોદી સરકાર : પ્રિયંકા

નવી દિલ્હી : નાગરિકતા સંશોધન કાયદા બાદ હવે મોંઘવારીના મુદ્દે પણ કોંગ્રેસે કેન્દ્ર સરકારને ઘેરવાની શરુઆત કરી છે. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ કહ્યુ હતુ કે, શાકભાજી અને ખાવા પીવાની વસ્તુઓના ભાવ આમ લોકોના પહોંચની બહાર જઈ રહ્યા છે. જો તેલ, દાળ અને લોટ મોંઘો થશે તો ગરીબ ખાશે શું અને બીજી તરફ મંદીના કારણે લોકોને રોજગારી મળી નથી રહી. પ્રિયંકાએ આકરો કટાક્ષ કરતા કહ્યુ હતુ કે, ભાજપ સરકારે લોકોનુ ખિસ્સા કાપીને તેમના પેટ પર લાત પણ મારી છે. ઉલ્લેખનીય છે કે, ફૂગાવો છેલ્લા પાંચ વર્ષની ટોચે પહોંચી ગયો છે. હવે વિપક્ષો આ મુદ્દે પણ મોદી સરકારને ઘેરવાના પ્રયાસો કરશે.જેની શરુઆત કોંગ્રેસે કરી દીધી છે.



અનુસંધાન પેજ નંબર 03

## દેશમાં બેરોજગારીનો વિકરાળ...

દેશમાં દર વર્ષે લગભગ સવા કરોડ નવા લોકો રોજગારની શોધમાં ઝંપલાવે છે. પરંતુ માંગને અનુસાર નોકરીઓનું સર્જન થઈ રહ્યું નથી. જાણકારોના મતે માંગ અને પુરવઠાના આ મોટા તફાવતે બેરોજગારીના ચિત્રને ઓર વિકરાળ બનાવી દીધું છે. અર્થ વ્યવસ્થાની તંદુરસ્તી રોજગારથી શરૂ થાય છે અને રોજગાર પર ખતમ થાય છે. નવી નોકરી આવક લાવે છે જે વપરાશની માંગ જન્માવે છે અને પછી એ માંગને પૂરી કરવા માટે ક્ષમતામાં વધારો કરવાના પગલે રોકાણમાં તેજી આવે છે. હાલ વસતીની દૃષ્ટિએ ચીન અને ભારત દુનિયાભરમાં મોખરે છે. એક અહેવાલ મુજબ ૨૦૫૦ સુધીમાં ભારતમાં કામકાજ કરવાના સક્ષમ લોકો એટલે કે ૧૫ થી ૬૧ વર્ષની વયના લોકોની સંખ્યા ૧.૧ અબજે પહોંચી જશે જ્યારે એ જ ગાળામાં ચીનમાં આ સંખ્યા ઘટીને ૭૫ કરોડ થઈ જશે. આ વસતીને જો યોગ્ય રોજગાર ન મળી રહ્યો તો ભારતનો વસતીવધારો આશીર્વાદના સ્થાને અભિશાપ બની જશે તે નક્કી છે. વર્તમાન સરકાર આ બાબતને ગંભીરતાથી લઈને આયોજનો કરે તે હવે આવશ્યક છે.

### ક્રોસવર્ડનો ઉકેલ

**આડી ચાવી :** (૧) વળગાઝૂમ (૪) અનુક્ષણ (૬) કપટ (૭) તખત (૯) વિસ્તૃત (૧૦) મેદની (૧૩) વાદીગર (૧૫) રગડ (૧૮) જવાબદારી (૨૦) કપીન્દ્ર (૨૩) હરોલ (૨૪) કતાલ (૨૫) ચીસ (૨૭) ઘેલું (૨૮) લાશ (૨૯) શ્રી (૩૦) નીમ (૩૧) લાલ (૩૨) અજીર્ણ

**ઊભી ચાવી :** (૧) વખત (૨) ગામાત (૩) મકસદ (૪) અટવિ (૫) ક્ષપિત (૮) ખરીદી (૧૦) મેર (૧૧) નીરજ (૧૨) વેપારી (૧૩) વાચિક (૧૪) ગજેન્દ્ર (૧૬) ગવાહ (૧૭) ડબરો (૧૯) દાલચીની (૨૧) પીધેલું (૨૨) હતાશ (૨૪) કલાલ (૨૬) સમસ્યા (૨૭) ઘેન (૨૯) શ્રીજી

સીટીઝનશીપ, PR કાર્ડ અને ઇમિગ્રેશન સર્વિસ

તમારા બધા પી.આર. કાર્ડ નવીનકરણ માટે ખોવાયેલ અથવા ચોરાયેલા, સિટીઝનશિપ એપ્લીકેશન્સ એકસપ્રેસ એન્ટ્રી, વિઝિટર વિઝાને સુપર વિઝા એપ્લીકેશન,ઇન્વીટેશન, લેટર્સ, સ્ટુડન્ટ, સ્પાઉસલ સ્પોન્સરશીપ, પેરેંટલ સ્પોન્સરશિપ, વર્ક પરમિટ એપ્લીકેશન્સ.

એક પ્રોફેસનલ કેર અને યોગ્યતા દ્વારા પ્રોફેશનલ ઇમિગ્રેશન કન્સલ્ટિંગ ફર્મ.

ઘરબેઠા સેવા આપવામાં આવશે.

ખૂબ સ્પર્ધાત્મક અને આકર્ષક દરો.

ACCESS2CANADA

Since 20 Years Easy Access Consultant Inc.

અમે અંગ્રેજી, ગુજરાતી, પંજાબી અને અરેબીક બોલીએ છીએ.

સંપર્ક કરો અલી : 437-225-1070

Office Tel No.289-8853411

Email : alidaredia@hotmail.com

HEAD OFFICE : 214 - 1945 Dundas Street East, Mississauga, ON L4X2T8, Canada.

BRANCH : 1500 Meyerside Drive, Mississauga-Ontario, L5T 1V4; Canada

## યુએઈમાં વરસાદ : દુબઇ એરપોર્ટ પર પાણી ભરાયા




દુબઈ : યુનાઇટેડ અરબ એમિરેટ્સ માં વરસાદે છેલ્લાં ૨૪ વર્ષનો રેકોર્ડ તોડયો છે, વર્ષ ૧૯૯૬ બાદનો સૌથી વધારે વરસાદ અહીંના મોટાભાગના વિસ્તારોમાં પડયો છે. દુબઇ એરપોર્ટ પર ભરાયેલા પાણીના કારણે ફ્લાઇટના ઉતરાણ અને ઉડાનમાં પણ સમસ્યાઓ સર્જાઇ છે. જેના કારણે એર ઇન્ડિયાએ અત્યાર સુધીમાં ચાર ફ્લાઇટ રદ કરી છે. દુબઇમાં વરસાદના કારણે છેલ્લાં ત્રણ દિવસમાં ૧૯૦૦ અકસ્માતો નોંધાય અને દુબઇ પોલીસને ૫૫૬૬ ઇમરજન્સી ફોન કોલ્સ મળ્યા છે.

## અમેરિકામાં પ્રચંડ વાવાઝોડાથી ૧૧નાં મોત : ત્રણ કરોડને અસર

• કેનેડામાં પણ અતિવૃષ્ટિ અને પૂરની આગાહી

શિકાગો : અમેરિકાના શિકાગો સહિતના દક્ષિણ વિસ્તારોમાં ભયંકર વાવાઝોડા અને વરસાદના કારણે તારાજી સર્જાઇ છે. જેના કારણે અત્યાર સુધીમાં ૧૧ વ્યક્તિના મોત થયા છે. આ ઉપરાંત આ વાવાઝોડાના કારણે કેનેડામાં પણ ભારે વરસાદ અને અતિવૃષ્ટિની આગાહી કરવામાં આવી છે. અમેરિકાના ટેક્સાસ, અલાબામા, મિસુરી, અકોન્સાસ અને લુશિયાનામાં પૂરના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે અને ૧૫૦૦થી પણ વધુ ફ્લાઇટો રદ કરવાની ફરજ પડી છે. અમેરિકાના ટેક્સસ, અલબામા, મિસુરી, અકોન્સાસ અને લુશિયાનામાં વિન્ટર સ્ટોર્મ એટલે કે શિળાયામાં આવતા વાવાઝોડાનો પ્રારંભ થયો છે. જેના કારણે આ વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા થઈ રહ્યા છે. શનિવારની વહેલી સવારથી શરૂ થયેલા વાવઝાડોના કારણે શિકાગાનો ઓ હારે આંતરરાષ્ટ્રીય એરપોર્ટે ૯૫૦થી વધુ ફ્લાઇટો રદ કરી છે જ્યારે શિકાગોના મિડવે આંતરરાષ્ટ્રીય એરપોર્ટે ૬૦થી વધુ ફ્લાઇટો રદ કરી છે. આ વાવાઝોડા કારણે આ વિસ્તારોમાં આ શરે ૧૫૦૦થી પણ વધુ ફ્લાઇટો રદ કરવામાં આવી છે.

## યુક્રેન પ્લેન ક્રેશ : ઈરાનમાં વિરોધ પ્રદર્શન, સરકાર સમર્થકોનું લોકો પર ફાયરિંગ

તહેરાન : પોતે ભૂલથી યુક્રેનિયન વિમાન તોડી પાડ્યું હતું એવા ઈરાનના એકરાર પછી ઈરાનની સડકો પર વિરોધી દેખાવો થયા હોવાનું બ્રિટિશ અખબાર ડેઇલી મેઇલના એક રિપોર્ટમાં જણાવાયું હતું. ઈરાને શનિવારે એકરાર કર્યો હતો કે માનવીય ભૂલના કારણે યુક્રેનિયન વિમાન અમે તોડી પાડ્યું હતું. યુક્રેનિયન વિમાન તોડી પડાતાં એક સાથે સાવ નિર્દોષ એવા ૧૭૬ જણ માર્યા ગયા હતા. ઈરાનની સડકો પર આ મુદ્દે થયેલા વિરોધી દેખાવોમાં સરકાર સમર્થક લોકોએ દેખાવકારો પર ગોળીબાર કર્યા હતા. ખુદ ઈરાનના મિડિયા દ્વારા રિલિઝ કરાયેલી એક વિડિયો ક્લીપમાં જોઇ શકાતું હતું કે ઈરાનના પ્રસિદ્ધ આઝાદી સ્ક્વેરમાં એક મહિલાના શરીરમાંથી ખૂબ લોહી વહી રહ્યું છે, એક આદમી ગોળીબાર કરીને નાસી રહ્યો છે અને એક મહિલા ગોળીબારમાં મરણ પામેલી જોઇ શકાય છે.

## ઈરાનનું વલણ ઢીલું પડ્યું : અમેરિકા સાથે શાંતિમંત્રણા કરવા માટે તૈયાર

• દેખાવકારો પર દમન ન ગુજારશો, અમેરિકાની સરકાર ઈરાનમાં નજર રાખી રહી છે : ટ્રમ્પ



વોશિંગ્ટન : અમેરિકા સાથે શાંતિમંત્રણા કરવા માટે તૈયાર હોવાનો ઈરાને સંકેત આપ્યો હતો. કતારના હસ્તક્ષેપ પછી ઈરાન નરમ પડયું હતું. અમેરિકાના સંરક્ષણ મંત્રીએ પણ અગાઉ બિનશરતી શાંતિમંત્રણા માટે ટ્રમ્પ તૈયાર હોવાનું નિવેદન આપ્યું હતું. કતારે બંને પક્ષે મધ્યસ્થી કરી હતી. કતારમાં અમેરિકાનું લશ્કરી મથક છે, જ્યારે કતારને ઈરાન સાથે પણ બહુ જ સારા રાજદ્વારી સંબંધો છે. અમેરિકા કે ઈરાને આ અંગે કોઈ સત્તાવાર નિવેદન નથી આપ્યું, પરંતુ શાંતિમંત્રણાની શક્યતા વ્યક્ત કરતી સ્થિતિ સર્જાઈ હતી. ખાસ તો કતારના વિદેશ મંત્રાલયને ટાંકીને રજૂ થયેલા અહેવાલોમાં આ અંગેનો દાવો થયો હતો. બીજી તરફ ઈરાનમાં પ્રદર્શનકારીઓ ઉપર પોલીસે ગોળીબાર કર્યો હોય એવો વિડીયો વાયરલ થયો હતો. એ અંગે બીજી કોઈ જ સ્પષ્ટતા થઈ ન હતી. પોલીસે ટીયર ગેસના સેલ પણ પ્રદર્શનકારીઓ ઉપર છોડયા હતા.

## મુશર્રફની ફાંસીની સજા રદ, લાહોર હાઈકોર્ટે નિર્ણય અસંવૈધાનિક ગણાવ્યો

ઈસ્લામાબાદ : લાહોર હાઈકોર્ટે સોમવારે પાકિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ જનરલ પરવેઝ મુશર્રફને મોતની સજા રદ કરી છે. લાહોર હાઈકોર્ટે પરવેઝ મુશર્રફની વિરુદ્ધ દેશદ્રોહના મામલાની સુનવણી માટે ગઠન કરવામાં આવેલી વિશેષ કોર્ટના ગઠનને જ અસંવૈધાનિક ગણાવી દીધી છે. લાહોર હાઈકોર્ટે પૂર્વ રાષ્ટ્રપતિ મુશર્રફની સજા માફ કરતા કહ્યું કે, મુશર્રફની વિરુદ્ધ સ્પેશિયલ કોર્ટનો નિર્ણય અસંવૈધાનિક છે.

તેમની વિરુદ્ધ નોંધાયેલા કેસ અને ફરિયાદીની દલીલો ગેરકાનૂની છે. વિશેષ કોર્ટે બંધારણને સ્થગિત કરી ઈમર્જન્સી લાગૂ કરવાના મામલે મુશર્રફને ૧૭ ડિસેમ્બરે મોતની સજા સંભળાવી હતી. ૬ વર્ષ સુધી તેમની વિરુદ્ધ દેશદ્રોહના હાઈ પ્રોફાઈલ કેસની સુનવણી ચાલી રહી હતી. આ કેસ ૨૦૧૩માં તત્કાલિન પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝ સરકારે કર્યો હતો.

# ઇસ્લામ ધર્મમાં પડદા (હિજાબ)નું સ્થાન

ઈસ્લામની આરસી

કાસિમ અબ્બાસ



આજકાલ દક્ષિણ અમેરિકામાં અને ખાસ કરીને કેનેડામાં પડદા (હિજાબ-નીકાબ-બુરખા) વિષે બહુ જ સમાચારો વર્તમાનપત્રોમાં પ્રગટ થઈ રહ્યા છે, અને તેના પર અમુક અંશે મુકાયેલા અંકુશ તથા પ્રતિબંધ વિષે પણ ચારે તરફ ચર્ચાઓ થઈ રહી છે.

ઈસ્લામ ધર્મમાં મુસ્લિમ મહિલાઓ માટે પડદો કરવો અથવા હિજાબ કે નીકાબ કે બુરખો પહેરવો ફરજીયાત છે કે મરજીયાત ? તથા પડદા (હિજાબ-નીકાબ-બુરખા)નો શો પ્રકાર હોવો જોઈએ ? આ સવાલોના જવાબ જુદા જુદા લોકો, અભ્યાસીઓ તથા ધર્મગુરુઓ જુદી જુદી રીતે આપી રહ્યા છે. આ વિષે સત્ય શું છે ? ચાલો આપણે મુસ્લિમોના ધર્મશાસ્ત્ર કુરાન મજીદના એ વિષેના બોધવચનો માંથી આ સત્ય જાણવાની કોશિષ કરીએ.

કુરાન મજીદમાં પડદા અને તેના પ્રકાર વિષે પણ બોધવચનો આપવામાં આવેલ છે, તેમાંના બે બોધવચનો જગતની સર્વે મુસ્લિમ મહિલાઓ, પયગંબર સાહેબ (સ.અ.વ.)ના ઘરની મહિલાઓ સહિત, પર લાગુ પડે છે. અને એક બોધવચન જેમાં પડદાનો પ્રકાર જુદો છે, તે કેવળ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના ઘરની મહિલાઓ પર લાગુ પડે છે.

જગતની સર્વે મુસ્લિમ મહિલાઓ પર લાગુ પડતા બે બોધવચનો આ પ્રમાણે છે :-

"(હે પયગંબર), સર્વે શ્રધ્ધાળુ (ઈમાનવાળી-મોમીન) મહિલાઓને કહી દો કે તેણીઓ પોતાની નજરો નીચી રાખે અને પોતાના ગુપ્ત ભાગોની રક્ષા કરે અને પોતાનો શણગાર (કે તેની જગ્યા) જાહેર ન થવા દે, સિવાય કે તે, જે આપોઆપ જાહેર થઈ જાય (જેનું છુપાવવું અશક્ય હોવાથી ઘણું કરીને તે નાછૂટકે દેખાય આવે છે). અને તેણીઓ પોતાની છાતીઓ ઉપર પોતાની ઓઢણીઓનો પાલવ નાખી રાખે. તથા તેણીઓ પોતાનો શણગાર (કે તેની જગ્યા) જાહેર ન થવા દે, સિવાય કે આ લોકોની સામે, જેમ કે પતિ, પિતા, સસરા, પોતાના પુત્રો, પતિઓના પુત્રો, ભાઈઓ, ભાઈઓના પુત્રો, બહેનોના પુત્રો, પોતાની પરિચિત મહિલાઓ, પોતાની દાસદાસીઓ,એ પુરૂષો જેઓ કોઈ બીજો(નઠારો) આશય ન ધરાવતા હોય અને નાના બાળકો, જેઓને મહિલાઓની છુપી વાતોની માહિતી નથી. અને તેણીઓ પોતાના પગ જમીન પર પછાડીને (ગર્વપૂર્વક) ન ચાલે, કે જેથી તેણીઓના શણગાર (કે તેની જગ્યા), જે તેણીઓએ છુપાવી રાખેલ છે, તે લોકોને જણાય આવે." (પ્રકરણ ૨૪, શ્લોક ૩૧)

"હે પયગંબર, પોતાની પત્નીઓ તથા પોતાની પુત્રીઓ તથા સર્વે શ્રધ્ધાળુ (ઈમાનવાળી-મોમીન) મહિલાઓને કહી દો કે તેણીઓ પોતાની ઉપર પોતાની ચાદરોના પાલવ લટકાવી રાખે. આ વધુ ઉચિત રીત છે. જેથી તેણીઓ ઓળખી લેવામાં આવે અને સતાવવામાં ન આવે." (પ્રકરણ ૩૩, શ્લોક ૫૯)

કુરાન મજીદના ઉપરના બે બોધવચને પરથી એ સાફ જણાય આવે છે કે આ બંને આદેશોમાં એવું કશું નથી કહેવામાં આવેલ કે મુસ્લિમ મહિલાઓએ પોતાના પુરા શરીરને ઢાંકી રાખવું જોઈએ એટલે કે માથાના વાળથી લઈને પગના તળિયા સુધીનો પડદો (હિજાબ-નીકાબ-બુરખો) કરવો જોઈએ, જેવો અત્યારે સઉદી અરેબીયાની મહિલાઓમાટે ફરજીયાત છે અને તાલીબાન સમયના અફઘાનિસ્તાનમાં ફરજીયાત હતો.

ઉપરના બન્ને આદેશોનો અભ્યાસ કરતાં એ જણાય આવે છે કે મુસ્લિમ મહિલાઓ માટે એ આદેશ છે કે તેણીઓ પોતાની નજરો નીચી રાખે તથા પોતાના ગુપ્ત ભાગોની રક્ષા કરે તથા પોતાનો શણગાર અને શણગારની જગ્યા જાહેર ન કરે એટલે કે તેને ખુલ્લા ન રાખે તથા પોતાની છાતીઓ પર અને પોતાના ઉપર એટલે કે પોતાના માથા ઉપર ઓઢણી કે ચાદરનો પાલવ નાખી રાખે કે લટકાવી રાખે.

આ આદેશમાં મુસ્લિમ મહિલાઓ માટે અમુક છુટછાટો પણ રાખવામાં આવેલ છે. એક છુટછાટ એ છે કે પ્રકરણ ૨૪, શ્લોક ૩૧ અનુસાર મુસ્લિમ મહિલાઓથી પોતાનો શણગાર કે તેની જગ્યા, જે આપો આપ જાહેર થઈ જાય, કે જેનું છુપાવવું અશક્ય હોય, તો તે જાહેર થઈ જવા છતાં પડદા (હિજાબ-નીકાબ-બુરખા)ના આદેશની અવગણના નહિ ગણાય. આનો દાખલો એ છે કે ચહેરો (મુખ) જે શણગારની જગ્યા છે અને ચહેરા પરનો શણગાર એ આપોઆપ જાહેર થઈ જાય અને તેનું છુપાવવું અશક્ય હોવાથી ચહેરો (મુખ) ખુલ્લુ રાખતા પડદાના આ આદેશનો ભંગ નથી થતો.

મુસ્લિમ મહિલાઓ માટે બીજી છુટછાટ એ છે કે તેણીઓ પોતાના શણગાર અને તેની જગ્યાઓ ખુલ્લી (જાહેર) રાખીને પોતાના અત્યંત નજીકના સગા સંબંધીઓ (જેમની વ્યાખ્યા બોધવચન ૨૪:૩૧)માં આપવામાં આવેલ છે) સામે જાહેરમાં આવી શકે છે, પણ પારકા પુરુષોની સામે બિલ્કુલ નહિં. આ છે કુરાન મજીદમાં પડદા (નીકાબ-હિજાબ-બુરખા)નો મહિમા.

ક્રમશઃ

## વુમન વર્લ્ડ

### અફઘાનિસ્તાનના કાબુલ શહેરમાં હવે મહિલાઓને સ્વિમિંગ કરવાની છુટ મળી



તાલિબાની છોકરાઓને આત્મઘાતી હુમલા માટે તૈયાર કરવા અને અમેરિકી સૈનિકોની કાર્યવાહી વગેરેના સમાચાર તો રોજ જોવા મળે છે જો કે ત્યાંની મહલિાઓ પર થઈ રહેલા અત્યાચારો વિશેના સમાચાર પણ કંઈ ઓછા હૃદયદ્રાવક નથી. અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ સ્ત્રીઓ પર અત્યાચારમાં અવ્વલ નંબરે છે પરંતુ હવે ધીરે ધીરે તેમની સ્થિતિમાં સુધારો આવીર હ્યો છે. અહીં મહિલાઓ પર લાદવામાં આવેલા બંધનો ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. કાબુલમાં હવે મહિલાઓને સ્વિમિંગ-પુલમાં તરવાની મંજૂરી મળી ગઈ છે પરંતુ એ પણ કેટલાક નિયમો સાથે. કાબુલમાં પહેલો સ્વિમિંગ પુલ ૨૦૦૧માં શરૂ થયો હતો જે માત્ર પુરુષો માટે હતો. અત્યારે પબ્લિક અને પ્રાઈવેટ મળી કુલ ૨૩ સ્વિમિંગ પુલ છે, જેમાં માત્ર બે જ સ્વિમિંગ પુલમાં હવે આટલા વર્ષો બાદ મહિલાઓને તરવાની છુટ આપવામાં આવી છે. આ પુલમાં મહિલાઓએ પ્રવેશ કરતા પહેલા તેમણે તેમના ફોન જમા કરાવી દેવાના રહેશે કારણે કે ત્યાં ફોટો પાડવાની મંજૂરી નથી.

### અમેરિકામાં લિવરપુરની બાયોનિક વુમન



ક્યારેક કોઈ એક અકસ્માત જીવનની આખી દિશા અને દશા બદલી નાંખે છે. એવું જ કંઈક લિવરપુલમાં રહેતી ૩૧ વર્ષની એન્જિનિયર મહિલા વિન્ટર મેઝ સાથે બન્યું છે. એક કાર એક્સિડેન્ટમાં તેને ગરદન, ઘૂંટણના હાડકામાં ભારે મારા વાગ્યો હતો તેથી એડી પણ તૂટી ગઈ હતી. આ અકસ્માત બાદ તેના પર ઘણી સર્જરી કરવામાં આવી હતી. તેના જીવનમાં ઘણી મુશ્કેલી આવી. એક પાડોશીએ તેમને સ્માર્ટચિપ લગાવવાની એકદમ સરળ બની ગયું છે. હવે વિન્ટર અમેરિકામાં બાયોનિક વુમન તરીકે જાણીતા બન્યા છે. તેના હાથમાં બે ચિપ ઈમ્પ્લાન્ટ કરવામાં આવી છે. એમાંથી એક ચિપની મદદતી બેઠાં બેઠા જ પોતાના ઘરનો દરવાજો ખોલ બંદ કરી શકે છે. આ ચિપ વર્કપ્લેસ પર સિક્યોરિટી કાર્ડ તરીકે વપરાય છે. બીજા હાથના કાંડામાંના ચિપમાં બિઝનેસ કાર્ડનું કમ્પ્યુટરાઈઝ્ડ વર્ઝન સ્ટોર કરાયું છે જે તે ફોન ઉપાડ્યા વિના ચાહે તે વ્યક્તિના ફોનમાં સંદેશ મોકલી શકે છે. હાની આંગલીઓમાં મેગ્નેટ અને એક હાથની કોણી પર બે ફ્લેસ લાઈટ ઈમ્પ્લાન્ટ કરાવી છે. એક ઘૂંટણની પ્રિન્ટ ૩ડી પ્રિન્ટેડ છે. પહેલી નજરે લગભગ યુઝલેસ જણાતી આવી સગવડ ધરાવતું મોડિફિકેશન કર્યા પછી વિન્ટર બહુ ખુશ છે અને તેમને લાગે છે કે ચિપ લગાવ્યા બાદ તેમનું જીવન ઘણું સરળ બની ગયું છે.

### ભારતીય મૂળના ડો. મોનીષા ઘોશ FCCના પહેલા મહિલા ચીફ ટેકનોલોજી ઓફિસર



ભારતીય મૂળના ડો. મોનીષા ઘોષની અમેરિકાના ફેડરલ કોમ્યુનિકેશન કમિસન (એફસીસી)માં ચીફ ટેકનોલોજી ઓફિસર (સીટીઓ)ના પદે નિમણૂક થઈ છે. આ પદ પર પહોંચનાર તેઓ પ્રથમ મહિલા છે. મનીષાએ ૧૯૮૬માં આઈઆઈટી ખડગપુરમાંથી બીટેક કર્યું હતું. ૧૯૯૧માં તેમણે યુનિવર્સિટી ઓફ સધર્ન કેલિફોર્નિયામાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગમાં પીએચડી કર્યું. આ નિયુક્તિ પહેલા તેઓ નેશનલ સાયન્સ ફાઈન્ડેશનના નેટવર્ક ડિવિઝનમાં પોગ્રામ ડાયરેક્ટર તરીકે કામ કરતાં હતા. મોનીષા યુનિવર્સિટી ઓફ શિકાગોમાં રિસર્ચ પ્રોફેસર પણ રહી ચૂક્યા છે. ત્યાં તેઓ વાયરલેસ ટેકનોલોજીમાં રીસર્ચમાં સામેલ હતા. તેમણે ઈન્ટરનેટ ઓફ થીંગ્ઝ, ૫જી અને મોડર્ન વાઈફાઈ સિસ્ટમ પર કામ કર્યું છે.

## દુખાવા વગર અપર લિપ્સના વાળને ઘરે જ કરો દૂર



છોકરીઓના હોઠ ઉપર પર આછા વાળ દેખાય તો તે ખૂબ ખરાબ લાગે છે અને સાથે જ છોકરીઓને અન્ય લોકોની સામે શરમ અનુભવવી પડે છે. ખાસ કરીને ઘણી યુવતીઓ તેમના હોઠ પરના આ વાળને દૂર કરવા માટે બ્યુટી પાર્લરમાં જાય છે પરંતુ આજે અમે તમને કેટલાક એવા સહેલા ઘરેલું ઉપાય જણાવીશું જેની મદદથી તમે કોઈપણ દુખાવા વગર સહેલાઈથી અણગમતા વાળને દૂર કરી શકો છો.

### દહીં, ચોખાનો લોટ

એક બાઉલમાં એક મોટી ચમચી દહીં અને એક ચમચી ચોખાનો લોટ મિક્સ કરો. હવે આ પેસ્ટને અપર લિપ્સ પર લગાવી લો. થોડીક વાર તેને સૂકાવા દો અને સૂકાઇ ગયા બાદ તેને હળવા હાથથી રગડીને મસાજ કરી પેસ્ટ દૂર કરી લો. ત્યાર પછી તેને સાદા પાણીથી ધોઇ લો. સતત થોડાક દિવસ આ ઉપાય કરવાથી તમે સહેલાઈથી આ સમસ્યાને દૂર કરી શકો છો.

### ખાંડ અને લીંબુ

એક બાઉલમાં બે લીંબુના રસ અને ખાંડ ઉમેરીને તેને બરાબર મિક્સ કરી લો. હવે આ પેસ્ટને અપર લિપ્સ પર ૧૦-૧૫ મિનિટ લગાવી રાખો. તે પછી તેને બરાબર રગડીને લો. જેથી અણગમતા વાળ સહેલાઈથી નીકળી જશે.

### દૂધ અને હળદર

એક મોટી ચમચી દૂધ અને એક મોટી ચમચી હળદર મિક્સ કરીને પેસ્ટ તૈયાર કરી લો. આ પેસ્ટને અપરલિપસ પર લગાવો અને સૂકાઇ ગયા પછી હળવા હાથે રગડીને તેને ઘોઈ લો.

## શાહી તિરંગા પુલાવ



**સામગ્રી :** ત્રણ કપ ચોખા, અડધો કપ ધોયેલી મગની દાળ, દોઢ કપ લીલા વટાણા, દોઢ સો ગ્રામ પનીર, એક ચમચી જીરું, ત્રણ નંગ આખા લાલ મરચાં, એક લીંબુ, અડધી ચમચી કાળા મરીનો પાઉડર, એક ચમચી આદુ-મરચાંની પેસ્ટ, એક ચપટી હીંગ, મીઠુ સ્વાદાનુસાર, અડધી ચમચી હળદર, બે મોટા ચમચા રિફાઈન્ડ તેલ.

**રીત :** ચોખાને ધોઈને પંદર મિનિટ પલાળી રાખો. પંદર મિનિટ પછી છૂટાં રાંધો. મગની દાળ પણ દસ મિનિટ પલાળી રાખો. પછી એક નોનસ્ટિક પેનમાં એક ચમચી તેલ ગરમ કરો. તેમાં અડધી ચમચી જીરૂં અને હીંગ નાખી વઘાર કરો. વઘારમાં જ આખા મરચાં અને હળદર નાખો. દાળમાંથી પાણી કાઢી વઘારમાં દાળ નાખો. સ્વાદાનુસાર મીઠું નાખી માપસર પાણી નાખી દાળ છૂટી રાંધો. રાંધેલા ભાતને ત્રણ ભાગમાં વહેંચી નાખો. પીળો ભાગ તૈયાર કરવા એક ભાગ ભાત રાંધેલી દાળમાં મિક્સ કરો. લીલા ભાત બનાવવા લીલા વટાણાને મિક્સરમાં પાણી નાખ્યા વિના અધકચરા પીસી લો. કડાઈમાં તેલ ગરમ કરી તેમાં આદુ-મરચાંની પેસ્ટ નાખી શેકી લો. સ્વાદાનુસાર મીઠું અને અધકચરા વટાણા નાખો. વટાણાનું પાણી સુકાઈ જાય ત્યાં સુધી હલાવો. તેમાં રાધેલાં ભાતનો બીજો ભાગ નાખી હલાવો એટલે લીલો ભાત તૈયાર થઈ જશે.

સફેદ ભાત માટે પનીરને એકદમ જાડું ખમણો. તેમાં અડધા લીંબુનો રસ, મરીનો ભુકો અને મીઠું ઉમેરો. ભાતનો ત્રીજો ભાગ તેમાં નાખી મિક્સ કરો. ત્રણે રંગના ભાત તૈયાર થઈ જાય પછી સર્વિંગ ડીશમાં ગોળાકારમાં અથવા સીધાં (કેકની જેમ) ભાત ગોઠવો. ધ્યાનાકર્ષક અને સ્વાદિષ્ટ- પૌષ્ટિક તિરંગા પુલાવ ગરમ ગરમ પીરસો.

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | |
| | | | | ૬ | | | | | |
| ૭ | ૮ | | | | | ૯ | | | |
| | | | ૧૦ | | ૧૧ | | | | ૧૨ |
| ૧૩ | | ૧૪ | | | ૧૫ | ૧૬ | ૧૭ | | |
| | | | | | ૧૮ | | | ૧૯ | |
| ૨૦ | ૨૧ | | | ૨૨ | | ૨૩ | | | |
| | | | ૨૪ | | | | | ૨૫ | ૨૬ |
| ૨૭ | | | ૨૮ | | | ૨૯ | | ૩૦ | |
| | | ૩૧ | | | ૩૨ | | | | |

**આડી ચાવી :**

(૧) ખેંચાખેંચી (૫)
(૪) ક્ષણે ક્ષણે (૪)
(૬) છળ, પ્રપંચ (૩)
(૭) રાજગાદી, સિંહાસન (૩)
(૯) વિસ્તારવાળું (૩)
(૧૦) દુનિયા, ભીડ (૩)
(૧૩) ખેલાડી, મદારી (૪)
(૧૫) રગડવું તે (૩)
(૧૮) જુમ્મેદારી, જોખમદારી (૫)
(૨૦) કપીશ, હનુમાન (૩)
(૨૩) ઓળ, હાર (૩)
(૨૪) અણબનાવ, કજિયો (૩)
(૨૫) તીણી બૂમ, રાડ (૨)
(૨૭) અક્કલ વગરનું, ગાંડું (૨)
(૨૮) પાયમાલ, મડદું (૨)
(૨૯) લક્ષ્મી (૧)
(૩૦) અડધું, નિયમ (૨)
(૩૧) રાતા રંગનું (૨)
(૩૨) અજીરણ, અપચો (૩)

**ઊભી ચાવી :**

(૧) કાળ, તક, ફેરો (૩)
(૨) આખા ગામને લગતું (૩)
(૩) ધારણા, મુરાદ (૪)
(૪) જંગલ (૩)
(૫) ક્ષીણ, નાશ પામેલું (૩)
(૮) ખરીદવું તે (૩)
(૧૦) દિશા, બાજુ (૨)
(૧૧) કમળ, જલજ (૩)
(૧૨) વેપાર કરનાર (૩)
(૧૩) વાચા સંબંધી (૩)
(૧૪) ઉત્તમ, હાથી, ઐરાવત (૩)
(૧૬) સાક્ષી પૂરનાર (૩)
(૧૭) ડબો, દાબડો (૩)
(૧૯) એક તેજાનો, તજ (૪)
(૨૧) છાકટું, દારૂના નશાવાળું (૩)
(૨૨) નાસીપાસ, નિરાશ (૩)
(૨૪) દારૂનો દુકાનદાર (૩)
(૨૬) કોયડો, પ્રશ્ન (૩)
(૨૭) કેફ, નશો (૨)
(૨૯) પ્રભુ, વિષ્ણુ (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૨૧

# મારું મન જ્યોતિને જુદી જ દૃષ્ટિથી નીરખી રહેતું

બીગ બેનનું જૂનું ઘડિયાળ 'ટન... ટન... ટન...' એમ અગિયારના ટકોરા પાડી રહ્યું છે.

આ ટકોરા જ્યારે જ્યારે પડે છે ત્યારે મને એક જ વિચાર આવે છે કે, આ ઘડિયાળ જેમ જેમ જૂનું બનતું જાય છે તેમ તેમ એનો રણકાર પણ વધુ મીઠો બનતો જાય છે.

ઘડીભર માટે આખાયે ઓરડામાં મધુર ધ્વનિ ગુંજી રહે છે. આજે આ ટકોરાની મારે મન વિશેષ કિંમત છે... મારી નજર બંધ પડેલા રૂમના દરવાજે જઈ અટકે છે... 'હમણાં ખૂલશે...' એવો ભાવ અનુભવતું મારું મન જ્યોતિની રાહ જોતું તલસી રહ્યું છે.

કેટલીયે વાર સુધી જ્યોતિ નથી આવતી એટલે ફરીવાર હું મારા આ ઓરડાની ભાતભાતની ચીજોના નિરીક્ષણમાં લાગી જાઉં છું.

ઓરડાને આજે ખાસ વિશેષ રીતે સમજાવવામાં આવ્યો છે. પ્રત્યેક ચીજ કોઈ કલાકારના સ્પર્શને પામી હોય એમ જણાય છે. ચારે બાજુની ભીંતો પરનાં ચલચિત્રો આજે વધુ જીવંત લાગે છે. ઝુમ્મરમાંથી રેલાતી રોશની વધુ ઉજ્જ્વળ અને દેદિપ્યમાન લાગે છે. પલંગ પર ખૂબ જ સંભાળપૂર્વક આલીશાન ગાદલાં બિછાવી રેશમી ચાદરથી અધિક સુશોભિત કર્યાં છે. પલંગની ચારેકોર રંગબેરંગી ફૂલોની સેર લટકાવાયેલી છે એનો મઘમઘાટ મને વારેવારે પલંગ પ્રતિ દોરી રહ્યો છે. ફૂલોની સેરની પેલે પાર અંદર દેખાતાં બે ઓશીકાં જોઈ મારું મન તલસી ઊઠે છે. 'કેટલી વાર જ્યોતિ !'

ફરી હું બારણા સામે જોઉં છું... કેટલીવાર સુધી તાકી રહું છું, પણ મહેમાનોનો અવાજ હજુ ઘટ્યો નથી. નીચેતી આવતો કોલાહલ જરાયે ઓછોૅ થયો નથી. હું વિચારું છું : 'એય શું કરે બિચારી ? આ લોકો સિધાવે નહીં ત્યાં સુધી તે ઉપર કેવી રીતે આવી શકે ?'

'આજે જ્યોતિ કેવી લાગતી હતી ? બધા જ કહેતાં હતાં કે જ્યોતિ તારાથી મોટી છે. તું એની સાથે નાનો બાબો લાગીશ, પણ વાત કેટલી ખોટી નીકળી !

જ્યોતિ આજે તો અદ્દલ મારાથીયે નાની જણાતી હતી. નમણી દુલ્હનને જોઈને ઘણાનાં મનમાં પાણી આવી ગયું હશે...' ઈઝી ચેર પર બેઠાં બેઠાં હું વિચારું છું.

ખિસ્સામાંથી પાકીટ કાઢી અંદર સાચવીને મૂકી રાખેલી જ્યોતિની તસવીર જોવાનું મન થઈ જાય છે. જ્યોતિનો આ વિલંબ મારાથી સહન થતો નથી.

આખરે હું પાકીટ ખોલી જ્યોતિની તસવીરને નિહાળી રહું છું. મને થાય છે કે, ખરેખર આ તસવીર અને જ્યોતિની આજની નવવધૂ તરીકેની આકૃતિમાં કેટલો બધો ફરક જણાય છે. જ્યોતિ મારાથી મોટી એ વાત સાચી, પરંતુ હું માનું છું કે કોઈપણ યુવાન આગળ હરેક સ્ત્રી નાની છે. પુરુષનું હંમેશાં આધિપત્ય રહ્યું છે. રહેવું જોઈએ કે કેમ તે ચર્ચાનો વિષય છે, પણ વાસ્તવિકતા તો સ્વીકારવી જ જોઈએ.

પાકીટમાંથી જ્યોતિની તસવીર જોતાં મને થોડુંક હસવું પણ આવી જાય છે. એટલા માટે કે આ જ જ્યોતિએ એકવાર મને જાહેરમાં ધમકાવી નાખેલો. એ વખતે જ્યોતિ અધ્યાપિકા હતી અને હું એનો વિદ્યાર્થી. તે અમારી કૉલેજમાં સાઈકૉલૉજીની લેક્ચરર હતી અને બી.એ.માં મારો મુખ્ય વિષય પણ સાઈકૉલૉજી હતો, પણ જ્યોતિનો સ્વભાવ ખૂબ જ તીખો હતો. અમે તો એને 'તીખી મરચી' કહેતા.

એકવાર એક્સપેરિમેન્ટલ સાઈકૉલૉજીસ્ટનો પિરિયડ ચાલુ હતો. જ્યોતિ ખૂબ જ મગ્ન થઈ કાંઈક લાંબું લાંબું લેક્ચર ફાડી રહી હતી. અમે લોકો ભારે 'બોર' થઈ રહ્યા હતા. મારી બાજુમાં બેઠેલા મિત્રે કહ્યું : 'આ હવે બોલવાનું બંધ કરે તો સારું.'

મેં કહ્યું : 'સીધી રીતે તો બોલવાનું બંધ નહીં કરે.'

એટલામાં જ્યોતિ બોલી ઊઠેલી. સૉરી. બોલી ઊઠેલાં : 'સીસ... શાની વાતો ચાલે છે ?'

તક જોઈને હું બોલી ઊઠ્યો : 'ટીચર, હવે ટેસ્ટને પંદર દિવસ જ બાકી છે. આગળ કોર્સ ન ચલાવો તો સારું.'

'હા, બેન.' આખો ક્લાસ મારી વાતમાં સાથ પુરાવી રહ્યો.

'શટ અપ.' હાથમાં પકડેલા પુસ્તકને ટેબલ પર પછાડતાં તે બોલેલાં : 'ઈટ ઈઝ માય લુક આઉટ વોટ ટુ ટીચ એન્ડ વ્હેન ટુ ટીચ.'

સૌ ચૂપ થઈ ગયા, પણ મારાથી ચૂપ ના રહેવાયું : 'ઓલ રાઈટ ટીચર, ગો અહેડ.'

'નીરજ ! તું હવે બહુ ચાંપલો થાય છે. ચૂપ બેસ નહીં તો પ્રિન્સિપાલ સાહેબને મારે કમ્પ્લેઇન કરવી પડશે.'

'પણ મેં એમાં ખોટું શું કીધું ?' મેં દલીલ કરી.

'હા, તો ભણાવો... જેટલું ભણાવવું હોય એટલું ભણાવો.' ખૂણા પરથી એક છોકરી બોલી.

ક્લાસના ન ભણવાના મૂડને પારખી જતાં જ્યોતિ ધૂંવાંપૂંવાં થઈ પુસ્તકો સમેટવા માંડી. જતાં જતાં મને કહ્યું : 'રિસેસમાં તું મને મળજે, નિરજ.'




**જ્યોતિ એ મારી 'ટીચર' હતી, પણ કોણ જાણે એને જોતાં જ મારું મન એને જુદી જ દૃષ્ટિથી નીરખી રહેતું. એને હસતી હું જોઈ શકતો. એને ગુસ્સે થયેલી હું જોઈ શકતો, પણ એને દુ:ખી થયેલી જોઈ મને પણ વ્યથા થતી. ત્યારે મને થતું કે એને રાજી કરી દઉં !**

જ્યોતિના ક્લાસ છોડી ગયા બાદ આખોયે ક્લાસ ખડખડાટ હસી પડ્યો.

એકમાત્ર હું જ એમાં સામેલ થઈ શક્યો નહીં.

જ્યોતિ એ મારી 'ટીચર' હતી, પણ કોણ જાણે એને જોતાં જ મારું મન એને જુદી જ દૃષ્ટિથી નીરખી રહેતું. એને હસતી હું જોઈ શકતો. એને ગુસ્સે થયેલી હું જોઈ શકતો, પણ એને દુ:ખી થયેલી જોઈ મને પણ વ્યથા થતી. ત્યારે મને થતું કે એને રાજી કરી દઉં !

રિસેસની રાહ જોવાને બદલે તરત જ હું અધ્યાપકખંડમાં ગયો. ખૂણા પરના એમના લૉકરમાં પુસ્તકો ગોઠવવામાં તે વ્યસ્ત હતી-હતાં.

મેં નજીક જઈ કહ્યું : 'મેડમ!'

જ્યોતિએ પાછળ જોયું. મને જોઈ ધીમેથી કહ્યું : 'નિરજ ! તું મને બહુ પજવે છે. બોલ મારે તને શું શિક્ષા કરવી ?'

મેં હસીને ગાલ ધરતાં કહ્યું : 'મેડમ ! લગાવી દો એક તમાચો આ ગાલ પર.'

'છટ્ !' હળવી ટપલી મારતાં જ્યોતિએ કહેલું : 'તું નાનો બાબલો નથી. હવે ફરીથી ક્લાસને આમ તોફાને ચડાવીશ તો આખા ક્લાસમાં બધાંની વચ્ચે તમાચો મારી દઈશ.'

'સ્યોર ટિચર.'

'સારું જો... આ વખતે યુનિવર્સિટી ડૉ. ફ્રોઈડના 'ડ્રીમ એનાલિસિસ' અંગે સેમિનાર યોજનાર છે. એમાં તારે ભાગ લેવાનો છે. હું તને વિગતો આપીશ.'

જ્યોતિ બોલી રહી હતી અને હું એના સ્વરને બદલે કમનીય વળાંક ધરાવતા હોઠને તાકી રહ્યો હતો. હોઠની ઉપર અને નાકની નીચે જામેલાં બેચાર પ્રસ્વેદબિન્દુઓ ચૂસી લેવાનું મને મન થઈ આવ્યું પણ...

'તું મારી વાત તો સાંભળે છે કે નહીં ?'

હું અચાનક જાગ્રત થયો, પણ મેં કબૂલી લીધું : 'ટીચર ! તમે બહુ થાકી ગયાં લાગો છો. નાહક હું તમને હેરાન કરું છું. તમને થયેલા પરસેવાને લૂછી લેવાનું મન થાય છે.'

'નિરજ !' ભારપૂર્વક બોલાયેલા એ શબ્દોના પ્રભાવ હેઠળ હું ચૂપ થઈ ગયો.

●●●

'ટન...' બીગ બેન ફરી એક ટકોરો પાડે છે.

હું ઘડિયાળ સામે નજર રાખું છું : 'સાડા અગિયાર થયા. હજુ જ્યોતિ ના આવી, પણ હવે કોલાહલ ઓછો થયો છે. મહેમાનો વિખરાવા માંડ્યા હોય એમ લાગે છે. બિચારી જ્યોતિ કંટાળી ગઈ હશે.'

હું ઊભો થઈ જાઉં છું. બારીમાંથી સહેજ વધુ ઠંડો પવન આવે છે. હું બારીમાં જઈ નીચે નજર નાખું છું. બંગલામાં કમ્પાઉન્ડની રોશની હજુ વધુ ઝગારા મારે છે. દરવાજા પરની રંગબેરંગી ઝબુકિયાં કરતી લાઈટો હવે સૂનીસૂની ભાસે છે. નોકરો બધું સમેટવામાં પડ્યા છે. મમ્મી-પપ્પા દેખાતાં નથી. કદાચ બધાં કામમાં પડ્યાં હશે.

'હવે તો જ્યોતિ આવતી જ હશે.' એ વિચારે હું ફરીને ઈઝીચેર પર ગોઠવાઉં છું.

'અરે ! આ પાકીટ તો હજી મારા હાથમાં જ રહી ગયું.' પાકીટમાં રાખેલી જ્યોતિની તસવીરને ફરી એકવાર જોઈ લેતાં હું પાકીટને ખિસ્સામાં સેરવી દઉં છું, પણ એ નાહકનું વજન કરે છે. એવો વિચાર આવતાં પાકીટને ખિસ્સામાંથી કાઢી દૂરના ટેબલ પર ફેંકું છું.

કોઈક ઉપર આવતું જણાય છે. જ્યોતિ જ હશે એ વિચારે મારું હૃદય ધબકી ઊઠે છે. આખા શરીરનું લોહી હૃદય તરફ ધકેલાતાં છાતીને ભારે ભારે લાગે છે, જાણે કે એક મણનો પથ્થર બાંધ્યો ન હોય !

જે એક વેળા મારી 'ટીચર' હતી, 'અધ્યાપિકા' હતી, મને ડરાવતી હતી તે જ્યોતિ આજે મારી સમક્ષ નવવધૂ થઈ પેશ થઈ રહી હતી. તેનું હું કઈ રીતે સ્વાગત કરીશ ? અત્યાર સુધી હું એને પગે લાગતો હતો. હવે એ મને પગે લાગશે. અત્યાર સુધી હું એને 'ટીચર' કહેતો હતો. એ હવે મને શું કહેશે ?

અત્યાર સુધી એ મને ધમકાવતી સમજાવતી, હવે શું કરશે ? જાતજાતનાં વિચારવમળોમાં હું અટવાઈ પડ્યો.

'ચ્યુંઉં ઉં ઉં...' બારણું ખૂલ્યું. 'ખચ્ચ' બંધ પણ થઈ ગયું.

હું ઈઝીચેરમાંથી બેઠો થયો.

ઘેરા લાલ રેશમી પાનેતરની પશ્ચાદ્ ભૂમિકામાં અંકિત થયેલા તારલિયાની જેમ ચમકતા ચાંદી જેવા ટુકડાઓથી લપેટાયેલી જ્યોતિ બારણા પાસે જ ઊભી રહી ગઈ.

હું એની પાસે ગયો. એણે મોં નીચે ઢાળી દીધું. હું એના ખભાને સ્પર્શી ગયો. એ પહેલાં જ તે મારા ચરણને સ્પર્શવા નીચે વળી ગઈ. મેં એના બાહુ પકડી બેઠી કરી.

મેં કીધું : 'ટીચર !'

'શટ અપ...' જ્યોતિએ કૃત્રિમ ગુસ્સો વ્યક્ત કર્યો.

જ્યોતિને ત્યાંથી ઊંચકી લીધી. તે બૂમો પાડતી રહી અને હું પલંગ ભણી ધસી રહ્યો.

'નિરજ... નિરજ...' એ બૂમો પાડતી રહી. મેં એને ઊંચકીને પલંગ તરફ ધકેલી. એ ખડખડાટ હસતી હતી. એકાએક એલાર્મ વાગતું રહ્યું : 'શટ અપ' બૂમ પાડી. છતાંય એલાર્મ વાગતું રહ્યું.

આખરે મારે ઊઠવું પડ્યું.

મેં બીગ બેન તરફ નજર નાખી. રાત્રિના બાર વાગ્યા હતા.

પલંગમાં હું જ્યોતિને શોધી રહ્યો, પણ પલંગમાં હું એકલો જ હતો.

'ધત્તેરીકી...' મારાથી બોલાઈ જવાયું.

મારું એ સ્વપ્ન પૂરું થઈ ગયું હતું. હવે હું જાગૃત અવસ્થામાં આવી ગયો.

મેં ટેબલલૅમ્પ ચાલુ કર્યો. આવતીકાલે ફ્રોઈડના 'ડ્રીમ એનાલિસિસ' અંગે સેમિનાર છે. સરે આપેલી નોટ વાંચવાની બાકી છે.

જ્યોતિએ, સૉરી જ્યોતિ ટીચરે આપેલી નોટ મેં શોધી કાઢી.

ટીચરે આપેલી નોટ્સના ટૂંકા મુદ્દા, કંઈક આ પ્રમાણે હતા : 'ડૉ. ફ્રોઈડના મત અનુસાર માનવી જાગૃતાવસ્થા દરમિયાન જે ઈચ્છાઓ સંતોષી શકતો નથી તે તેના અજ્ઞાત મનમાં દ્રમિત થાય છે. દ્રમિત થયેલી અતૃપ્ત ઈચ્છાઓ સ્વપ્ન વાટે સાકાર થાય છે. કોઈવાર તે ઈચ્છાઓ વિકૃત થઈને પણ પ્રગટે... વગેરે વગેરે.'

'જ્યોતિ ! જ્યોતિ !' હું બબડી રહ્યો.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું



### જમીન પર ઊંચેથી પડતી ચીજો બાઉન્સ કેમ થાય છે?

રબરના દડા જમીન પર પછાડવાથી પાછા ઉછળે છે. રબર સ્થિતિ સ્થાપક હોવાથી તે વધુ બાઉન્સ થાય છે પરંતુ લાકડુ કે ધાતુની બનેલી સખત વસ્તુઓ પણ જમીન પર પડે પછી બાઉન્સ થાય છે. જો કે તેનું પ્રમાણ તેના વજન ઉપર આધારિત છે. શું જમીન પર પડતી વસ્તુઓને જમીન પાછો ધક્કો મારે છે ? તેવો પ્રશ્ન પણ થાય. બે વસ્તુઓ એક જ સ્થાનમાં રહી શકે નહીં તેથી પરસ્પર અથડાય ત્યારે એક બીજાને પાછા ધકેલે છે. જમીન કે ફર્શ પર પડતી વસ્તુ સપાટી પર અથડાય ત્યારે તેની ગતિ એકાએક અટકે છે અને સામેની સપાટીમાં ધ્રૂજારી પેદા કરે છે. આ ધ્રૂજારી એટલે શક્તિનું સ્થળાંતર બાઉન્સ થવાનું પ્રમાણ વસ્તુ કેટલી ઊંચાઈએથી પડે છે અને તેનું વજન કેટલું છે. તેની ઉપર આધાર રાખે છે. જમીન પર પડતી વસ્તુ ખરેખર તો પૃથ્વીની સપાટી પર પડે છે. તેમ કહેવાય પૃથ્વીના કદની સરખામણીએ આપણી ચીજો તો ઘણી સુક્ષ્મ કહેવાય. એટલે તેના પર પ્રત્યાઘાતનું બળ વધુ લાગે છે અને બાઉન્સ થાય છે.

# પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ભારે હિમવર્ષાથી ૧૩૦થી વધુ લોકોનાં મોત

ઈસ્લામાબાદ : પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં તાજેતરમાં થયેલી ભારે હિમવર્ષા, હિમપ્રપાત અને પૂરમાં ૧૩૦ કરતાં વધુ લોકોનાં મોત થયાં છે. ભારે હિમવર્ષાના કારણે સેંકડો લોકો અટવાઈ પડયાં છે. પાકિસ્તાની અધિકારીઓના જણાવ્યા અનુસાર સમગ્ર પાકિસ્તાનમાં વિષમ હવામાનના કારણે ઓછામાં ઓછા ૧૦૦થી વધુ લોકોનાં મોત થયાં છે અને ૭૬ને ઈજા પહોંચી છે. સંખ્યાબંધ લોકો હિમપ્રપાતમાં લાપતા બન્યા છે. સૌથી વધુ ગંભીર પરિસ્થિતિ પાકિસ્તાની કબજા હેઠળના કાશ્મીરની છે. અહીં વિવિધ હવામાનલક્ષી દુર્ઘટનાઓમાં ૬૨ લોકો માર્યા ગયાં છે અને ૧૦ અન્ય લાપતા છે. નીલમ વેલીમાં ભારે હિમવર્ષાને કારણે થયેલા હિમપ્રપાતમાં એક ગામ દટાઈ જતાં ઓછામાં ઓછા ૧૯ લોકો દટાઈને માર્યા ગયાં હતાં. નીલમ ઘાટીમાં છેલ્લા ૨૪ કલાકમાં હિમસ્ખલનમાં ૧૫ ગામ દટાઈ ગયાં હતાં. જેમાં ૪૫ મકાનનો સંપૂર્ણ નાશ



થયો હતો. ઓછામાં ઓછા ૫૭ લોકોનાં મોત થયાં હતાં અને સંખ્યાબંધ લાપતા બન્યાં હતાં. ભારે હિમવર્ષાને કારણે પીઓકેમાં ઠેરઠેર ભૂસ્ખલનથી સડકો બંધ થઈ ગઈ છે અને લોકો દેશના અન્ય ભાગોથી વિખૂટાં પડી ગયાં છે. સત્તાવાળાઓએ શાળા-કોલેજો બંધ કરી દીધાં છે.

# ટ્રમ્પ સામે મહાભિયોગની કાર્યવાહી સત્તાનો દુરૂપયોગ કર્યાનો આરોપ

**• ૪૩૫ સભ્યોના નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટીવમાં ડેમોક્રેટ્સની બહુમતી**

વોશિંગ્ટન : સેનેટના મેજોરિટીના નેતા મિચ મેકકોનેલે કહ્યું હતું કે સેનેટમાં ૨૧ જાન્યુઆરીએ પ્રમુખ ટ્રમ્પ સામેની મહાભિયોગની કાર્યવાહીની શરૂઆત કરાશે. બુધવારે ગૃહમાં મતદાન થશે અને ત્યાર પછી મહાભિયોગની કાર્યવાહી માટે તેને સેનેટમાં મોકલાશે એવા ડેમો ક્રટ્સ હાઉસ સ્પીકર નેન્સી પેલાસીના નિવેદનનાં થોડા દિવસો પછી આ નિવેદન કરાયું હતું. ડેમોક્રટ્સની જ્યાં બહુમતી છે તે ૪૩૫ સભ્યોની યુએસ સેનેટમાં ગયા મહિને ટ્રમ્પ સામે પોતાના રાજકીય હરિફ વિરૂધ્ધ તપાસ કરવા યુક્રન પર દબાણ કરવા ઉચ્ચ કક્ષાનો અપરાધ બદલ મહાભિયોગની કાર્યવાહી કરવા ઠરાવ કરાયો હતો. ૨૪ ઓકટોબરે પેલોસીએ કરેલી પહેલ પરથી ગૃહે ટ્રમ્પ સામે બે કલમો પર મહાભિયોગ કાર્યવાહી કરવા મતદાન કરાયો હતો.મહાભિયોગ પર મતદાન કરતાં પહેલાં સેનેટ ટ્રાયલ મોશન પુરી કરવી પડે.ટ્રાયલના અધ્યક્ષ હશે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ. દરમિયાન રિપબ્લીકન નેતાઓ એ મહાભિયોગ અંગે પોતાના અલગ અલગ સુર વ્યક્ત કર્યા હતા.

# અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફેબ્રુઆરીમાં ભારતની મુલાકાતે આવે તેવી શક્યતા

વોશિંગ્ટન : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેના પ્રથમ ભારત પ્રવાસની તૈયારી કરી રહ્યા છે. એક રિપોર્ટમાં વરિષ્ઠ ભારતીય સરકારી અધિકારીના હવાલેથી એવો દાવો કરવામાં આવ્યો છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ ફેબ્રુઆરીમાં ભારતના પ્રવાસે આવે તેવી શક્યતા છે. ભારતીય અને અમેરિકી અધિકારીઓ હાલ આ પ્રાવસનું પ્લાનિંગ કરી રહ્યા છે. ટૂંક સમયમાં જ પ્રવાસની રૂપરેખા અને તારીખ નક્કી થશે. સુત્રોના જણાવ્યા પ્રમાણે ભારત અને અમેરિકા વચ્ચે તારીખોને લઈને ચર્ચા ચાલી રહી છે. જો કે આ પ્રવાસ પર વોશિંગટનના રાજકિય વાતાવરણની અસર થઈ શકે છે. એટલે કે હાલ અમેરિકી સેનેટમાં ટ્રમ્પના મહાભિયોગની પ્રક્રિયા ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે પ્રજાસત્તાક દિવસના અવસર પર ડોનાલ્ડ ટ્રમ્પને ભઆરતે મુખ્ય મહેમાન તરીકેનું આમંત્રણ આપ્યું હતું, પરંતુ સમયના અભાવે તેઓ આવી શક્યા નહોતા.

# ફિલિપાઈન્સમાં તાલ જ્વાળામુખી ફાટ્યો, ૨૦હજાર લોકોનું સ્થળાંતર

**• ૨૫૦ ફ્લાઈટ્સ રદ્ : ૧૬૦૦ ફૂટ સુધી ઉપર લાવા ઉઠયો, ૫૦ હજાર ફૂટ ઊંચે સુધી રાખનું વાદળ છવાયું**

મનિલા : ફિલિપાઈન્સના પાટનગર મનિલાથી ૧૧૦ કિલોમીટર દૂર આવેલો તાલ જ્વાળામુખી ફાટયો હતો. એની જ્વાળા ૧૬૦૦ ફૂટ સુધી ઊંચી ઉઠી હતી અને ૫૦ હજાર ફૂટ ઊંચે સુધી માત્ર રાખનું વાદળ છવાઈ ગયું હતું. જ્વાળામુખી ફાટયા પછી આખા વિસ્તારને ખાલી કરાવાયો હતો. લગભગ ૨૦ કરતા વધુ લોકોનું તાત્કાલિક સ્થળાંતર કરાયું હતું.

ફિલિપાઈન્સમાં તાલ નામનો જ્વાળામુખી



સક્રિય થયો હતો. તેમાંથી નીકળતા લાવાએ ખતરનાક સ્વરૂપ ધારણ કર્યું હતું અને તેની જ્વાળા ૧૬૦૦ ફૂટ સુધી ઊંચી ઉઠી હતી. આકાશમાં ૫૦હજાર ફૂટ સુધી જ્વાળામુખીની રાખનું વાદળ છવાઈ ગયું હતું.

# બાંગ્લાદેશમાં સરસ્વતી પૂજાને લઈને ઘમાસાણ, લોકો રસ્તા પર ઉતરી આવ્યા

ઢાકા : ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશમાં સરસ્વતી પૂજાને લઈને ઘમાસાણ મચી ગયુ છે. બાંગ્લાદેશની હાઈકોર્ટ દ્વારા ઢાકામાં યોજાનારી નગર નિગમની ચૂંટણીની તારીખો બદલવા માટેની પિટિશન ફગાવી દેવાઈ છેચૂંટણીના દિવસે જ સરસ્વતી પૂજાની પણ તારીખ હોવાથી હિન્દુ સમુદાયે ચૂંટણીની તારીખ બદલવા માટે અપીલ કરી હતી. જોકે આ પિટિશન ફગાવી દેવાયા બાદ હિનદુ સમુદાયના લોકો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા અને દેખાવો કર્યા હતા.જેના પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો. ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ સૌથી વ્યસ્ત વિસ્તારને દોઢ કલાક સુધી બ્લોક કરી દીધો હતો.વિદ્યાર્થીઓએ ચૂંટણી પંચને તારીખ બદલવા માટે એક દિવસનો સમય આપ્યો છે. વિદ્યાર્થીઓએ કહ્યુ છે કે, જો તારીખ નહી બદલાય તો અમે ચૂંટણી પંચની ઓફિસનો ઘેરાવો કરીશું.

# લગ્ન સંબંધોમાં તથા લગ્નેત્તર સંબંધોમાં સેક્સ

ગતાંકથી શરૂ...

- ક્યારેક લગ્નબાહ્ય સેક્સમાં, સેક્સ માટેના વધુ પડતાં આગ્રહને લીધે પુરુષને અલ્પજીવી નપુંસકતા, શીઘ્રસ્ખલન વગેરે થઈ શકે છે. તો પુરુષ તરફના અત્યાગ્રહને લીધે સ્ત્રીને મંદ કામેચ્છા, અનોર્ગેઝિમયા વગેરે થઈ શકે છે.

- તો સામે છેડે લગ્નજીવનના રેઢિયાળ સંબંધોને લીધે દામ્પત્યજીવનમાંય પુરુષોને ઓછા આકર્ષણને અભાવે નપુંસકતા તથા સેક્સની અલ્પ સંખ્યામાં (લો ફ્રીકવન્સી)ને લીધે શીઘ્રસ્ખલન થઈ શકે છે.



**તનસ્વી તન, મનસ્વી મન**

ડૉ. મુકુલ ચોક્સી

- ક્યારેક એકસ્ટ્રા મરાઈટલ સેકસ્યુઅલ ઈન્વોલ્વમેન્ટને લીધે પુરુષને ડાયવર્ઝન મળે છે. જેથી તેની મરાઈટલ મોનોટોની બ્રેક થાય છે.

જેને પરિણામે તેના લગ્નજીવનના સેક્સમાંય પુનઃ ઉમળકો નોંધાય છે. આવું મરાઈટલ રીજુવીનેશન અલબત્ત ભાગ્યે જ સંભવતું હોવાથી કોઈને થેરાપી તરીકે પ્રીસ્કાઈબ ન કરી શકાય.

- લગ્નેત્તર સેક્સ અનૈતિક કહેવાતો હોવાથી વ્યક્તિમાં પારાવાર ગિલ્ટ તથા અપરાધભાવ જન્માવી શકે છે. જે અંતે અલ્પ કામેચ્છા, સેક્સ્યુઅલ એવોઈડન્સ, પરાકાષ્ટાનો અભાવ, અલ્પ શિશ્નોત્થાન, અપૂરતો યોનિસ્ત્રાવ વગેરે સાઈકોસેક્સ્યુઅલ ડીસ્ફંકશનમાં પરિણામે છે.

- લગ્નેત્તર સેકસમાં પઝેસીવનેસ, ઈનસીક્યોરિટી, અવિશ્વાસ વધારે વધુ માત્રામાં સંભવિત હોવાથી એમા રીલેશનશિપની સમસ્યા પણ વધુ માત્રામાં સંભવે છે.

- ક્યારેક જાતીય અધૂરપો જ વ્યક્તિને લગ્નબાહ્ય સેક્સ તરફ દોરી જાય છે. જે ઊણપો લગ્નબાહ્ય સેક્સ જીવનમાંય કાયમ રહી શકે છે.

- એકસ્ટ્રા મરાઈટલ સેક્સમાં પ્રેગનન્સી, એઈડ્સ-એચઆઈવી, વીનરલ ડિસીઝ વગેરેનું જોખમ હોવાતી, નિરોધ મહંદાશે કલ્પલ્સરી ઉપયોગીમાં લેવાનું હોવાથી, સંકડાસ-એકાંતનો અભાવ-અજાણી જગ્યાઓનો ઉપયોગ વગેરે હોવાથી તથા ગભરાટ માનસિક તાણ હોવાથી ક્યારેક સેક્સ તકલીફજન્ય બની શકે છે.

- પણ એકસ્ટ્રા મરાઈટલ સેક્સમાં આનંદ, ઉન્માદ, વેરીએશન્સ, નાવિન્ય વધુ હોવાથી વ્યક્તિના હાર્ટબીટ્સ, બ્લડપ્રેશર વધારે માત્રામાં વધે છે. જે હાર્ટએટેકવાળું માણસ માટે એડેડરીસ્ક નોતરે છે.

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**

**સવાલ : હું ૨૧ વર્ષનો કુંવારો યુવક છું. મને છેલ્લા પાંચ વર્ષથી હસ્તમૈથુનની આદત છે. અઠવાડિયામાં ચારેક વાર હસ્તમૈથુન કરું છું. આને કારણે મારું વજન એકદમ ઘટી ગયું છે અને લિંગની લંબાઈ ઓછી થઈ ગઈ છે. ઉત્તેજિત અવસ્થામાં પણ લિંગનુ ંકદ નાનું અને ત્રાંસુ લાગે છે. મારા વૃષણ પણ દબાઈ ગયા છે. શું આની અસર મારા લગ્નજીવન પર પડશે?**

જવાબ : હસ્તમૈથુનથી વજન નથી ઘટતું. એકવાર હસ્તમૈથુન કરો એમાં જેટલી કેલેરીનો વ્યાપ થાય છે એટલી તમને અડધા ગ્લાસ લીંબુના શરબતમાંથી મળી રહે છે. તમે રોજ હસ્તમૈથુન કરો તો પણ કમજોરી નહીં આવે. વજન ઊતરવાનું કારણ છે હસ્તમૈથુન વિશેના ખોટા વહેમો કે ખયાલો. ઘણી વખત માણસ હસ્તમૈથુનથી શું થશે, વજન ઊતરી જશે, હું નપુંસક થઈ જઈશ, મને ટીબી થશે એવા વિચારો કરતો હોય છે. એને કારણે તે ડિપ્રેશનમાં આવી જાય છે, તેની ઊંઘ ઊડી જાય છે, ફિલ્મ જોવાની ઈચ્છા ખતમ થઈ જાય છે, ભૂખ મરી જાય છે, મન ઉદાસ રહ્યા કરે છે અને કોઈ વાર આપઘાતનાં વિચારો પણ આવી જાય છે. આને પરિણામે વજન ઊતરી જાય છે.હસ્તમૈથુનના કારણે લિંગ નાનું થવાનો પ્રશ્ન જ નથી આવતો, કારણ કે એમાં કોઈ સ્નાયુ નથી. ૧૮-૨૦ વર્ષે એક અવસ્થાએ પહોંચ્યા પછી લિંગ નાનુ-મોટું થઈ શકતું જ નથી. જેમ મૈથુન કરવાથી ઈન્દ્રિયમાં વાંકાપણું નથી આવતું એ જ રીતે હસ્તમૈથુનના કારણે પણ શિશ્નમાં કોઈ જાતની વક્રતા નથી આવતી. થોડી ઘણી ઈન્દ્રિય તો બધાની વાંકી હોય છે. કોઈની ઈન્દ્રિય સીધી નથી હોતી. ઈન્દ્રિય થોડી ડાબે હોય કે જમણે, યોનિમાર્ગમાં જવાની તો સીધી જ. વૃષણ દબાતો નથી, તમે જે જુઓ છો એ વૃષણની કોથળી છે. વૃષણ અંદર હોય છે જેમાં મૈથુનને હિસાબે કોઈ ફેરફાર નથી થતો. વૃષણનું ઉપર-નીચે થવાનું કારણ વાતાવરણની ઠંડી કે ગરમી પર આધાર રાખે છે. તમારા લગ્નજીવન પર આની કોઈ વિપરીત અસર નહીં પડે.



**મુંઝવણ**

**પ્રશ્ન : નમસ્તે, મારી ઉંમર ૨૪ વર્ષ છે. મારાં સ્તનની સાઇઝ તો બરાબર છે, પણ તે ખૂબ ઢીલાં અને આગળથી લચી પડયાં છે. મારે શું કરવું જોઇએ?**

જવાબ : આ માટે તમને કસરત ઉપયોગી થઈ શકશે. સ્તનને ચુસ્ત બનાવવા માટેની ખાસ કસરત હોય છે. તમે જિમ ઈન્સ્ટ્રક્ટરને પૂછશો તો તે તમને શીખવશે. આ કસરત દ્વારા તમે તેને ચુસ્ત કરી શકો છો.

**પ્રશ્નઃ મેં અને મારી પત્નીએ લગ્ન પછી ત્રણ વરસ સુધી પ્રેગ્નન્સી ન રાખવાનું નક્કી કર્યું હતું. જોકે હનીમૂનના એક્સાઇટમેન્ટમાં અમે પ્રોટેક્શન રાખવાનું ભૂલી ગયાં ને તેને પ્રેગ્નન્સી રહી ગઈ. બહુ વિચાર કર્યા પછી વાઈફે બીજા જ મહિને અબોર્શન માટેની ટેબ્લેટ લઈ લીધી. એ પછી માસિક આવીને ખૂબ બધો કચરો નીકળ્યો. જોકે એ પછી બે મહિના નથી આવ્યું. પ્રેગ્નન્સી ટેસ્ટ પણ નેગેટિવ છે. આમ થવાનું કારણ શું?**

ઉત્તરઃ સામાન્ય રીતે બાળક ન થયું હોય ત્યારે ગોળી લઈને ગર્ભપાત કરી લેવાની મેથડ રિસ્કી છે. બને ત્યાં સુધી એ રીત ન અપનાવવી. ગર્ભપાત પછી માસિક નિયમિત ન થવાનાં અનેક કારણો હોઈ શકે. હોર્મોનલ ચેન્જિસથી લઈને ગર્ભાશયમાં હજી ગર્ભનો કચરો રહી ગયો હોવાના ચાન્સિસ પણ છે. જોકે એના ચોક્કસ નિદાન માટે ગાયનેકોલોજિસ્ટનો જ સંપર્ક કરો એ બહેતર છે.

**પ્રશ્નઃ હું ૩૨ વર્ષનો નોકરી કરતો પરિણીત યુવક છું. હું એ જાણવા માગું છું કે સુહાગરાતે જો કોઈ યુવતીને રક્તસ્ત્રાવ ન થાય, અસહ્ય પીડાથી તે ચીસો ન પાડે, તો શું એને ચારિત્ર્યહીન સમજવું?**

ઉત્તરઃ પ્રથમ સમાગમ વખતે સ્ત્રીઓને થોડું ઘણું કષ્ટ તો થાય છે, પરંતુ તે એટલું અસહ્ય નથી હોતું કે સ્ત્રી તને સહી ન શકે અને ચીસો પાડે. એ દરમિયાન રક્તસ્ત્રાવ થાય એય કંઈ અક્ષત કૌમાર્યની નિશાની નથી. તમે તમારા મનમાંથી ખોટી ધારણાઓ કાઢી નાખો. તમારા સંસારને સુખી બનાવવાનો પ્રયત્ન કરો. શક દામ્પત્યજીવનનાં પાયાને ડગમગાવી નાખે છે.

## ટી ૨૦ વર્લ્ડ કપ : ટીમોની સંખ્યા વધીને ૨૦ની થાય તેવા ICCના સંકેત

લંડન : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ૨૦૨૩-૩૧ની સિઝનમાં ટી૨૦ વર્લ્ડ કપમાં ટીમોની સંખ્યા ૧૬થી વધારીને ૨૦ની કરવા અંગે વિચારણા કરી રહ્યું છે. રમતને વધારે લોકપ્રિય બનાવવા માટે ટી૨૦ ફોર્મેટને સર્વશ્રોષ્ઠ ઉપાય તરીકે માનનાર આઇસીસી આ વિકલ્પ અંગે વિચાર કરી રહ્યું છે જેના કારણે ક્રિકેટની રમત ફૂટબોલ અને બાસ્કેટબોલ જેવી લોકપ્રિય રમતોની બરોબરી કરવાનો પ્રયાસ કરી શકે. એક અહેવાલના અનુસાર આ મુદ્દા અંગેની વિચારણા દુબઇ ખાતે યોજાનારી બેઠક દરમિયાન થશે.

# ઓસ્ટ્રેલિયન ઓપન : નદાલ-સેરેનાને આસાન ડ્રો



મેલબોર્ન : વિશ્વના પ્રથમ ક્રમાંકિત રફેલ નદાલ આગામી સપ્તાહે ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં બોલિવિયાના હુગો ડેલેન સામે ટકરાશે. બીજી તરફ વિમેન્સ સિંગલ્સમાં અમેરિકાની સેરેના વિલિયમ્સનો પ્રારંભિક મુકાબલો એનેસ્તાસિયા પોટાપોવા સામે થશે અને તે ૨૪મો ગ્રાન્ડસ્લેમ હાંસલ કરવાના તમામ પ્રયાસ કરશે. સ્પેનના આ સ્ટાર પોતાના સૌથી ઓછા પસંદગીના કોર્ટ ઉપર રોજર ફેડરરના વિક્રમી ૨૦ ગ્રાન્ડસ્લેમ સિંગલ્સના ટાઇટલની બરોબરી કરવાના પ્રયાસ કરશે. ૨૦૧૯નો ચેમ્પિયન સર્બિયાનો નોવાક જોકોવિચ વિક્રમી આઠમો ઓસ્ટ્રેલિયન ઓપન પોતાના નામે કરવા માટે કોર્ટ ઉપર ઉતરશે અને પ્રથમ મેચમાં જ્હોન લેનાર્ડ સ્ટ્રફ સામે રમશે. આ સર્બિયન ખેલાડી માટે ૨૦૧૯નું વર્ષ શાનદાર રહ્યું હતું અને તેણે મેલબોર્ન પાર્ક તથા વિમ્બલ્ડન સહિત પાંચ ટ્રોફી પોતાના નામે કરી હતી અને તેણે બીજા ક્રમાંક સાથે વર્ષનું સમાપન કર્યું હતું. જોકોવિચ અંતિમ-૮ ખેલાડીમાં ગ્રીસના યુવા ખેલાડી સ્ટેફાનોસ સિત્સિપાસ સામે ટકરાઈ શકે છે.

**સાતમા ઓસ્ટ્રેલિયન ઓપન જીતવાનો ટાર્ગેટ રાખનાર રોજર ફેડરર મેન્સ ડ્રોના ત્રીજા ક્વાર્ટરમાં અમેરિકાના સ્ટિવ જોનસન સામે રમી શકે છે જેણે અહીં છેલ્લે ૨૦૧૮માં ટાઇટલ જીત્યું હતું.**

**વિમેન્સ સિંગલ્સમાં સેરેના માર્ગરિટ કોર્ટના વિક્રમી ૨૪ સિંગલ્સના ગ્રાન્ડસ્લેમના રેકોર્ડને સરભર કરવાનો લક્ષ્યાંક રાખશે. તે ક્વાર્ટર ફાઇનલમાં ગયા વર્ષની ચેમ્પિયન નાઓમી ઓસાકા સામે ટકરાય તેવી સંભાવના છે.**

## પી.વી. સિંધૂ સયાકા તાકહાશી સામે હારતા ઇન્ડોનેશિયા ઓપનમાંથી બહાર

જાકાર્તા : વર્લ્ડ ચેમ્પિયન પીવી સિંધૂ પણ વિમેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં જાપાનની સયાકા તાકહાશી સામે હારી જતાં ઈન્ડોનેશિયા ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ભારતના અભિયાનનો અંત આવી ગયો હતો. સિંધૂએ એક ગેમની લીડ વેડફી નાખી હતી અને તેનો એક કલાક છ મિનિટ સુધી રમાયેલી મેચમાં ૨૧-૧૬, ૧૬-૨૧, ૧૯-૨૧થી પરાજય થયો હતો. વિશ્વની છઠ્ઠી ક્રમાંકિત સિંધૂનો આ મેચ પહેલાં ૧૪મી ક્રમાંકિત ખેલાડી સામે વિજયનો રેકોર્ડ ૪-૨નો હતો.



તાકાહાશીએ બીજા રાઉન્ડના મુકાબલામાં ભારતની અન્ય એક ખેલાડી સાઈના નેહવાલને હરાવી હતી. વર્લ્ડ ચેમ્પિયનશિપના બ્રોન્ઝ મેડાલિસ્ટ સાઈ પ્રણીથ, કિદામ્બી શ્રીકાંત અને સૌરવ વર્મા બીજા રાઉન્ડમાં જ હારીને ટૂર્નામેન્ટની બહાર થઈ ગયા હતા. આ રીતે ભારતના તમામ ખેલાડીઓનું કંગાળ ફોર્મ જારી રહ્યું હતું જે ગયા સપ્તાહે મલેશિયન માસ્ટર્સ ચેમ્પિયનશિપથી શરૂ થયું છે.

## ન્યૂઝીલેન્ડ માટે ભારતની ટી-૨૦ ટીમ જાહેર, મહેન્દ્ર ધોનીનો સમાવેશ નહીં

મુંબઈ : ન્યૂઝીલેન્ડના પ્રવાસ માટે રવિવારે મોડી રાતે ભારતની ૧૬ મેમ્બરો ધરાવતી ટી-૨૦ ટીમ જાહેર કરાઈ હતી. આ ટીમમાં મહેન્દ્ર સિંહ ધોનીનો સમાવેશ કરાયો નથી. આ ટીમનો કેપ્ટન વિરાટ કોહલી અને વાઈસ કેપ્ટન રોહિત શર્મા છે. ટીમના મેમ્બરોમાં લોકેશ રાહુલ, શિખર ધવન, શ્રોયસ ઐયર, મનિષ પાંડે, રિષભ પંત (વિકેટકીપર), શિવમ દુબે, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, વોશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, નવદીપ સૈની, રવીન્દ્ર જાડેજા અને શાર્દૂલ ઠાકુરનો સમાવેશ છે.

ન્યૂઝીલેન્ડના પ્રવાસે જનારી ભારત છ ટીમમાં ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને ફિટનેસ ટેસ્ટમાં નિષ્ફળ રહેવાથી પસંદ કરાયો નથી એવા શનિવારે આવેલા ન્યૂઝના પગલે હાર્દિક પંડ્યાના ટ્રેનર



એસ. રજનીકાંતે કહ્યું છે કે હાર્દિક પંડ્યાની ફિટનેસ ટેસ્ટ થઈ જ નથી અને તે ૧૦૦ ટકા ફિટ છે. બીસીસીઆઈ દ્વારા કોઈ પ્રકારના ફિટનેસ ટેસ્ટનું આયોજન થયું નહોતું. એટલે એ ફિટનેસ ટેસ્ટમાં ફેલ થયો છે એ શક્ય જ નથી.

## વિજય સાથે સાનિયા મિર્ઝાનું ટેનિસ કોર્ટ ઉપર પુનરાગમન થયું

હોબાર્ટ : ભારતીય સ્ટાર સાનિયા મિર્ઝાએ ડબ્લ્યૂટીએ સર્કિટ ઉપર વિજય સાથે પુનરાગમન કર્યું છે. હોબાર્ટ ઓપન ટૂર્નામેન્ટમાં યુક્રેનની નાદિયા કિચેનોક સાથે વિમેન્સ ડબલ્સમાં સાનિયાએ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. બે વર્ષ બાદ કોર્ટ ઉપર પુનરાગમન કરનાર સાનિયા અને નાદિયાએ જ્યોર્જિયાની ઓકસાના તથા જાપાનની મિયૂ કાતોની જોડીને એક કલાક ૪૧ મિનિટ સુધી રમાયેલી મેચમાં ૨-૬, ૭-૭, ૧૦-૩થી પરાજય આપ્યો હતો. હવે તેમના સામનો અમેરિકાની વાનિયા કિંગ અને ક્રિસ્ટિના મેકહાલે સામે થશે. અમેરિકન જોડીએ ચોથો ક્રમાંક ધરાવતી સ્પેનની જ્યોર્જિના ગાર્સિયા પેરેઝ અને સારા સોરીબિઝ તોરમોને ૬-૨,૭-૫થી પરાજય આપ્યો હતો.

## ભારત ૨૦૦૫ બાદ ૧૦ વિકેટે હાર્યું, ઓસ્ટ્રેલિયાએ આસાન વિજય મેળવ્યો

મુંબઈ : વાનખેડે સ્ટેડિયમ ખાતેની જે પિચ ઉપર ભારતીય બેટ્સમેનો રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા તેની ઉપર જ ઓસ્ટ્રેલિયન ઓપનર્સ ડેવિડ વોર્નર (અણનમ ૧૨૮) તથા એરોન ફિન્ચે (અણનમ ૧૧૦) દબદબાભર્યું પ્રદર્શન કરીને યજમાન ટીમને મંગળવારે રમાયેલી પ્રથમ વન-ડેમાં ૧૦ વિકેટે કારમો પરાજય આપીને શ્રોણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી હતી. ભારતીય ટીમ ૨૦૦૫ બાદ પ્રથમ વખત વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૧૦ વિકેટે હારી છે. ઓસ્ટ્રેલિયન સુકાની ફિન્ચે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી હતી. ધવન (૭૪) તથા લોકેશ રાહુલ (૪૭)ને બાદ કરતાં ભારતીય બેટ્સમેનો કાંગારુ બોલર્સનો સામનો કરી શક્યા નહોતા અને પૂરી ટીમ ૪૯.૧ ઓવરમાં ૨૫૫ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ આસાન લક્ષ્યાંકને ૩૭.૪ ઓવરમાં વિના વિકેટે હાંસલ કરી લીધો હતો. વન-ડે ઈતિહાસમાં કોઈ ટીમે ૨૫૦ કે તેથી વધુનો ટાર્ગેટ વિના વિકેટે હાંસલ કર્યો હોય તેવો આ ત્રીજો બનાવ છે. મેન ઓફ ધ મેચ વોર્નર અને ફિન્ચની ઓપનિંગ જોડીએ ભારતમાં બીજી વખત પ્રથમ વિકેટ માટે ૨૦૦ પ્લસની ભાગીદારી નોંધાવી છે. આ પહેલાં બંનેએ ૨૦૧૭માં બેંગ્લોર ખાતે ૨૩૧ રનની પાર્ટનરશિપ કરી હતી. આ ભારત સામે કોઈ પણ વિકેટ માટે હાઈએસ્ટ રનની ભાગીદારી પણ છે. ઓસ્ટ્રેલિયાના ડાબોડી ઓપનર ડેવિડ વોર્નરે વન-ડેમાં પોતાના દેશ તરફથી ફાસ્ટેસ્ટ ૫,૦૦૦ રન પૂરા કરનાર બેટ્સમેન તરીકેની સિદ્ધિ મેળવી હતી.

## રોહિત શર્મા વન-ડે ક્રિકેટર ઓફ ધ યર, કોહલી અને ચહરનું પણ સન્માન કરાયું

દુબઈ : આઈસીસીએ બુધવારે પોતાના એવોર્ડની જાહેરાત કરી હતી અને તેમાં સુકાની વિરાટ કોહલી, ઉપસુકાની રોહિત શર્મા સહિત ઘણા ભારતીય ક્રિકેટરને મહત્ત્વના એવોર્ડ મળ્યા હતા. ભારતીય ટીમના ઓપનર રોહિત શર્માને ૨૦૧૯ની સિઝનમાં કરેલા શાનદાર પ્રદર્શન માટે વન-ડે ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ મળ્યો છે. ટેસ્ટ ક્રિકેટમાં આ એવોર્ડનું સન્માન ઓસ્ટ્રેલિયાના પેટ કમિન્સને આપવામાં આવ્યું છે. રોહિત શર્માએ ઈંગ્લેન્ડ ખાતે રમાયેલી વન-ડે વર્લ્ડ કપમાં વિક્રમી પાંચ સદી વડે નવ મેચમાં ૬૪૮ રન બનાવ્યા હતા અને તેણે પૂરા વર્ષમાં ૨૮ મેચ રમીને ૧,૪૯૦ રન પોતાના નામે નોંધાવ્યા હતા.

### કોહલીને સ્પિરિટ ઓફ ધ યર એવોર્ડ

ભારતીય સુકાની વિરાટ કોહલીને ખેલભાવના દેખાડવા બદલ સ્પિરિટ ઓફ ધ યરના એવોર્ડનું સન્માન આપવામાં આવ્યું છે. આ એવોર્ડ તેને વર્લ્ડ કપની એક મેચ દરમિયાન ઓસ્ટ્રેલિયાના ખેલાડી સ્ટિવ સ્મિથ માટે તાળીઓ વગાડવા માટે પ્રેક્ષકોને વિનંતી કરવા બદલ એનાયત કરવામાં આવ્યો છે. મેચમાં જ્યારે કોહલી બેટિંગ કરી રહ્યો હતો ત્યારે સ્મિથ બાઉન્ડ્રી લાઇન પાસે ફિલ્ડિંગ ભરી રહ્યો હતો. ત્યાંના પ્રેક્ષકોએ સ્મિથ માટે હૂટિંગ કર્યું હતું. કોહલીને ઇંગ્લિશ સમર્થકોનો આ વ્યવહાર પસંદ આવ્યો નહોતો. તેણે ઇશારાથી નારાજગી વ્યક્ત કરીને પ્રેક્ષકોને સ્મિથનો ઉત્સાહ વધારવા માટે જણાવ્યું હતું. કોહલીએ પ્રેક્ષકોને કહ્યું હતું કે તેઓ સ્મિથ માટે તાળીઓ વગાડે. નોંધનીય છે કે સ્મિથ અને ડેવિડ વોર્નર ૨૦૧૮માં બોલ ટેમ્પરિંગના કારણે એક વર્ષના પ્રતિબંધનો સામનો કરવો પડ્યો હતો.

### કોને કયો એવોર્ડ મળ્યો

- અમ્પાયર ઓફ ધ યર રિચાર્ડ ઇલિંગવર્થ
- વન-ડે ક્રિકેટર ઓફ ધ યરરોહિત શર્મા
- ૨૦૧૯ સ્પિરિટ ઓફ ધ યર વિરાટ કોહલી
- ટી૨૦ પરફોર્મન્સ ઓફ ધ યર દીપક ચહર
- ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર પેટ કમિન્સ
- ઇમ. ક્રિકેટર ઓફ ધ યર માર્નસ લાબુશેન
- એસો. ક્રિકેટર ઓફ ધ યર કેચલ કોએત્ઝર
- સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફીબેન સ્ટોક્સ

### દીપક ચહરને ટી૨૦ પરફોર્મન્સ ઓફ ધ યર

ભારતીય પેસ બોલર દીપક ચહરને ટી૨૦ પરફોર્મન્સ ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો છે. દીપકે બાંગ્લાદેશ સામે ટી૨૦ મેચમાં હેટ્રિક સહિત સાત વિકેટ ઝડપી હતી. ચહર ભારત તરફથી ટી૨૦માં હેટ્રિક ઝડપનાર પ્રથમ બોલર બન્યો હતો.

## બુમરાહને પોલી ઉમરીગર અને દિલીપ સરદેસાઈ એવોર્ડથી સન્માનિત કરાશે

મુંબઈ : ભારતના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને ૨૦૧૮-૧૯માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન માટે પ્રતિષ્ઠિત પોલી ઉમરીગર એવોર્ડ આપીને સન્માનિત કરવાની જાહેરાત બીસીસીઆઈએ રવિવારે કરી હતી. બુમરાહને પોલી ઉમરીગર એવોર્ડ (બેસ્ટ ઈન્ટરનેશનલ ક્રિકેટર ઓફ ધ ઈયર, ૨૦૧૮-૧૯) ની સાથે સાથે ૨૦૧૮-૧૯માં ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધારે વિકેટ લેવા માટે દિલીપ સરદેસાઈ એવોર્ડ પણ એનાયત થયો હતો. મુંબઈમાં રવિવારે યોજાયેલા બીસીસીઆઈના વાર્ષિક પુરસ્કાર સમારોહમાં તેને આ એવોર્ડ અપાયો હતો. જસપ્રીત બુમરાહે ૧૨ ટેસ્ટ મેચમાં ૬૨ વિકેટો મેળવી છે. તેની બોલિંગ એવરેજ ૧૯.૨૪ છે. બીસીસીઆઈએ સન્માનરૂપે તેને ટ્રોફી, પ્રશસ્તિપત્ર અને ૧૫ લાખ રૂપિયા આપ્યા હતા. મહિલા ક્રિકેટમાં પોલી ઉમરીગર એવોર્ડ પૂનમ યાદવને એનાયત થયો હતો. લેગ સ્પિનર પૂનમને હાલમાં જ અર્જુન એવોર્ડથી સન્માનિત કરાઈ હતી. ૨૬ વર્ષના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ૨૦૧૮ના જાન્યુઆરી મહિનામાં દક્ષિણ આફ્રિકા સો ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું અને ત્યાર બાદ તેણે પાછું વળીને જોયું નથી. તેણે ટેસ્ટ ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડિઝમાં એક ઈનિંગમાં પાંચ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી છે અને આવું કરનારો એ પહેલો એશિયન બોલર છે. બુમરાહે જમૈકાના સબિના પાર્કમાં હેટ્રિક લઈને વેસ્ટ ઈન્ડિઝની બેટિંગ લાઈનઅપની કરોડરજ્જુ તોડી નાખી હતી. આવું કરનારો એ ત્રીજો ભારતીય બોલર છે. યોર્કરમેન તરીકે ઓળખાતા બુમરાહે ઓસ્ટ્રેલિયામાં ભારતની ૨-૧ની ઐતિહાસિક ટેસ્ટ સિરીઝમાં જીતમાં શાનદાર ભૂમિકા ભજવી હતી.



SUBHASH JOSHI LAW
PROFESSIONAL CORP.
Family Law
• Divorce
• Custody & Support Separation & Pre-Nuptial Agreements
Criminal Charge
Assault • Theft
• Domestic Violence
Immigration
• Sponsorship
• Appeals
• Refugee Cases
• Family/Business Applications etc.
Real Estate
• Purchase/Sale Residential & Commercial
Subhash Joshi
Barrister, Solicitor & Notary Public
Supriya Joshi(J.D.)
Practices In Family Law
Tel: 905-362-0111
Cell: 416-788-5804
30-1530 Drew Road, Mississauga, ON L5S 1W8 Fax: 905-362-0138
Email: sjoshilaw@gmail.com




Call us today for all your Real Estate Needs
With Honest Reliable and Courteous Service
3642 Kingston Rd
Toronto
$549,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 2
INFO : A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers
1177 Pure Spring Blvd
Pickering
$549,999
TYPE: Other
BDRM: 2 BATH: 3
INFO : Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen
25 Heron Park Pl
Toronto
$561,000
TYPE: Condo Townhouse
BDRM: 3 BATH: 3
INFO : Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry, Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School.
12 Silverwood Circ
Ajax
$599,900
TYPE: Att/Row/Twnhouse
BDRM: 3 BATH: 3
INFO : Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms
19 Rosebank Dr
Toronto
$629,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 3
INFO : Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted
192B Magnolia Ave
Toronto
$899,000
TYPE: Detached
BDRM: 3 BATH: 4
INFO : Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)
PIYUSH JARIWALA
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com
MAYUR MISTRY
Sales Representative
647.829.4965
www.mayurmistry.com
JAINIK JARIWALA
Sales Representative
416.206.6115
Residential Commercial Financing
416-289-2155
2100 Ellesmere Rd, Unit 116, Toronto, ON. M1H 3B7
Century 21 Titans Realty Inc. Brokerage
Our Listing Commission As Low As 1%*
Not Intended to Solicit those, currently under agency contract
Designed by Swadesh- Gujarati News Paper




Continental
MOTORS Inc.
LASER ALIGNMENT
Free Diagnosis with Repairing
THIS MONTH ONLY
Synthetic Oil Change $49.99 Most Cars
THIS MONTH ONLY
Oil Change $24.99 Most Cars
Computer Diagnosis
Wheel Balancing
Alternater & Starter
Steering & Suspension
Oil Changes
Brakes & Tires
Safety
Tune Up
Muffler
Licenced Mechanic On Duty
We do Body Work, Painting & Insurance Jobs
O: 647-351-7692 • C: 416-575-1277
650 Markham Road, Scarborough
(NW Corner, Markham Rd & Lawrence, Beside SHELL Gas Station)
Working Hours: Mon.-Fri. 9:00 am to 6:00 pm, Sat. 9:00 am to 4:00 pm

# WELCOME !

GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.
- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FREE LASER WHITENING

FOR APPOINTMENT PLEASE CALL

**416-321-3268**

Email: info@drsalimkapadiadental.com

Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**

1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9

Hours: Monday-Friday 9:00am-8:00pm

Saturday 9:00am-5:00pm | Sunday as per request





# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24'' * 24'' I 12'' * 24'' I 24'' * 48'' I 4'' * 8'' I 4'' * 12''

**MONTREAL**
3501-03 Rue Griffith, Saint Laurent, QC H4T 1W5
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com